અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૩, શનિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો સુદ આઠમ | અંક : ૫૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### કેનેડાએ ત્રાસવાદીની હત્યાનો ભારત પર આરોપ મૂક્યો

# પુરાવા વગર ભારત પર આરોપ મૂકવાથી કેનેડાની શાખ ખરડાઈ

## મિત્ર દેશો અને બીજા દેશોનું ધ્યાન પણ કેનેડાની પોલિસી તરફ ગયું, જેમાં કટ્ટરવાદીઓને શરણ આપવામાં આવી રહી છે

| નવી દિલ્હી, તા.૨૨ |

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ એક ત્રાસવાદીની હત્યાના કેસમાં ભારત પર આરોપો મુક્યા તેના કારણે ટ્રૂડોને જ નુકસાન થયું છે. ભારતની વિરુદ્ધ નક્કર પુરાવા ન હોવા છતાં ટ્રૂડોએ જે રીતે આરોપો મુક્યા તેના કારણે કેનેડાની શાખ ખરડાઈ છે. કેનેડા જેવા દેશમાં વિદેશી ત્રાસવાદીઓને શરણ મળે છે તેવી છાપ હવે પેદા થઈ રહી છે. કેનેડાના મિત્ર દેશો અને બીજા દેશોનું ધ્યાન પણ કેનેડાની પોલિસી તરફ ગયું છે, જેમાં કટ્ટરવાદીઓને શરણ આપવામાં આવી રહી છે. યુનાઈટેડ નેશન્સમાં વિવિધ દેશોનો ટેકો મળવા છતાં જસ્ટિન ટ્રૂડો પોતાના દાવાના સમર્થનમાં કોઈ પૂરાવા આપી શક્યા નથી. આ ઉપરાંત તેમને ઘરઆંગણે પણ રાજકારણમાં નુકસાન થયું છે અને તેમની લોકપ્રિયતાનું રેટિંગ ઘટી ગયું છે. જસ્ટિન ટ્રૂડોએ કેનેડાના રાજકારણમાં ટકી રહેવા માટે ભારત પર દોષારોપણ કરવાનો પ્રયાસ કર્યો છે જેના કારણે ઉલ્ટાના કેનેડા સામે સવાલ થવા લાગ્યા છે. દુનિયાના તમામ દેશો ત્રાસવાદ સામે લડવા માટે એક થઈ રહ્યા છે ત્યારે કેનેડા કેમ ઉગ્રવાદીઓને શરણ આપે છે તેવા સવાલ પેદા થયા છે. ભારતમાં મોદી સરકારે નેશનલ સિક્યોરિટી માટે એક સખત વલણ અપનાવ્યું છે તેની સામે વિશ્વનું ધ્યાન ગયું છે.



### ભારત સામે ઝેર ઓંકતા ટ્રૂડો ચૂંટણી થાય તો સત્તા ગુમાવે

પોતાના રાજકીય ફાયદા માટે ભારત સામે ઝેર ઓકી રહેલા કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોને આજે ચૂંટણી થાય તો હારનો સામનો કરવો પડે તેવુ એક સર્વેના તારણો કહી રહ્યા છે. એક મીડિયા રિપોર્ટ પ્રમાણે હાલમાં ટ્રૂડોની સામેના મુખ્ય વિરોધ પક્ષ કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા પિયરે પોઈલીવરને ૪૦ ટકા લોકો વડાપ્રધાન માટે શ્રેષ્ઠ વિકલ્પ માને છે જ્યારે ટ્રૂડોને વડાપ્રધાન તરીકે જોવા ઈચ્છતા લોકોની સંખ્યા ૩૧ ટકા જ છે. પિયરેને ચૂંટણીના સર્વેમાં સતત બઢત મળી રહી છે અને ગત વર્ષ કરતા તેમની લોકપ્રિયતામાં પાંચ ટકાનો વાધારો થયો છે. બીજી તરફ ટ્રૂડોને પીએમ તરીકે પસંદ કરતા લોકોની સંખ્યા ૩૧ ટકા પર વર્ષે દર વર્ષે સ્થિર જ રહી છે. જ્યારે ખાલિસ્તાની સમર્થક અને ટ્રૂડોની પાર્ટીને ટેકો આપનાર ન્યૂ ડેમોક્રેટિક પાર્ટીના નેતા જગમીત સિંહની લોકપ્રિયતામાં ચાર ટકાનો ઘટાડો થયો છે. ૨૨ ટકા લોકો તેમને પીએમ પદના શ્રેષ્ઠ દાવેદાર ગણે છે. કેનેડાની વસતીનો એક મોટો હિસ્સો માને છે કે, ઈકોનોમી, સ્વાસ્થ્ય અને આવાસ યોજનાઓ માટે પિયરે પાસે સારામાં સારી યોજનાઓ છે.

### કેનેડા અને ભારત વચ્ચે ફરી વિવાદ વધતો જાય છે

# નિજ્જરની હત્યાના આરોપોની તપાસ જરૂરી છે : જસ્ટિન ટૂડો

| ટોરેન્ટો, તા.૨૨ |

કેનેડા અને ભારત વચ્ચે ફરી એકવાર વિવાદ વધતો જઈ રહ્યો છે. બંને દેશો વચ્ચે રાજદ્વારી વિવાદ ઘેરાયો છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટૂડોએ ફરી એકવાર મોદી સરકાર પ્રત્યે કડક મિજાજ અપનાવ્યું છે. ટૂડો તરફથી ભારત સરકારને જણાવાયું છે કે હરદીપ સિંહ નિજ્જરની હત્યાને લઈને જે પણ આરોપો લગાવવામાં આવ્યા છે, તેને ગંભીરતાથી લેવાની જરૂર છે. મીડિયા સાથે વાત કરતા જસ્ટિન ટૂડોએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે જે પણ આરોપો લાગ્યા છે તેની તપાસ કરવી જરૂરી છે. જોકે આ દરમિયાન ટૂડો ભારતની સંડોવણી અંગે કોઈપણ પ્રકારના પુરાવાઓ આપવામાં નિષ્ફળ રહ્યા હતા. જેના લીધે વિવાદ વકરવાની સ્થિતિમાં છે. ભારતે કેનેડા દ્વારા મૂકવામાં આવેલા તમામ આરોપોને ફગાવી દીધા છે. ભારત સરકારે આ મામલે કહ્યું હતું કે કેનેડા તરફથી કોઈપણ પ્રકારના પુરાવાઓ આપવામાં આવ્યા નથી જે સાબિત કરે કે નિજ્જરની હત્યામાં ભારતની કે તેના કોઈ એજન્ટની સંડોવણી હતી. ઉલ્લેખનીય છે કે ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની થોડા મહિના પહેલા જ હત્યા કરવામાં આવી હતી. જસ્ટિન ટૂડોએ તે હત્યા પર મોટું નિવેદન આપ્યું હતુ અને કહ્યું હતું કે તેમાં ભારત સરકારના એજન્ટો સામેલ હોઈ શકે છે. ત્યારબાદથી બંને દેશો વચ્ચેના ડિપ્લોમેટિક સંબંધો પણ વણસ્યા હતા.

### અમેરિકા ભારત-કેનેડા વચ્ચેના વિવાદમાં સાવચેતીથી કામ લે છે

કેનેડા અને ભારત વચ્ચે ફરી એકવાર વિવાદ વધતો જઈ રહ્યો છે. નિજ્જર હત્યા કેસ મામલે બંને દેશો વચ્ચેના સંબંધો વણસ્યા છે. આ વાતના પડઘા વિશ્વના અન્ય દેશોમાં પડી રહ્યા છે. અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને બ્રિટેન જેવા દેશોએ આ અંગે ચિંતા પણ વ્યક્ત કરી છે, જ્યાં સૌથી વધુ શીખ સમુદાયના લોકો રહે છે. આ વચ્ચે ભારતની પડખે આવેલ અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેકના કહેવા મુજબ તે દિલ્હી સાથે આ મામલે સતત સંપર્કમાં છે. તેમણે આ મામલે કહ્યું કે, કોઈ પણ દેશને આવા મામલામાં વિશેષ છૂટ આપવામાં આવી નથી. અમેરિકા તેના મૂળ સિદ્ધાંત સાથે અડગ છે. ભારતની રશિયા અને ચીન સાથેની સરખામણીને પણ અમેરિકાએ એકદમ નકારી કાઢી હતી. જેક સુલિવને સરખામણી પર વાંધો ઉઠાવતા કહ્યું કે, ભારત રશિયા અને ચીન જેવું નથી. સુલિવને એક વાતચીતમાં કહ્યું કે, અમેરિકા કેનેડાના આરોપો અંગે ગંભીર છે. અમે તપાસને સમર્થન આપીએ છીએ અને માનીએ છીએ કે ગુનેગારોને સજા મળવી જોઈએ. અમૂક નિષ્ણાતો એવું પણ માની રહ્યા છે કે, ભારત અને કેનેડામાં સર્જાયેલા તણાવ અમેરિકા માટે પણ એક કસોટી સમાન છે. તેનું કારણ એ છે કે, એક તરફ તે ભારતની મદદથી એશિયામાં ચીનનો મુકાબલો કરવા માંગે છે તો બીજી તરફ રશિયા અને યુક્રેનના મુદ્દે પણ ભારતનું સમર્થન મહત્વપૂર્ણ છે. આવી સ્થિતિમાં જો તે કેનેડાના મુદ્દે ભારતની વિરૂદ્ધ થશે તો મુશ્કેલી પડશે. આ જ કારણ છે કે અમેરિકા આ મામલે સાવધાનીથી કામ કરી રહ્યું છે.

## ન્યૂઝ બ્રિફ

### સરકારનો જાતિ ગણતરી પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ : રાહુલ ગાંધી



| નવી દિલ્હી, તા.૨૨ |

નારી શક્તિ વંદન બિલ કે જે ૨૭ વર્ષથી લટકી રહ્યું હતું જેને હાલ બંને ગૃહમાંથી લીલી ઝંડી મળી ગઈ છે. આ દરમિયાન આજે રાહુલ ગાંધી દ્વારા એક પ્રેસ કોન્ફરન્સ કરવામાં આવી હતી જેમાં તેમણે મહિલા અનામત બિલ પર વાત કરી હતી. રાહુલ ગાંધીએ બિલમાં બે ખામી રહેલી છે તેવો ઉલેખ્ખ કર્યો હતો. રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે સરકાર જાતિ ગણતરી પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ કરી રહી છે. રાહુલ ગાંધીએ મહિલા અનામત બિલમાં બે ખામીઓ નીકળી હતી.

### અરૂણાચલની ૩ ખેલાડીને વિઝાના ઈનકારથી ભારત ચીન પર ભડક્યું

| નવી દિલ્હી, તા.૨૨ |

હાંગઝોઉમાં રમાઈ રહેલી એશિયન ગેમ્સ મામલે ચીને ભારત સાથે નવો વિવાદ ઉભો કર્યો છે... અરૂણાચલની ૩ મહિલા ખેલાડીઓ એશિયન ગેમ્સમાં ભાગ લેવાની હતી, જોકે તે પહેલા જ ચીને વિઝા આપવાનો ઈંકાર કરી દીધો છે. તો ભારતે પણ એશિયન ગેમ્સની ભાવના અને નિયમોનું ઉલ્લંઘન કરવાનો ચીન પર આરોપ લગાવી જડબાતોડ જવાબ આપ્યો છે... ઉપરાંત ભારતના રમત-ગમત મંત્રી અનુરાગ ઠાકુરે પણ ચીનની મુલાકાત રદ કરી દીધી છે. વિદેશ મંત્રાલયે આ મામલે વાંધો ઉઠાવી લેખીત નિવેદનમાં જણાવ્યું છે કે, ચીને અરૂણાચલના લોકો સાથે ભેદભાવ કર્યો છે.

### ચંદ્રયાન મિશન પર ચર્ચા દરમિયાન ભાજપના સાંસદનો વાણીવિલાસ

# ભાજપના સાંસદ રમેશ બિધૂડીએ બસપાના સાંસદ દાનિસ અલીને આતંકી-મુલ્લા કહ્યા

## આ મામલે લોકસભાના સ્પીકરે તેમને ચેતવણી આપી હતી અને તેમની સ્પીચને રેકોર્ડમાંથી કાઢી નાખવામાં આવી

| નવી દિલ્હી, તા.૨૨ |

લોકસભામાં ચંદ્રયાન-૩ મિશન પર ચર્ચા દરમિયાન ભાજપ સાંસદ રમેશ બિધૂડીએ બસપા સાંસદ દાનિશ અલી વિરુદ્ધ વાંધાજનક શબ્દોનો પ્રયોગ કર્યો હતો. જેની ચોતરફી ટીકા થઈ રહી છે. ચર્ચા દરમિયાન જ્યારે રમેશ બિધૂરીને ટોકવામાં આવ્યા ત્યારે તેમણે દાનિશ અલીને ઉગ્રવાદી, આતંકવાદી, મુલ્લા સહિત અનેક અપશબ્દો પણ કહ્યા હતા. આ મામલે લોકસભાના સ્પીકરે તેમને ચેતવણી આપી હતી અને તેમની સ્પીચને રેકોર્ડમાંથી કાઢી નાખવામાં આવી હતી. વિપક્ષે આ મામલે સજ્જડ વિરોધ કર્યો હતો અને બિધૂડી તથા ભાજપ સામે જોરદાર પ્રહાર કર્યા હતા.



આ મામલે સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે લોકસભામાં જ ખેદ વ્યક્ત કર્યો હતો અને તેમણે માફી માગી હતી. તેમણે કહ્યું કે મેં આ ટિપ્પણીઓ સાંભળી નથી અને સભાપતિને આગ્રહ કર્યો છે કે આ ટિપ્પણીઓથી જો વિપક્ષના સભ્યોને ઠેસ પહોંચી હોય તો તેને કાર્યવાહીમાંથી હટાવી દેવામાં આવે. ભાજપ સાંસદ રમેશ બિધૂડી સંસદના વિશેષ સત્રના ચોથા દિવસે એટલે કે ગુરુવારે લોકસભામાં ચંદ્રયાન-૩ની સફળતા અંગે બોલી રહ્યા હતા અને તેનો શ્રેય પીએમ મોદીને આપવા પર ભાર મૂકી રહ્યા હતા. જોકે આ દરમિયાન બસપાના સાંસદ દાનિશ અલીએ જ્યારે તેમને ટોક્યા તો બિધૂડી ભડકી ઊઠ્યા અને તેમણે દાનિશ અલી માટે વાંધાજનક શબ્દોનો પ્રયોગ ગૃહમાં જ કરી નાખ્યો હતો. તેઓએ દાનિશ અલી માટે ઉગ્રવાદી, આતંકવાદી, મુલ્લા વગેરે જેવા અત્યંત ઉશ્કેરણીજનક મુસ્લિમવિરોધી શબ્દોનો પણ પ્રયોગ કર્યો હતો. રમેશ બિધૂડીના નિવેદન પર કોંગ્રેસ સાંસદ જયરામ રમેશે કહ્યું કે બિધૂડીએ દાનિશ અલીને જે કહ્યું છે તે અત્યંત ટીકાને પાત્ર શબ્દો હતા.

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે આ મામલે માફી માગી છે જે અપર્યાપ્ત છે. આવી ભાષાનો ઉપયોગ ગૃહની અંદર કે બહાર પણ ન થવો જોઈએ. વડાપ્રધાન મોદી કહે છે કે નવા સંસદ ભવનની શરૂઆત નારી શક્તિથી થઈ છે પણ તેની શરૂઆત તો રમેશ બિધૂડીથી થઈ છે... આ રમેશ બિધૂડી નથી પણ ભાજપની વિચારધારા છે.

# મહિલા સાંસદોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો માન્યો આભાર

| નવી દિલ્હી, તા.૨૨ |

મહિલા આરક્ષણ બિલ પાસ થયા બાદ વડાપ્રધાન મોદીએ મહિલા સાંસદો સાથે ફોટો પડાવ્યો હતો. આ દરમિયાન સાંસદોએ બિલ પાસ થવા પર ઉજવણી કરી હતી અને મીઠાઈઓ વહેંચી હતી. ઘણી મહિલા સભ્યોએ બિલ પાસ કરાવવામાં પીએમ મોદીના નિર્ણાયક નેતૃત્વ માટે તેમની પ્રશંસા કરી હતી. વડાપ્રધાન મોદીએ કહ્યું કે એ જોઈને આનંદ થાય છે કે પરિવર્તનના પ્રણેતાઓ એ જ કાયદાની ઉજવણી કરવા માટે એકસાથે આવી રહ્યા છે જેને તેમણે સમર્થન આપ્યું છે.નારી શક્તિ વંદન અધિનિયમ પસાર થવાથી, ભારત આપણી નારી શક્તિ સાથે ઉજ્જવળ, વધુ સમાવિષ્ટ ભાવિની ટોચ પર ઊભું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં વડાપ્રધાન મોદીએ સંસદમાં આ બિલ પાસ થવાને દેશની લોકતાંત્રિક યાત્રામાં એક ઐતિહાસિક ક્ષણ ગણાવી હતી. તેમણે કહ્યું કે અમે ભારતની મહિલાઓ માટે મજબૂત પ્રતિનિધિત્વ અને સશક્તિકરણના યુગની શરૂઆત કરી રહ્યા છીએ.

ખુબ ખુબ અભિનંદન



યુવરાજસિંહ જે. સોલંકી
ગામ - ગોઠીબડા, સંતરામપુર પત્રકાર
(ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત) દૈનિક સમાચાર પત્ર
સંતરામપુરના ગોઠીબડા ગામ ખાતે પત્રકાર તરીકેની વરણી બદલ આપને ખુબ ખુબ અભિનંદન..
શુભેચ્છક
સમગ્ર ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત પરિવાર

ખુબ ખુબ અભિનંદન



ધેર્યવીરસિંહ જે. રાઠોડ
વડોદરા - પત્રકાર
(ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત) દૈનિક સમાચાર પત્ર
વડોદરા ખાતે પત્રકાર તરીકેની વરણી બદલ આપને ખુબ ખુબ અભિનંદન..
શુભેચ્છક
સમગ્ર ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત પરિવાર

## પત્રકાર સંમેલન સમારોહ

"ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દ્વારા તારીખ ૨૪/૦૯/૨૦૨૩ રવિવારનાં રોજ મહિસાગર જિલ્લાનાં સંતરામપુર ખાતે આવેલ નગરપાલિકા હોલમાં પત્રકાર સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં મહિસાગર જિલ્લાનાં પત્રકારોને સંમાનિત કરવામાં આવશે.

### અતિથી વિશેષ

ડો. કુબેરભાઈ મનુસખભાઈ ડીંડોર કેબીનેટ મંત્રી, પ્રાથમિક માધ્યમિક પ્રૌઢ શિક્ષણ, ગુજરાત સરકાર

સુરેશ આર. પટેલ એડીટર - ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત (દૈનિક સમાચાર પત્ર)

### મુખ્ય મહેમાન

શ્રી ભાવિન પંડ્યા
કલેક્ટર મહિસાગર

શ્રી જયદિપસિંહ ડી. જાડેજા
એસ.પી. મહિસાગર

શ્રી દશરથ બારીયા
બીજેપી પાર્ટી પ્રમુખ મહિસાગર

શ્રી બાબુભાઈ કે. પટેલ
જિલ્લા પંચાયત પ્રમુખ મહિસાગર

શ્રી બી.ઝેડ. પટેલીયા
બીજેપી પાર્ટી પ્રમુખ સંતરામપુર

શ્રી ધવલ સંગાડા
મામલદાર સંતરામપુર

શ્રી હરીષભાઈ વળવઈ
તા. પં. પ્રમુખ સંતરામપુર

શ્રીમતી મંગુબેન ભરતભાઈ માલીવાડ
તા. પં. પ્રમુખ કડાણા

શ્રી દિપસિંહભાઈ હઠીલા,
ચીફ ઓફિસર સંતરામપુર

**પત્રકાર**

સંતોષ જી. જોષી
પી.એન. પટેલ
અમીતકુમાર આર. ધોબી
ઓમકારસિંહ પી. ચૌહાણ
ભરતકુમાર એ. પંડ્યા
યુવરાજસિંહ જે. સોલંકી




સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743

## ન્યુઝ બોક્ષ

### ૯ સીટર વિમાનનું ટાયર ફાટ્યું, મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા

। સુરત, તા.૨૨ ।

સુરત એરપોર્ટ પર ૯ સીટર વિમાનના લેન્ડિંગ સમયે મોટી દુર્ઘટના બની હતી. લેન્ડિંગ સમયે વિમાનનું ટાયર ફાટ્યું હતું. વેન્ચ્યુરા કંપનીના વિમાનનું ટાયર ફાટતા રનવે બંધ કરાયો હતો. દુર્ઘટના સમયે વિમાનમાં ૬ યાત્રીઓ સવાર હતા. આ દુર્ઘટના બાદ એરક્રાફ્ટને સુરક્ષિત રીતે લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. ફાયર બ્રિગેડની ટીમે મુસાફરોને સલામત એરક્રાફ્ટમાંથી ઉતાર્યા હતા. આ ઘટનાને પગલે ૨ કલાક સુધી સુરત રનવે બંધ રાખવો પડ્યો હતો. રનવે બંધ રહેતા એક વિમાન અમદાવાદ ડાઈવર્ટ કરાયુ હતું. તો બીજા વિમાનને આકાશમાં ૫ ચક્કર મારી લેન્ડ થવુ પડ્યુ હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, રાતે ૯ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. અમદાવાદથી રાતે ૮ વાગ્યે વેન્ચુરાનું ૯ સીટર પ્લેન ટેકઓફ થયુ હતું, જેમાં ૬ મુસાફરો સવાર હતા. આ પ્લેન ૯ વાગ્યાની આસપાસ સુરત એરપોર્ટ પર લેન્ડ કરી રહ્યુ હતું, ત્યારે અચાનક જ ટાયર ફાટી ગયું હતું. ટાયર ફાટવા છતા કેપ્ટને પ્લેનને સુરક્ષિત રીતે લેન્ડ કરાવ્યુ હતું. આ ઘટનાથી પ્લેનમાં સવાર તમામ મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા હતા.

### ભારત-કેનેડા તણાવ વચ્ચે ગુજરાતના સેંકડો વિદ્યાર્થીઓ ફસાયા મૂંઝવણમાં

। અમદાવાદ,તા.૨૨ ।

ભારત અને કેનેડા વચ્ચે વધતા તણાવથી ઘણા ગુજરાતી વિદ્યાર્થીઓ પણ ચિંતિત છે જેઓ ટૂંક સમયમાં કેનેડા જવાની તૈયારી કરી રહ્યા હતા. દર વર્ષે ગુજરાતમાંથી હજારો વિદ્યાર્થીઓ હાયર સ્ટડીઝ માટે કેનેડાની યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવે છે. આ વખતે પણ તેણે કેનેડાની સંસ્થાઓમાં એડમિશનની પ્રક્રિયા શરૂ કરી દીધી હતી, પરંતુ કેનેડા અને ભારત વચ્ચેના સંબંધો અચાનક બગડવાના કારણે તે મૂંઝવણમાં છે કે કેનેડા જવું કે નહીં. અમદાવાદી વિદ્યાર્થીનીએ આ વખતે કેનેડામાં આઈટી કોર્સ કરવાનું આયોજન કર્યું હતું. તેને ડિસેમ્બર-જાન્યુઆરીમાં ટોરોન્ટોની એક કોલેજમાં એડમિશન લેવાનું હતું, પરંતુ હવે તેણે આ એડમિશન આવતા વર્ષ સુધી મુલતવી રાખ્યું છે. તે કહે છે કે કોલેજની ફી ભરવાની અંતિમ તારીખ નજીક આવી રહી છે, પરંતુ મેં આ વખતે પ્રવેશ ન લેવાનો નિર્ણય કર્યો છે. અમે તાજેતરમાં યુક્રેન પર રશિયાના આક્રમણ દરમિયાન ભારતીય તબીબી વિદ્યાર્થીઓની દુર્દશા જોઈ છે. એટલા માટે હું જોખમ લેવા માંગતો નથી. હું છ મહિના રાહ જોવા તૈયાર છું. ગુજરાતમાંથી દર વર્ષે ૧૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ હાયર સ્ટડીઝ માટે કેનેડા જાય છે.

### પદયાત્રીઓ માટે કરાઈ મફત રીક્ષાની વ્યવસ્થા

# યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાની તડામાર તૈયારી

### યાત્રાધામ અંબાજીના ભાદરવીના મહા મેળામાં ૪૦ લાખથી વધારે શ્રદ્ધાળુઓ આવવાની શક્યતા છે

। બનાસકાંઠા, તા.૨૨ ।

યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાની તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. આ વખતે ભાવિક ભક્તો શાંતિથી માતાજીના દર્શન કરી શકે તે માટે અંબાજી મંદિર ટ્રસ્ટ અને જિલ્લા વહીવટી તંત્રે તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દીધો છે. આ વખતે માતાજીના મેળામાં ૪૦ લાખ શ્રદ્ધાળુઓ દર્શન કરે તેવી શક્યતા છે. ત્યારે તમામ ભક્તો માટે અંબાજીમાં લાઈટ, દૂધ-પાણી, ભોજન, આવાસ, આરોગ્ય સહિતની તમામ સેવાઓ વહીવટી તંત્રે તૈયારી કરી લીધી છે. તો ભક્તો માટે પાર્કિંગ વ્યવસ્થા, દર્શન માટે લાઈન, મેળાનું જીવંત પ્રસારણ, ગબ્બર પર વિશેષ લાઈટની સુવિધા અને ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. માતાજીના ધામમાં શ્રદ્ધાળુઓને કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે માટે તમામ તકેદારી રાખવામાં આવી છે. ભક્તો માટે વીમા કવચ પણ લેવામાં આવ્યું છે. અંબાજીમાં પદયાત્રીઓ માટે ફ્રીમાં રિક્ષાની વ્યવસ્થા કરવામાં આવી છે. તો નાના બાળકોને આઈકાર્ડ આપવામાં આવશે. ભાદરવી પૂનમના મેળામાં સુરક્ષાને ધ્યાનમાં રાખીને ૬૫૦૦ જેટલાં પોલીસ કર્મચારીઓ તહેનાત કરવામાં આવશે.

#### અંબાજીમાં આવતા પદયાત્રીઓને મફત રીક્ષાની પણ વ્યવસ્થા કરાઈ છે



**જેમાં એસપી સહિત ૨૦ ડીવાયએસપી, ૫૪ પીએસઆઈ, ૧૫૦ પીએસઆઈ, ૨૫૦૦ હોમગાર્ડના જવાનો અને ૭૦૦ જીઆરડીના જવાનોનો સમાવેશ થાય છે. બનાસકાંઠાના કલેક્ટર વરુણ બરનવાલે જણાવ્યું કે, વિશ્વ પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીમાં ભાદરવી પૂનમનું આગવું મહત્વ છે ગુજરાત જ નહીં પરંતુ દેશભરમા ભરાતા મોટા મેળાઓમાં અંબાજી ભાદરવીના મહમેળાની ગણના થાય છે અને આ મેળામાં લાખો યાત્રીકો અને શ્રદ્ધાળુ માં અંબાના દર્શન કરી ધન્યતા અનુભવે છે એમાં પગપાળા યાત્રીકો અને સંઘો વધુ પ્રમાણમાં આવતા હોય છે અને અંબાજીના આવતા બધા રસ્તા પર માનવ મહેરામણ ઉમટે છે અંબાજી વિસ્તારની અરવલ્લીની ગિરિમાળાઓમાં બોલ મારી અંબે જય અંબેના નાદથી ગુંજી ઊઠે છે અને લાખો આવનાર શ્રદ્ધાળુઓને લઈને અંબાજી મંદિર વહીવટી તંત્રએ પદયાત્રીઓની અને દર્શનાર્થીઓની સેવા માટે તૈયારીઓને આખરીઓ આપી દીધો છે. મેળામાં જતા રસ્તા પર સેવાભાવી સંસ્થાઓ દ્વારા સેવા કેમ્પ અને સહાયતા કેન્દ્ર શરૂ કરાય છે.**

### એડવાન્સ બુકીંગ શરૂ કરવામાં આવ્યું

## દિવાળી પર એસટી વિભાગ સુરતથી ૨૫૦૦થી વધુ એક્સ્ટ્રા બસો દોડાવશે

### બુકિંગ ઓનલાઈન તેમજ ઓફલાઈન થઈ શકશે તેના માટે અલગ અલગ સેન્ટર પર વ્યવસ્થા કરવામાં આવી



। સુરત, તા.૨૨ ।

સુરતમાં દિવાળીના તહેવાર નીમિતે એસટી વિભાગ ૨૫૦૦થી વધુ એક્સ્ટ્રા બસો દોડાવશે. દિવાળી વેકેશનને લઈને ૨૧, સપ્ટેમ્બરથી જ એડવાન્સ બુકીંગની શરૂઆત કરવામાં આવી હતી. સુરતમાં સમગ્ર દેશના લોકો વસે છે અને દિવાળી સમયે પોત પોતાના વતન જતા હોય છે ત્યારે તેમને હાલાકી ન પડે તે માટે એસટી વિભાગે આ નિર્ણય કર્યો હતો. નોંધનીય છે કે સુરતથી જ દર વર્ષની જેમ સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત માટે ખાસ બસો ઉપડશે. આ એક્સ્ટ્રા બસ ૭ નવેમ્બરથી ૧૧ નવેમ્બર સુધી દોડાવવામાં આવશે. બુકિંગ ઓનલાઈન તેમજ ઓફલાઈન થઈ શકશે તેના માટે અલગ અલગ સેન્ટર પર વ્યવસ્થા કરવામાં આવી છે. એક્સ્ટ્રા બસ માટે ત્રણ પ્રકારે બુકીંગ કરી શકાશે એક્સ્ટ્રા બસ માટે ઓનલાઈન બુકીંગ કરી શકાશે. કરન્ટ બુકીંગ એટલે મુસાફર આવે અને જેમાં જગ્યા હોય તેમાં સીટ ફાળવવામાં આવશે. ગ્રુપ બુકીંગ એટલે કે જો ૫૦થી વધુ મુસાફરો હોય તો રહેણાક વિસ્તારથી ખાસ બસની સુવિધા આપવામાં આવશે. દિવાળીની વિશેષ બસ માટે બુકીંગના સ્થળની વાત કરીએ તો સૌરાષ્ટ્રના મુસાફરો માટે કરન્ટ અને એડવાન્સ બુકીંગ ધારુકા કોલેજ કમ્પાઉન્ડ વરાછા રોડ, રામ ચોક મોટા વરાછા, જીસ્ઝ પ્લોટ પરથી કરી શકાશે. તે સિવાય પંચમહાલ,દાહોદ, ઝાલોદના મુસાફરો માટે રામનગર રાંદેર રોડ, સુરત ઝમ્જીની સામે જિલ્લા પંચાયત મેદાન પરથી બુકીંગની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉપરાંત અમદાવાદ, ઉત્તર ગુજરાતના મુસાફરો માટે સુરત ઝમ્જી સ્ટેશન ઉપરથી બુકીંગ વ્યવસ્થા કરવામાં આવી છે. સુરત એસટી વિભાગ દ્વારા ગ્રુપ બુકીંગ અને એડવાન્સ બુકીંગ ઓનલાઈન સુરત સેન્ટ્રલ બસ સ્ટેશન ઉપરથી કરવામાં આવશે. ઉપરાંત નિગમની વેબ સાઈટ ઉપરથી પણ મુસાફરો ઓનલાઈન બુકીંગ કરાવી શકશે. એસટી નિયામક પી,વી ગુર્જરે જણાવ્યું હતું કે એક્સ્ટ્રા બસોનું ત્રણ પ્રકારે મુસાફરો લાભ લઈ શકશે, જેમાં કરન્ટ બુકીંગ એટલે કે મુસાફર ત્યાં આવશે અને જે એક્સ્ટ્રા બસ હશે તેના થકી તે મુસાફરી કરી શકશે, બીજું ઓનલાઈન બુકીંગ છે.

## વાડજમાં ઢોર પકડવા આવેલી ટીમ સાથેની માથાકૂટમાં માલધારી વૃદ્ધનું હાર્ટ એટેકથી મોત

। અમદાવાદ, તા.૨૨ ।



શહેરમાં ઢોર પકડવા આવેલી ટીમ સાથે માલધારીઓની માથાકૂટ થઈ હતી. જેમાં માલધારી સમાજના એક વૃદ્ધ વ્યક્તિને હાર્ટ એટેક આવતાં મોત થયું છે. હાલમાં મૃતક વૃદ્ધનો મૃતદેહ લઈને તેમનો પરિવાર AMCની પશ્ચિમ ઝોન કચેરીએ પહોંચ્યો છે. તેમની સાથે માલધારી સમાજના લોકો મોટી સંખ્યામાં ભેગા થયા છે. મામલો વધારે બીચકે નહીં તે માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ પહોંચી ગયાં છે. માલધારી સમાજના આગેવાનોએ જવાબદાર અધિકારીઓ સામે પોલીસ ફરિયાદ કરવાની માંગ કરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે રખડતા ઢોરની કાર્યવાહીને લઈને ઢોર અંકુશ ટીમ દ્વારા માલધારી સોસાયટી નવા વાડજમાં જઈ ઢોર પકડવાની કામગીરી દરમિયાન ઘર્ષણ દરમિયાન ૬૫ વર્ષના વૃદ્ધ ઝામા ભાઈ રબારીનું હૃદય રોગના હુમલાથી મોત નિપજ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત પ્રત્યક્ષ દર્શીઓ દ્વારા એવો આક્ષેપ કરાયો છે કે સમગ્ર ઘટનામાં ઘર્ષણ દરમિયાન વૃદ્ધ વ્યક્તિને લાકડી દ્વારા માર મારતા હૃદય રોગનો હુમલો આવતા મોત નીપજ્યું છે. આ ઘટનાને લઈને માલધારી સમાજમાં આક્રોશ ફેલાયો છે. AMCની પશ્ચિમ ઝોન કચેરીએ પહોંચેલા માલધારીઓએ ન્યાય નહી મળે ત્યાં સુધી સ્થળ નહીં છોડવાની ચીમકી ઉચ્ચારી છે.

તે ઉપરાંત ઢોર પાર્ટીમાં સામેલ જવાબદાર અધિકારીઓ પર પોલીસ ફરિયાદ કરવાની પણ માંગ કરાઈ છે. આ ઘટનાને લઈને AMCની પશ્ચિમ ઝોન કચેરીએ માલધારી મહા પંચાયતના આગેવાન નાગજીભાઈ દેસાઈ વિરમભાઈ દેસાઈ સહિતના આગેવાનો હાજર થઈ ગયાં છે. તે ઉપરાંત DCP લવિના સિંહા, DCP બળદેવ દેસાઈ સહિતના પોલીસ અધિકારીઓ પણ પશ્ચિમ ઝોન કચેરીએ હાજર થઈ ગયાં છે.

## AMCના ડેપ્યુટી કમિશનરની આણંદ કલેક્ટર તરીકે નિમણૂંક

। અમદાવાદ, તા.૨૨ ।

કેન્દ્રમાં મોદી સરકાર બન્યા બાદ ગુજરાત કેડરના આઈ.એ.એસ અને આઈપીએસ અધિકારીઓને દિલ્હી લઈ જવાનો સીધો રસ્તો યથાવત્ રહ્યો છે. અગાઉ ગુજરાત કેડરના મોદી સરકારના ખાસ ગણાતા સંખ્યાબંધ આઈએએસ અધિકારીઓ હાલ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે. ત્યારે હવે વધુ અધિકારીઓને પણ દિલ્હી જવાનો મોકો મળ્યો છે. ગુજરાતમાંથી વધુ એક આઈએએસ અધિકારી ડેપ્યુટેશન ઉપર દિલ્હી મોકલાયા છે. IAS અધિકારી મનીષ ભારદ્વાજને દિલ્લી ડેપ્યુટેશન પર મોકલાયા છે. IAS અધિકારી મનીષ ભારદ્વાજ દિલ્લી ડેપ્યુટેશન પર જશે, ત્યારે મનીષ ભારદ્વાજના વિભાગો અન્ય અધિકારીઓને સોંપાયા છે. IAS સીવી સોમને નર્મદા અને કલ્પસરનો ચાર્જ સોંપાયો છે. જ્યારે અનુપમ આનંદને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટનો ચાર્જ સોંપાયો છે. AMCના ડેપ્યુટી કમિશનરની આણંદ કલેકટર તરીકે નિમણૂંક કરાઈ છે. પ્રવિણ ચૌધરીની આણંદ કલેકટર તરીકે નિમણૂંક કરી છે.

## નાનકડી સિગરેટ માટે મિત્રએ મિત્રની કરી નાંખી ક્રુર હત્યા

### નશામાં ધૂત આરોપીએ પોતાના જ મિત્ર પર દંડા વડે જીવલેણ હુમલો કરી મોતને ઘાટ ઉતારી ફરાર થઇ ગયો

। સુરત, તા.૨૨ ।

શહેરના પાંડેસરા વિસ્તારમાં આવેલા મનપા સંચાલિત ગાર્ડનમાં યુવકની કરપીણ હત્યા કેસ મામલે પોલીસે સીસીટીવી ફૂટેજ અને હ્યુમન સોર્સિસના આધારે ગુનાનો ભેદ ઉકેલી કાઢી આરોપી મિત્રની ધરપકડ કરી છે. મૃતક અને આરોપી બંને એકસાથે લુમ્સ ખાતામાં કામ કરતા હતા.જે ત્રણ દિવસ રાત્રિના સમયે ભેસ્તાન ખાતે આવેલા ગાર્ડનમાં બંને જોડે બેઠા હતા. જ્યાં દુકાનેથી સિગારેટ લઈ આવવા બાબતે બંને વચ્ચે માથાકૂટ થઈ હતી. જ્યાં નશામાં ધૂત આરોપીએ પોતાના જ મિત્ર પર દંડા વડે જીવલેણ હુમલો કરી મોતને ઘાટ ઉતારી ફરાર થઈ ગયો હોવાની હકીકત પોલીસ તપાસમાં સામે આવી હતી. સુરત શહેરમાં હત્યા, લૂંટ, ચોરી જેવી ઘટનાઓનો ગ્રાફ દિન-પ્રતિદિન વધતો જઈ રહ્યો છે. ડાયમંડ સિટી તરીકે જાણીતા શહેરમાં હત્યા જેવા બનાવો શહેરની સ્વચ્છ છબીને ખરડાવી રહ્યા છે. જોકે, બનતા ગુનાઓ સામે ડિટેકશનનો ગ્રાફ પણ તેટલો જ ઊંચો રહ્યો છે. આવી જ એક ઘટનામાં સુરતની પાંડેસરા પોલીસને ગુનાનો ભેદ ઉકેલી કાઢવામાં સફળતા મળી છે. પાંડેસરા પોલીસ મથકના સૂત્રો પાસેથી મળતી જાણકારી અનુસાર, સુરતના ભેસ્તાન વિસ્તારમાં આવેલા મનપા સંચાલિત મદનલાલ ધીંગરા ગાર્ડનમાંથી ૧૮મી સપ્ટેમ્બરના રોજ રાત્રિના સમય દરમિયાન બેભાન લોહીથી લથપથ હાલતમાં એક યુવક મળી આવ્યો હતો. જે ઘટનાની જાણ થતાં સ્થળ પર પોંહચેલી પાંડેસરા પોલીસે તાત્કાલિક યુવકને સારવાર અર્થે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખસેડયો હતો. માથાના ભાગે દંડા વડે ઉપરાછાપરી માર મારવાના કારણે ગંભીર ઈજાઓ થતાં ફરજ પરના હાજર તબીબોએ યુવકને મૃત જાહેર કર્યો હતો. જે બાદ પાંડેસરા પોલીસ દ્વારા અજાણ્યા શખ્સો વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસની તપાસમાં મૃતક કલ્લુ જગરૂપ ઉર્ફે નૈના નિશાદ ભેસ્તાન વિસ્તારમાં આવેલ લુમ્સ ખાતામાં કામ કરતો હોવાની હકીકત પરિવારજનો તરફથી જાણવા મળી હતી.

## વિશેષ લેખ

### "ડેન્ગ્યુ"ને અટકાવવા માટે ડેન્ગ્યુ વેક્સિન બનાવવાના પ્રયાસો

# આ રોગના વાઈરસને મારવા માટે હજુ કોઈ એન્ટિબાયોટિક કે એન્ટિવાઈરસ દવાઓ ઉપલબ્ધ નથી



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ

કોરોના પહેલા વિશ્વભરમા ડેન્ગ્યુનું નામ સાંભળતા લોકો ફફડી ઉઠતા. જોકે ડેન્ગ્યુ આજે પણ લોકો માટે ગંભીર બીમારી તરીકે લોકો ઓળખે છે. આ જીવલેણ રોગને કારણે દર વર્ષે લાખો લોકો મૃત્યુ પામે છે. આપણા દેશમાં પણ દર વર્ષે મોટી સંખ્યામાં લોકો આ રોગનો શિકાર બને છે, તેથી જ લોકોને ડેન્ગ્યુ રોગ વિશે જાગૃત કરવા દર વર્ષે નેશનલ ડેન્ગ્યુ ડેની ઉજવણી કરવામાં આવે છે. ડેન્ગ્યુનો રોગ એડીસ મચ્છરના કરડવાથી થાય છે અને આમાં દર્દીના શરીરમાં પ્લેટલેટ્સ ઝડપથી ઘટવા લાગે છે. જો પ્લેટલેટ્સ ખૂબ જ ઓછા થઈ જાય, તો તે દર્દીના મૃત્યુ તરફ દોરી જાય છે.

ચોમાસાની શરૂઆત બાદ ડેન્ગ્યુના કેસો દેખાવા લાગે છે. વાસ્તવમાં ડેન્ગ્યુ મચ્છર ચોખ્ખા પાણીમાં જ થાય છે, આવી સ્થિતિમાં બેદરકારીના કારણે ડેન્ગ્યુ ફેલાવાની શક્યતા વધી જાય છે. ડેન્ગ્યુફિવરના વાઈરસને પ્રસરાવવાના માધ્યમ તરીકે જ ઓળખાય છે તેને વૈજ્ઞાનિક ભાષામાં "એડીસ-ઈજીપ્તિ કહે છે.પ્રથમ આ વાઈરસ મચ્છરમાં વૃદ્ધિ પામે છે. આ મછરની લાળમાં આ વાઈરસ હોય છે. જ્યારે આ મચ્છર માનવીને કરડે છે ત્યારે મચ્છરની લાળ દ્વારા આ વાઈરસ શરીરમાં પ્રવેશે છે. શરીરમાં પ્રવેશ્યા બાદ જે તે વ્યક્તિમાં વ્યક્તિની પ્રતિકારક શક્તિ મુજબ સાતથી દસ દિવસમાં જુદાં જુદાં લક્ષણો-ચિહ્નો દેખાવાની શરૂઆત થાય છે. તેમાં મુખ્યત્વેતાવ, બેચેની, આંખમાં સોજો, અનિદ્રા, થાક, સ્નાયુમાં, માથામાં, કમરમાં, સાંધામાં તેમજ શરીરના અન્ય ભાગોમાં દુઃખાવો થાય છે. ચામડી પર ક્યારેક લાલ રંગની નાની ફોલ્લીઓ થાય છે. આ રોગ સામાન્ય રીતે બાળકોમાં વધુ જોવા મળ્યો છે. જે બાળકઆ રોગમાં સપડાઈ જાય તો ૪૮ કલાકમાં જ તેનું મૃત્યુ નીપજે છે. સામાન્ય મચ્છર કરતાં આ ડેન્ગ્યુ "એડીસ ઈજિપ્તી મચ્છર કદમાં મોટું અને કાળા રંગનું હોય છે. વળી આ મચ્છર રાતને બદલે દિવસે મનુષ્યને કરડે છે !

આ રોગના બે પ્રકાર છે. ૧.) સાદા ડેન્ગ્યુ અને ૨.) ઝેરી ડેન્ગ્યુ સાદા.ડેન્ગ્યુથી મેલેરિયા, ટાઈફોઈડ જેવી બીમારી થાય પરંતુ આ તાવેજો ઝેરી તાવમાં ફેરવાઈ જાય તો તેની ભયંકરતા ઓર વધી જાય છે.

જ્યારે ઝેરી ડેન્ગ્યુ ઓછી રોગપ્રતિકારક શક્તિવાળા બાળકોને જલદી લાગુ પડી જાય છે. એને "હેમરેજીક ડેન્ગ્યુ પણ કહે છે. આ રોગમાંલોહીમાં રહેલા શ્વેતકણો અને લસીકાકણોની સંખ્યા ઘટી જાય છે. એડીસ ઈજિપ્તી મચ્છર કરડ્યા પછી પાંચથી આઠ દિવસ બાદ ડેન્ગ્યુ તાવનાંલક્ષણો નજરે પડે છે. આ રોગ બાળકો ઉપરાંત દરેક ઉંમરનાં સ્ત્રી-પુરુષોને પણ લાગુપડી શકે છે. પરંતુ સામાન્ય જનતા સામાન્ય તાવ અને ડેન્ગ્યુ તાવનોફરક સમજી શકતી નથી. સામાન્ય ડેન્ગ્યુ બે કે ત્રણ દિવસમાં મટી જ જાય છે. પરંતુ બે કે ત્રણ દિવસ પછી ફરી પાછાં આવાં જ




લક્ષણોજણાવા માંડે છે. ડેન્ગ્યુ તો બે-ત્રણ દિવસના અંતરે ફરીથી આવે છે. આ રોગનું રકતમાંના આ વિષાણુનું નિદાન કરાવવાથી અને લોહીની વિશિષ્ટ તપાસ દ્વારા થઈ શકે છે.પરંતુ જો મળ-મૂત્ર દ્વારા લોહી નીકળવા માંડે તો એને હેમરેજીકડેન્ગ્યુ કહેવામાં આવે છે. આ તાવમાં પેટમાં સતત બહુ દર્દ થાય છે. શરીરની ચામડી પીળી અને ઠંડી પડી જાય છે. નાકમાં અને પેઢામાંથી લોહી વહે છે. ગળું સુકાઈ જવાથી ઉપરાઉપરી તરસ લાગે છે. આ રોગમાં સપડાવાથી દરદી એક-બે દિવસમાં સાજો તો થઈ જાય છેપરંતુ એ પછી અચાનક પેટનો ભાગ ગરમ અને હાથપગ ઠંડા પડવા લાગી જાય છે. નાડી પકડી શકાતી નથી. લોહીનું દબાણ અચાનકઘટવા લાગે છે ત્યારે આવા સંજોગોમાં લોહીમાં રહેલ રોગપ્રતિકારક શક્તિ ઓછી થઈ જાય, પરિણામે હોજરીમાંથી કે અન્યથી રક્તસ્રાવ થાય અને ૪૮ કલાકમાં જ મોત થાય. જે ડેન્ગ્યુ તાવમાં રક્તસ્રાવ વધારે થતો હોય તો તે ચિંતાજનકબાબત ગણાય. કારણ કે લોહી વધારે વહી જવાના કારણે માણસના શરીરમાંના સફેદ રક્તકણના પ્લેટલેટસ ઓછો થઈ જાય છે. કેટલાકકિસ્સાઓમાં મગજમાં પણ રક્તસ્રાવ થવા માંડે છે. આવા કિસ્સાઓમાં દર્દીને લોહી આપવાની જરૂર પડે છે. રક્તસ્રાવની સૌથી વધુ સંકાત્મક અસર શરીરની માંસપેશીઓ ઉપર પડે છે. એ ઉપરાંત "શોક સિંડ્રોમ" એ આ તાવનો બીજો ઉગ્ર પ્રકાર છે, તેમાં દર્દીના હાથપગ ઠંડા થાય છે. લોહીનું દબાણ ઘટીજાય છે, નાડીની ગતિ વધે છે, દદી ભાન ગુમાવી બેસે છે.

#### ડેન્ગ્યુ મચ્છરો ક્યાં જોવા મળે ?

ડેન્ગ્યુ ના વિષાણુ પણ જે એડીસ મચ્છરો મારફતે થાય છે તેઘરના નાનામોટા છોડનાં કુંડાંઓ તેમજ ઘરની આસપાસ એકત્રિત પાણીમાં ઊછરે છે. ઘરની આજુબાજુ ગંદા પાણીના ખાડા, ઉઘાડી છતાં ભરેલીગટરો,આસપાસનાજમેલાકચરાનાઢગલાઓ વગેરે ઉપર જ નહિ પણ કૂલરના સંઘરાયેલા પાણીમાં આ મચ્છરોનો વિકાસ થાય છે. ઉપરાંત ચોખ્ખા પાણીના સ્રોતો જેવા કે પાણીનાં ખુલ્લાં વાસણો, ટાંકીઓ, ફલાવરપોટ, તૂટેલાં વાસણો, જૂનાં ટાયરો, મનીપ્લાન્ટ વગેરેમાં ભરાઈ રહેતા પાણીમાં લાખોની સંખ્યામાં થાય છે. એ ઉપરાંત એક્વેરિયમ, નાળિયેરનાં કાચલાં, થડનાં કાણાંઓ, પશુ-પંખી માટેનાં પીવાનાં વાસણોવગેરેમાં પણ થાય છે. આવા પાણીનો યોગ્ય નિકાલ કરવો જોઈએઅથવા તો તેમાં કેરોસીન નાંખી મચ્છરનો વૃદ્ધિવિકાસ અટકાવી દેવો જોઈએ.

વિશ્વ આરોગ્ય સંસ્થાના આંતરરાષ્ટ્રિય નિયમ મુજબ એરપોર્ટકે સી-પોર્ટના ૪૦૦ મીટરના આસપ ાસનો વિસ્તાર મચ્છરથી બિલકુલ મુક્ત હોવો જોઈએ. નહિ તો આવા મચ્છરથી થતા રોગ થોડાક કલાકોકે દિવસોમાં રાષ્ટ્રવ્યાપી કે વિશ્વવ્યાપી બની શકે છે. વહેતા પાણીમાં મચ્છરનો ઉપદ્રવ શક્ય નથી પરંતુ બંધિયારપાણીમાં- મચ્છરોનો ઉપદ્રવવધુ થાય છે.

#### ડેન્ગ્યુ નું પરીક્ષણ

ડેન્ગ્યુ નું નિદાન કરવા માટેનાં કેટલાંક રક્ત-પરીક્ષણોની તપાસકરવી પડે છે. આવી તપાસ (બ્લડટેસ્ટ) એ "હીમ એગ્યુટિનેશન ટેસ્ટ" કોમ્પ્લીમેન્ટ ફિક્સેશન ટેસ્ટ જેવા નામથી ઓળખાય છે. સૌથી વધુ આધુનિક સાધનોથી સજ્જ એવી ખાસ પ્રકારની વાઈરસલેબોરેટરીમાં જ ડેબ્યુ ફિવરનું પાકું નિદાન થઈ શકે છે. આવી વાઈરસ લેબોરેટરીમાં લોહીમાં કે મચ્છરની લાળમાં રહેલા વાઈરસને કલચર કરી તેમજ તેને ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપ દ્વારા અભ્યાસ કરી નિદાનકરી શકાય છે. કેટલીક સિરોલોજી લેબોરેટરીમાં થતા ટેસ્ટમાં પણ ડેન્ગ્યુ ફિવરનુંનિદાન થઈ શકે છે. જોકે આ રોગના વાઈરસને મારવા માટે હજુ કોઈ એન્ટિબાયોટિક કે એન્ટિવાઈરસ દવાઓ ઉપલબ્ધ નથી. પરંતુ આ રોગના અટકાવમાટે વેક્સિન બનાવવાના પ્રયત્નો ચાલે છે. જેને સફળતા મળે એવી આશા પણ સેવાઈ રહી છે.


### નિજ્જરની હત્યાને લઈને ભારત અને કેનેડા વચ્ચે વિવાદ

# કેનેડાની ઈકોનોમી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ ઉપર નિર્ભર રહી છે

## જો બંને દેશો વચ્ચેના સંબંધો વધારે ખરાબ થશે તો ભારત વિદ્યાર્થીઓના કેનેડા જવા પર પ્રતિબંધ લગાવી શકે છે

। નવી દિલ્હી, તા.૨૨ ।

ભારત-કેનેડા વચ્ચે ઉભા થયેલો ગજગ્રાહ નવી ચરમસીમાએ પહોંચ્યો છે. ખાલિસ્તાની નેતાની હત્યાનો આરોપ ભારત સરકાર પર લગાવ્યા બાદ કેનેડા સાથેના ભારતના સંબંધો વણસી રહ્યાં છે. ખાલિસ્તાનને સમર્થન આપવા બદલ વડાપ્રધાન જસ્ટિન ટૂડોની ભારે ટીકા થઈ રહી છે. આ વચ્ચે કેનેડામાં અભ્યાસ કરવા ગયેલા ભારતીય વિદ્યાર્થી અને તેમના માતા-પિતામાં ચિંતાનો માહોલ સર્જાયો છે. આ બધી બાબતોની વચ્ચે ભારતના હાથમાં કેનેડાની એ દૂખતી નસ છે, જેના પર ઈજા તેના માટે મોટી સમસ્યાઓ ઊભી કરી દેશે. કેનેડાની ઈકોનોમી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પર નિર્ભર છે, આ કેનેડાની સૌથી મોટી નબળાઈ છે. આ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં પણ સૌથી મોટી સંખ્યા ભારતીય વિદ્યાર્થીઓની છે, જેઓ ત્યાંની ખાનગી યુનિવર્સિટીઓને તગડી ફી ચૂકવીને મોટી આર્થિક મદદ કરી રહ્યા છે. વાસ્તવમાં ભારતને પણ ખ્યાલ છે કે તે કેનેડાના મામલામાં મજબૂત મોટા પગલાં ભરવાની સ્થિતિમાં છે. જો ભારત આ મામલે નિર્ણય લેશે તો કેનેડાના શ્વાસ અધ્ધર થઈ જશે. જો બંને દેશો વચ્ચેના સંબંધો વધારે ખરાબ થશે તો ભારત વિદ્યાર્થીઓના કેનેડા જવા પર પ્રતિબંધ લગાવી શકે છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, જો આવું થાય તો કેનેડાની એવી ખાનગી યુનિવર્સિટીઓ કે જેમને સરકાર તરફથી મદદ નથી, તેના પાટીયા પડી શકે છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, દર વર્ષે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ કેનેડિયન અર્થતંત્રમાં ૩૦ બિલિયન ડોલરનું યોગદાન આપે છે. જો ભારત પોતાના વિદ્યાર્થીઓ પર પ્રતિબંધ લાદશે તો આ સેક્ટર માટે આ એક મોટો ફટકો હશે. એટલું જ નહીં અહીં વિવિધ વિસ્તારોમાં રહેતા ભારતીય વિદ્યાર્થીઓ રૂમના ભાડાના રૂપમાં ઘણું યોગદાન આપે છે. તમને જણાવી દઈએ કે, કેનેડાના ઓડિટર-જનરલ બોની લિસિક પૈસાના સંદર્ભમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પર નિર્ભરતાના જોખમોને ગણાવી ચૂક્યા છે.



### સરકારે કહ્યું છે કે વિદ્યાર્થીઓના પરિવારોએ ડરવાની જરૂર નથી

ભારત અને કેનેડા વચ્ચે ચાલી રહેલા તણાવને કારણે કેનેડામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના પરિવારો ગભરાટમાં હતા. હવે મોદી સરકારે વાલીઓની ચિંતા દૂર કરી છે. સરકારે કહ્યું છે કે વિદ્યાર્થીઓના પરિવારોએ ડરવાની જરૂર નથી. વિદેશ મંત્રાલયે ૪૪ મિનિટની પ્રેસ કોન્ફરન્સમાં કેનેડાને લગતા દરેક સવાલોના જવાબ આપ્યા. સરકારે કેનેડા તેમજ સમગ્ર વિશ્વ સમક્ષ ભારતનું વલણ સ્પષ્ટ કર્યું. કેનેડા અને ભારત વચ્ચેના સંબંધોમાં ખટાશને લઈને ઘણા લોકોના મનમાં ઘણા પ્રશ્નો છે. પહેલો સવાલ એ છે કે કેનેડામાં રહેતા વિદ્યાર્થીઓનું શું થશે? ભારતમાં વિદ્યાર્થીઓના વાલીઓ તેમના ભવિષ્યને લઈને ચિંતિત છે. આ સંદર્ભે, ભારત સરકારે કેનેડામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ચિંતાઓને દૂર કરવા માટે પ્રથમ વખત નિવેદન આપ્યું છે. વિદેશ મંત્રાલયનું કહેવું છે કે આ સંબંધોથી ભારતના વિદ્યાર્થીઓ પર કોઈ અસર નહીં થાય. વિઝા પરના કામચલાઉ પ્રતિબંધની પણ ભારતીય વિદ્યાર્થીઓ પર કોઈ અસર નહીં થાય. આનો અર્થ એ થયો કે કેનેડામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના પરિવારોને ડરવાની જરૂર નથી. બીજો પ્રશ્ન એ છે કે કેનેડાના વડા પ્રધાન ટ્રૂડોના આરોપોને ભારત કેવી રીતે જોઈ રહ્યું છે? ભારતના વિદેશ મંત્રાલયે આનો જવાબ આપ્યો છે. ભારતે સ્પષ્ટ કર્યું છે કે ખાલિસ્તાની આતંકવાદીની હત્યામાં ભારતની કોઈ ભૂમિકા નથી. કેનેડા સરકાર દ્વારા કોઈ પુરાવા આપવામાં આવ્યા નથી. ભારત માને છે કે કેનેડાના વડા પ્રધાનના આરોપો પાછળ રાજકીય સાધન કીટ છે. ત્રીજો પ્રશ્ન એ છે કે ભારતે કેનેડિયનો માટે વિઝા સેવા કેમ રદ કરી? આ અંગે સરકારે સ્પષ્ટતા કરી છે કે ખાલિસ્તાની આતંકવાદીઓ કેનેડામાં ભારતીય રાજદ્વારીઓને ખુલ્લેઆમ ધમકી આપી રહ્યા છે.

### આ એ જ વિસ્તાર છે, જ્યાં ચીન પોતાનો દાવો કરી રહ્યું છે

# અરુણાચલ પ્રદેશમાં એલએસી પાસે હવે ભારત બનાવશે રોડ

## નરેન્દ્ર મોદી સરકારે અરુણાચલ પ્રદેશમાં આશરે ૩૦૦ કિલોમીટર લાંબા ચાર મુખ્ય સરહદ રસ્તાઓ બનાવવા માટેની યોજના શરૂ કરી છે

। નવી દિલ્હી, તા.૨૨ ।

૨૦૨૦ થી ચાલી રહેલા સરહદ તણાવ વચ્ચે વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર ચીનના દાવા વચ્ચે, નરેન્દ્ર મોદી સરકારે અરુણાચલ પ્રદેશમાં આશરે ૩૦૦ કિલોમીટર લાંબા ચાર મુખ્ય સરહદ રસ્તાઓ બનાવવાની યોજના શરૂ કરી છે, જેના માટે વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ પણ માંગવામાં આવી છે. બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO) એ આ ચાર રસ્તાઓ એવા વ્યૂહાત્મક વિસ્તારોમાં બનાવવાની યોજના બનાવી છે જ્યાં હાલમાં કોઈ રસ્તા નથી અને જો રસ્તાઓ બનાવવામાં આવશે તો ITBP અને આર્મીના જવાનો અને લશ્કરી સાધનોને સરહદી વિસ્તારોમાં ઝડપથી લઈ જવામાં ખૂબ જ સરળતા રહેશે. તુટિંગથી મુઈરબે અને આગળ LAC નજીક બામ સુધી ૭૨ કિમી લાંબા નવા રસ્તાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. અરુણાચલ પ્રદેશના સરહદી વિસ્તારોમાં હુશથી આગળ તાપાથી દિલે સુધી અન્ય ૫૮ કિલોમીટર લાંબા રસ્તાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. હાયુલિયાંગથી કુંડાઓ સુધી ૧૦૭ કિલોમીટર લાંબો રોડ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે કિબિથુથી કુંડાઓ સુધી વધુ ૫૨ કિલોમીટરના રસ્તાનું આયોજન કરવામાં આવ્યું છે. તે વ્યૂહાત્મક દષ્ટિકોણથી ખૂબ જ મહત્વપૂર્ણ હોવાથી, BRO એ આ ચાર રસ્તાઓનો સંભવિત રિપોર્ટ માંગ્યો છે. આ રસ્તાઓ અરુણાચલ પ્રદેશના વિવિધ જિલ્લાઓમાં વ્યૂહાત્મક પ્રોજેક્ટ્સ પર સામાજિક-આર્થિક અને વ્યૂહાત્મક અસર કરશે. આનાથી સરહદી વિસ્તારમાં ગતિશીલતા વધશે અને રસ્તાઓ એવા સ્થળોને જોડશે જે આટલા વર્ષો પછી પણ જોડાયેલા નથી. અહીં એ સમજવું પણ ખૂબ જ જરૂરી છે કે, એકવાર આ રસ્તાઓને અરુણાચલ ફ્રન્ટિયર હાઈવેનો એક ભાગ બનાવવામાં આવે તો અહીં પ્રવાસનને પણ વેગ મળશે. હાલ આ વિસ્તારમાં રસ્તાઓ નથી. LAC ને સમાંતર ચાલતો કોઈપણ રસ્તો ફક્ત આપણા વિરોધીઓને બેકફૂટ પર જ નહીં મૂકે પરંતુ સમગ્ર અરુણાચલ પ્રદેશમાં



આપણી પ્રતિક્રિયાને પણ તીવ્ર બનાવશે. આ પ્રોજેક્ટ્સ પ્રવાસના સમયની બચત અને ઓછા સમયમાં સરહદી વિસ્તારમાં પહોંચવાના સંદર્ભમાં વિસ્તારમાં તૈનાત દળોને વેગ આપશે. તમને જણાવી દઈએ કે આ વિસ્તારમાં કોઈ રોડ નથી અને લગભગ ત્રણ વર્ષ પહેલા કિબિથુથી કુંડાઓ સુધી વોકિંગ ટ્રેક બનાવવામાં આવ્યો હતો, પરંતુ સૈનિકોને આ ઉબડખાબડ ટ્રેક પરથી પસાર થવામાં ઘણો સમય લાગ્યો હતો. કિબિથુ ચીનની સરહદની ખૂબ નજીક છે અને તે જ માર્ગ પર મુસાફરી કરવા માટે કોઈ યોગ્ય રસ્તો નથી. આજુબાજુના વિસ્તારોમાં કોઈ ભારે વાહનો જઈ શકતા નથી. આવી સ્થિતિમાં BRO દ્વારા બનાવવામાં આવી રહેલા આ રસ્તાઓ ભારતની તાકાત તરીકે ઉભરી આવશે. સરહદ પર અને આ પણ ચીન માટે નવો માથાનો દુખાવો બનશે. તેવી જ રીતે, તુટિંગ-મુરબે-બામ રોડ આ વિસ્તારમાંથી મુસાફરીનો સમય ૬૦-૭૦% ઘટાડશે. જે હાલમાં ખૂબ જ મુશ્કેલ છે અને રાત્રિના સમયે મુસાફરી કરવી અશક્ય છે. ટૂટીંગ ચીન સરહદની નજીક છે અને આ રોડ સરહદ સાથે જોડાશે. ઉપરાંત, હાયુલાંગ-ગ્લોથાંગ લા ડુ ડાખરુ-કુંદાઓ આર્મી અને ITBP ઓછામાં ઓછો એક કલાક બચાવશે. ચીન અરુણાચલ પ્રદેશને લઈને ભારતને સતત ભડકાવી રહ્યું છે. તાજેતરમાં જ ઈટાનગરમાં ૨૨૦ બેઠકના આયોજન કરવા પર, ભારત સામે ચીને વાંધો ઉઠાવ્યો હતો. ગયા મહિને પણ ચીને પોતાના વિસ્તારનો વિકૃત નકશો જાહેર કર્યો હતો, જેમાં અરુણાચલ પ્રદેશને ચીનનો ભાગ દર્શાવવામાં આવ્યો હતો.

### વર્ષોથી તાઈવાન ઉપર ચીનની તીરછી નજર

# તાઈવાન સ્ટ્રેટસમાં ચીનની અણુ સબમરીન ડૂબી ગઈ

। નવી દિલ્હી, તા.૨૨ ।



વર્ષોથી તાઈવાન ઉપર ચીનની 'તીરછી નજર' પડેલી છે. ચીનની સેના સતત તાઈવાન સ્ટ્રેટસ કે, તાઈવાન સામેની તેની ભૂમિ ઉપર સસતત યુદ્ધ અભ્યાસ કરી રહ્યું છે. તાઈવાનને વર્ષોથી ડર છે કે ચીન ગમે ત્યારે તેની ઉપર હુમલો કરશે જ. તેણે પણ સામી તૈયારીઓ કરી લીધી છે. અમેરિકાએ પણ તાઈવાનને પૂરી સહાય કરવા 'વચન' આપ્યું છે. તેવામાં ચીનની એક અણુ સબમરીન અચાનક તાઈવાન સ્ટ્રેટસ (જલસંધિ)માં ડૂબી જવાની વાત બહાર આવી છે. ચીને તો તે વિષે કશું કહ્યું નથી પરંતુ તાઈવાને તે હકીકત જણાવી છે. તેમાં પહેલાં ચીનના વિદેશમંત્રી ગૂમ થયા હતા, ત્યાં કેટલાક સમયથી તેના સંરક્ષણ મંત્રી લી-શાંગ-ફૂની ગેરહાજરી રહસ્યમય બની રહી છે. જો કે, ચીન તરફથી તો આ બંને ઘટનાઓ અંગે ભેદી મૌન સેવાઈ રહ્યું છે.

અંતરરાષ્ટ્રીય સ્તરે તેવી ચર્ચા ચાલે છે કે ચીન જ્યાં સુધી તે વિષે કશો ખુલાસો નહીં કરે ત્યાં સુધી કોઈને કશી પણ માહિતી મળવા સંભવ નથી. ડ્રેગનની આ કોઈ ચાલ પણ હોઈ શકે. પરંતુ નિરીક્ષકોનું તો સ્પષ્ટ અનુમાન છે કે પહેલાં વિદેશમંત્રી અને પછી સંરક્ષણ મંત્રી ગુમ થઈ જાય તે દર્શાવી આપે ચે કે ચીનમાં આંતરિક કલહ ચાલી રહ્યો છે.

ગ્લોબલ મીડીયા માને છે કે સબમરીન ગૂમ થવાનો સંબંધ સંરક્ષણ મંત્રીનાં રાજીનામાં સાથે પણ હોઈ શકે.આ સબમરીન ડૂબી ગઈ હોવાની માહિતી જ તાઈવાને જાહેર કરી હતી.

### નેશનલ મેડિકલ કાઉન્સિલને WFMEની માન્યતા મળી

# ભારતીય ડોક્ટર્સ અમેરિકા, કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં પ્રેક્ટિસ કરી શકશે

। નવી દિલ્હી, તા.૨૨ ।

ભારતની કોઈ પણ મેડિકલ કોલેજમાંથી ગ્રેજ્યુએટ થયેલા સ્ટુડન્ટ્સ હવે વિદેશમાં પણ પ્રેક્ટિસ કરી શકશે. ભારતના ડોક્ટરો માટે અમેરિકા, કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં પ્રેક્ટિસ કરવાનો માર્ગ ખુલી જવાનો છે. નેશનલ મેડિકલ કાઉન્સિલને ૧૦ વર્ષ માટે વર્લ્ડ ફેડરેશન ફોર મેડિકલ એજ્યુકેશન (ડબલ્યુએફએમઈ)ની માન્યતા મળી ગઈ હોવાથી ભારતીય તબીબોને મોટી રાહત મળશે. આ માન્યતા મળવાના કારણે ભારતીય મેડિકલ ગ્રેજ્યુએટ્સ એવા દેશોમાં સહેલાઈથી પ્રેક્ટિસ કરી કશે જ્યાં ડબલ્યુએફએમઈની માન્યતાની જરૂર હોય છે. આ એક ગ્લોબલ સ્તરે માન્યતાપ્રાપ્ત સ્ટાન્ડર્ડ છે. તેના કારણે વિદેશી મેડિકલ સ્ટુડન્ટ પણ ભારતમાં અભ્યાસ કરવા માટે આવી શકશે. જે દેશોમાં ડબલ્યુએફએમઈની માન્યતા જરૂરી હોય છે ત્યાં પોસ્ટ ગ્રેજ્યુએટ ટ્રેનિંગ અને મેડિસિનની પ્રેક્ટિસ માટે પણ હવે દરવાજા ખુલી ગયા છે. આવા દેશોમાં અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યૂ ઝિલેન્ડનો સમાવેશ થાય છે. તેના કારણે ભારતીય મેડિકલ સ્ટુડન્ટને ઘણો ફાયદો થશે તેમ આરોગ્ય મંત્રાલયની એક પ્રેસ રિલિઝમાં જણાવવામાં આવ્યું હતું.

ડબલ્યુએફએમઈનું એક્રેડિટેશન મળવાના કારણે ભારતની હાલની ૭૦૬ મેડિકલ કોલેજોનો દરજ્જો પણ વધી જશે. આ ઉપરાંત આગામી એક દાયકામાં ભારતમાં જે મેડિકલ કોલેજો સ્થાપવામાં આવશે તેને પણ ઓટોમેટિક ડબલ્યુએફએમઈનું એક્રેડિટેશન મળશે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નવી દિલ્હીના ભાજપ કાર્યાલય ખાતે સંસદ દ્વારા મહિલા આરક્ષણ બિલ પાસ કર્યાના એક દિવસ પછી 'નારી શક્તિ વંદન અભિનંદન કાર્યક્રમ' દરમિયાન સન્માનિત કરવામાં આવ્યા હતાં.

# ભારતમાં મારો પ્રવાસ રદ થવાથી ખુબ નિરાશ છું

। નવી દિલ્હી, તા.૨૨ ।

ભારતનો વિકૃત નકશો શેર કરીને લોકોના નિશાન પર આવેલા કથિત ખાલિસ્તાની સમર્થક પંજાબી-કેનેડિયન રેપર શુભનીત સિંહના સૂર હવે ભારે વિરોધ બાદ બદલાતા જોવા મળી રહ્યા છે. ભારત અને કેનેડા વચ્ચે રાજનયિક વિવાદ વચ્ચે પોતાની વિવાદાસ્પદ સોશિયલ મીડિયા પોસ્ટ પર ભારે આલોચનાનો સામનો કરી રહેલા પંજાબી કેનેડિયન રેપર શુભનીતસિંહે ગુરુવારે કહ્યું કે તે પોતાનો ભારત પ્રવાસ રદ થવાથી ખુબ નિરાશ છે. ખાલિસ્તાન મુદ્દાને સમર્થન આપવાના કારણે રેપરનો સ્ટિલ રોલિન ઈન્ડિયા ટુર રદ થઈ ચૂકી છે. ઈન્સ્ટાગ્રામ પર શેર કરાયેલી પોસ્ટમાં શુભનીત સિંહે કહ્યું કે છેલ્લા બે મહિનાથી હું ભારત પ્રવાસ માટે ખુબ મહેનત કરી રહ્યો હતો અને લોકો વચ્ચે મારા પરફોર્મન્સને લઈને ખુબ ઉત્સાહિત હતો.

# ગૂગલ મેપને ફોલો કરતો માણસ તૂટેલા પુલ પરથી કાર લઈને નદીમાં પડ્યો

। ન્યૂયોર્ક, તા.૨૨ ।

ગૂગલ મેપ્સ દ્વારા ખોટી દિશા બતાવતા પુલ પરથી પડીને મૃત્યુ પામેલા વ્યક્તિની પત્નીએ હવે ગૂગલને કોર્ટમાં ખેંચી છે. અમેરિકાના નોર્થ કેરોલિનામાં રહેતી એક મહિલાનો આરોપ છે કે તૂટેલા પુલ વિશે ગૂગલને વારંવાર જાણ કરવા છતાં કંપનીએ તે પુલને ગૂગલ મેપ્સ પર ટ્રાફિક માટે યોગ્ય જાહેર કર્યો હતો. ગૂગલ મેપ્સ દ્વારા આપવામાં આવેલી ખોટી માહિતીને કારણે તેના પતિએ બ્રિજ પર કાર હંકારી હતી અને બ્રિજ તૂટી જવાને કારણે તે નીચે પડી ગયો હતો અને પાણીમાં ડૂબી જવાથી તેનું મોત થયું હતું. નોર્થ કેરોલિનામાં રહેતો ફિલિપ પેક્સન ગયા વર્ષે સપ્ટેમ્બરમાં અકસ્માતનો ભોગ બન્યો હતો. યુએસ નેવીમાંથી નિવૃત્ત થયેલા પેક્સન મેડિકલ સાધનો વેચતા હતા. તેમના મૃત્યુના લાંબા સમય પછી પણ, ઍલ્ફાબેટે હજુ પણ તે તૂટેલા પુલ અંગેની માહિતી સુધારી નથી. તેનાથી નિરાશ થઈને તેની પત્ની એલિસિયાએ હવે ગૂગલ પર કેસ કર્યો છે. એલિસિયાએ જણાવ્યું કે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં તેની પુત્રી અને તેના પતિના મિત્રની પુત્રીનો જન્મદિવસ હતો. બંને મિત્રોએ તેમની દીકરીનો જન્મદિવસ સાથે મનાવ્યો હતો. જન્મદિવસની પાર્ટી પૂરી થયા બાદ એલિસિયા બાળકો સાથે ઘરે આવી હતી. પૅક્સન અમુક કામમાં પાછળ રહી ગયો. તેઓ રાત્રે કારમાં ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે વરસાદ શરૂ થયો હતો. રસ્તો સ્પષ્ટ દેખાતો ન હોવાથી તેણે ગૂગલ મેપ્સની મદદ લીધી. ગૂગલ મેપ્સ દ્વારા દર્શાવવામાં આવેલા રૂટમાં તૂટેલા પુલનો પણ સમાવેશ થાય છે.

# યુપી પોલીસના એન્કાઉન્ટરમાં અનીસ ખાન ઠાર મરાયો

। અયોધ્યા, તા.૨૨ ।

અયોધ્યામાં સરયુ એક્સપ્રેસમાં મહિલા કોન્સ્ટેબલ પર હુમલો કરવાનો આરોપી અનીસ ખાન યુપી પોલીસના એકાઉન્ટરમાં ઠાર મરાયો છે. આ એક્કાઉન્ટરમાં બે લોકો ઘવાયા હતા. ઉલ્લેખનીય છે કે ૨૦ દિવસ પહેલા એટલે કે ૩૦ ઓગસ્ટના રોજ મહિલા કોન્સ્ટેબલ લોહીમાં લથબથ હાલતમાં ટ્રેનમાં મળી આવી હતી. અનીશ આ હુમલાનો મુખ્ય આરોપી હતો. યુપી પોલીસે આજે સવારે જ જણાવ્યું કે ટ્રેનમાં મહિલા કોન્સ્ટેબલ પર હુમલાનો આરોપી એક્કાઉન્ટરમાં ઠાર મરાયો છે. ગોળીબારમાં તેના બે સહયોગી ઘવાયા હતા જેમની ધરપકડ કરી લેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ૩૦ ઓગસ્ટના રોજ એક મહિલા કોન્સ્ટેબલ લોહીમાં લથબથ હાલતમાં સરયુ એક્સપ્રેસમાં મળી આવી હતી. તેના ચહેરા અને માથા પર ઈજા થઈ હતી. હાલ તેની લખનઉની એક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ઉત્તરપ્રદેશના સ્પેશિયલ ડીજી (લૉ એન્ડ ઓર્ડર) પ્રશાંત કુમારે કહ્યું કે સરયુ એક્સપ્રેસમાં મહિલા કોન્સ્ટેબલ પર હુમલાનો મુખ્ય આરોપી અનીસ ખાન એક્કાઉન્ટરમાં ઠાર મરાયો છે.

# સુપ્રીમ કોર્ટે શાહી ઈદગાહની વૈજ્ઞાનિક સર્વેની માંગ ફગાવી

। નવી દિલ્હી, તા.૨૨ ।

સુપ્રીમ કોર્ટે મથુરા શ્રીકૃષ્ણ જન્મભૂમિ મુક્તિ નિર્માણ ટ્રસ્ટે દ્વારા વૈજ્ઞાનિક સર્વેની માંગ કરતી અરજી ફગાવી દીધી છે. કોર્ટે અરજી પર વિચાર કરવાનો પણ ઈક્કાર કરી દીધો છે. અગાઉ પહેલી જુલાઈએ ઈલાહાબાદ કોર્ટે શાહી ઈદગાહની વૈજ્ઞાનિક સર્વે કરાવવાની માંગ કરતી અરજી ફગાવી દીધી હતી.અગાઉ ઈલાહાબાદ કોર્ટે અરજી ફગાવતા શ્રીકૃષ્ણ જન્મભૂમિ મુક્તિ નિર્માણ ટ્રસ્ટે હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. ટ્રસ્ટે અરજીમાં ૧૯૬૮માં થયેલા કરારની માન્યતા વિરુદ્ધ દલીલ કરી છે અને તે કરારને છેતરપિંડી હોવાનું કહ્યું છે.

# બાઈડેને મોદી સામે ઉઠાવ્યો હતો આતંકી નિજ્જરની હત્યાનો મુદ્દો

## અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન સહિત અન્ય નેતાઓએ ભારતીય પીએમ નરેન્દ્ર મોદી સામે ચિંતા વ્યક્ત કરી હતી

। નવી દિલ્હી, તા.૨૨ ।

આ મહિનાની શરૂઆતમાં જી૨૦ શિખર સંમેલન દરમિયાન ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જર હત્યામાં ભારત સામેલ હોવાના કેનેડાના દાવા પર અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન સહિત અન્ય નેતાઓએ ભારતીય પીએમ નરેન્દ્ર મોદી સામે ચિંતા વ્યક્ત કરી હતી. એક રિપોર્ટમાં આ દાવો કરાયો છે. શિખ સંમેલનમાં ચર્ચાથી પરિચિત ત્રણ લોકોનો હવાલો આપતા રિપોર્ટમાં કહ્યું કે ફાઈવ આઈઝના અનેક સભ્યો (એક ઈન્ટેલિજન્સ શેરિંગ ગઠબંધન જેમાં અમેરિકા, બ્રિટન, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝિલેન્ડ સામેલ છે) એ પીએમ મોદી સામે આ મુદ્દો ઉઠાવ્યો હતો. રિપોર્ટમાં કહેવાયું છે કે 'બાઈડેનને મહેસૂસ થયું કે આ મુદ્દોને સીધી રીતે પોતાના ભારતીય સમકક્ષ સામે ઉઠાવવું મહત્વપૂર્ણ છે.' રિપોર્ટમાં દાવો કરાયો



છે કે કેનેડા દ્વારા પોતાના સહયોગીઓને મામલાને સીધો પીએમ મોદી સામે ઉઠાવવાનો આગ્રહ કરાયા બાદ નેતાઓએ જી૨૦ શિખર સંમેલનમાં હસ્તક્ષેપ કર્યો, સ્થિતિથી પરિચિત બે લોકોએ કહ્યું કે કેનેડાએ તેમને અંગત સ્તર પર દાવાઓનો ઉલ્લેખ કરવા માટે કહ્યું હતું. છેલ્લે મળતી માહિતી મુજબ ન તો વ્હાઈટ હાઉસે આ રિપોર્ટની સત્યતાની પુષ્ટિ કરી છે કે ન તો ભારત તરફથી કોઈ નિવેદન બહાર પાડવામાં આવ્યું છે કે આ મામલો શિખર સંમેલન દરમિયાન ઉઠાવવામાં આવ્યો હતો કે કેમ.

ખાસ કરીને આ સપ્તાહની શરૂઆતમાં પ્રકાશિત વૉશિંગ્ટન પોસ્ટના એક રિપોર્ટમાં કહેવાયું હતું કે કેનેડિયન પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રૂડોએ અમેરિકા સહિત પોતાના નજીકના સહયોગીઓને શીખ અલગાવવાધી નેતાની હત્યાની જાહેરમાં ટીકા કરવાનું કહ્યું હતું પરંતુ ભલામણોને ફગાવી દેવાઈ હતી. રિપોર્ટમાં જી૨૦ શિખર સંમેલનનો ઉલ્લેખ કરાયો નહીં અને એ પણ ન જણાવાયું કે શું આ એ જ સ્થળ હતું કે જ્યાં અમેરિકાને આરોપોથી અવગત કરાયું હતું. રસપ્રદ વાત એ છે કે નવી દિલ્હીમાં જી૨૦ શિખર સંલમેન જ એ સ્થળ હતું જ્યાં ટ્રૂડો સાથે મોદી સરકારે નીરસ કહી શકાય તેવો વ્યવહાર કર્યો હતો.

## તંત્રી લેખ...

# ન હારી વો 'નારી'

છેલ્લા ત્રણ દાયકાઓથી જે બિલ લાવવાની જુદા-જુદા પક્ષો દ્વારા માત્ર ચર્ચા જ થતી હતી તે બિલ સંસદના વિશેષ સત્રમાં ૨/૩ બહુમતીથી પસાર થઈ ગયું. નારી શક્તિ વંદન અધિનિયમ એવા નામે ઓળખ પામેલું બિલ સ્ત્રી સશક્તીકરણની મિસાલ બની રહેશે એવું કહેવું અત્યારના સંજોગોમાં વધુ પડતું છે. પરંતુ લોકસભા અને વિધાનસભામાં ૩૩ ટકા મહિલા અનામત સીટો હોવી એ શકવર્તી ઘટના છે. યુગ બદલનારો કાયદો એવું સત્તાધારી પક્ષ કહે છે એવી રીતે તો મહિલા સશક્ત નહીં બની શકે. કારણ કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપી દેવામાં આવી છે, પરંતુ પડદા પાછળનો વહીવટ હજી પણ પુરુષોના હાથમાં જ છે! જે-તે ગામડાંની સરપંચ મહિલા હોય તો ત્યાંનો વહીવટ તેનો પતિ કે પુત્ર સંભાળતો હોય અને મહિલા સરપંચ ઘરકામ કરતા હોય તેવા દાખલાઓ છે! આપણે ત્યાં પ્રાચીન સમયથી કહેવાતું આવ્યું છે કે યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ અર્થાત જ્યાં નારીનું સન્માન થાય છે ત્યાં દેવોનો વાસ હોય છે. આપણા શાસ્ત્રોમાં પણ નારી શક્તિની પૂજા છે. તંત્ર સાધનામાં તો નારી શક્તિને મા જગદંબા સ્વરૂપે કલ્પીને વધુ શક્તિશાળી ગણવામાં આવી છે. ભારતમાં શક્તિપીઠોની પૂજા થાય છે. કોઈને કોઈ સ્વરૂપે માતૃશક્તિની આરાધના થાય છે. દુનિયાના કોઈ દેશમાં ન હોય એવો શક્તિ આરાધનાનો નવ દિવસનો ઉત્સવ નામે નવરાત્રિ ઉજવાય છે. નારી શક્તિના આટલા ગુણગાન પછી પણ દેશમાં સૌથી વધુ અત્યાચારો સ્ત્રીઓ ઉપર થાય છે. આ એક એવી વિટંબણા છે જેનો સ્વીકાર કરવો જ રહ્યો. ઘરેલુ હિંસાનો સૌથી વધુ શિકાર સ્ત્રીઓ બને છે. હજી પણ ભારતના અનેક સમાજમાં સ્ત્રી એટલે ઉપભોગ માટેનું રમકડું અને ઘરકામ માટેની વગર પગારની દાસી એવી માન્યતા છે. સ્ત્રીઓના સન્માનની વાત તો એકબાજુ, હજી પણ લાખો સ્ત્રીઓ જાતીય અત્યાચારનો રોજબરોજ સામનો કરે છે. સ્ત્રીઓ કાયમના કેદખાનામાં જ હોય છે. એ કેદ પિતા, પતિ કે પુત્રે પણ ઊભી કરેલી હોય છે. સ્ત્રીઓને કઠપૂતળી બનાવીને પુરુષોએ આધિપત્ય ભોગવ્યું છે. ઈતિહાસ તપાસો તો બહુ ઓછી સ્ત્રી શાસકોના નામ યાદ આવશે. દિલ્હીની ગાદી ઉપર રઝિયા સુલતાન બિરાજી હતી પછી કોણ? નામ યાદ નહીં આવે. ઈન્દિરા ગાંધીએ વર્ષો સુધી મહિલા વડાપ્રધાન બની રાજ્ય કર્યું, પછી કોણ? નામ યાદ નહીં જ આવે. પ્રતિભા પાટીલ અને દ્રૌપદી મુર્મૂ બેશક રાષ્ટ્રપતિ પદે પહોંચ્યાં, પરંતુ એમાં પણ સ્ત્રી સશક્તીકરણ નથી, એ તો ઊભું કરાયેલું નારી શક્તિનું અભિવાદન છે. સારું છે કે જે રીતે થાય તે રીતે નારીને મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. બાકી ઉચ્ચ પદ પર સ્ત્રીઓને નિમણૂંક આપવામાં હજી પણ પુરુષ પ્રધાન સમાજને તકલીફ જ પડે છે. દેશના રાજકારણમાં સ્ત્રીઓની ભૂમિકા કેટલી? તો આંગળીના વેઢે ગણાય એટલી સ્ત્રીઓનાં નામ યાદ આવે. મહિલા સશક્ત હજી પણ નથી થઈ. આજની તારીખે તેને સેકન્ડ સિટીઝન જ ગણવામાં આવે છે. છોકરીઓ કે સ્ત્રીઓને હજી પોતાના નિર્ણયો જાતે લઈ શકે તેવી સ્વતંત્રતા નથી. દહેજના નામે હજી અનેક સ્ત્રીઓ ખપ્પરમાં હોમાય છે. લેવજેહાદના નામે સ્ત્રીઓની જ હત્યા થાય છે. છતાં સ્ત્રી આરક્ષણ બિલ એક આશાનું કિરણ લઈને આવ્યું છે તેની ના નહીં. જોઈએ કેવો અને કેટલો અને કેવી રીતે તેનો અમલ થાય છે!

## આવનાર લાંબા સમય માટે ભારત સાથે કેનેડાના સંબંધોને ખતરામાં મૂકી દીધા

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના છેલ્લા કેટલાક દિવસો બેહદ અપમાનજનક રહ્યા છે. ભારત દ્વારા આયોજિત જી-૨૦ શિખર સંમેલનમાં ઠંડા પ્રતિસાદ બાદ, તે એંગ્લોસ્ફીયર દેશોમાં પણ પોતાના તમામ સહયોગીઓ વચ્ચે એકલા પડી ગયા છે. અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા અને ત્યાં સુધી કે ન્યૂઝીલેન્ડ સહિત કેનેડાના કોઈપણ ગઠબંધન સહયોગીએ તેમના આરોપોનું સમર્થન નથી કર્યું કે કેનેડાઈ ધરતી પર ખાલિસ્તાની આતંકવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યા માટે ભારતીય એજન્ટ જવાબદાર હતા. ટ્રુડોની વાહિયાત દલીલ અનુસાર, નિજ્જર આતંકવાદી નહીં પણ કેનેડિયન નાગરિક હતો, જેને ભારતના આદેશ પર મારી નાખવામાં આવ્યો. જી-૨૦ શિખર સંમેલનમાં ભારત વિરુદ્ધ સંયુક્ત નિવેદન જારી કરવા માટે પશ્ચિમમાં કેનેડાના સહયોગીઓને સામેલ કરવાની અસફળ કોશિશ શરૂ કરતાં પહેલાં તેમણે કેનેડિયન સંસદમાં આ આરોપ લગાવ્યો. પરંતુ ના તો શિખર સંમેલન પહેલાં સમર્થન માટે તેમનો પ્રચાર કામ લાગ્યો કે ના કેનેડિયન સંસદમાં મુદ્દો ઉઠાવ્યા બાદ તેમની આશા સફળ થઈ શકી. એવામાં જ્યારે ચીન ભૂરાજકીય તાપમાન વધારી રહ્યું છે, ટ્રુડોના તમામ સહયોગી ભારતને એક મહત્ત્વપૂર્ણ ભાગીદાર રૂપે જુએ છે, ખાસ કરીને ભારત-પ્રશાંત ક્ષેત્રમાં. તેઓ ભારતને તેના ઉભરતા બજાર અવસરો માટે પણ મહત્ત્વ આપે છે. એ શરૂઆતથી જ સ્પષ્ટ હતું કે એંગ્લોસ્ફીયરનો કોઈપણ દેશ ટ્રુડો સાથે નહીં હોય. તેમ છતાં ટ્રુડો આગળ વધ્યા અને આવનાર લાંબા સમય માટે ભારત સાથે કેનેડાના સંબંધોને ખતરામાં મૂકી દીધા. તેમના આ હાસ્યાસ્પદ વ્યવહારને શું કહેવું? ટ્રુડો એક નિતાંત રાજકીય તકવાદી રાજકારણી છે, જેમણે ખાલિસ્તાનીઓના હાથમાં રમવાની ઉતાવળમાં કેનેડાની ગંભીર સમસ્યાઓ પરથી ધ્યાન હટાવવાની હતાશામાં, ખુદને એવા વ્યક્તિ રૂપે રજૂ કરવા માટે ભારતનો ઉપયોગ કર્યો, જાણે તે પોતાના દેશની બહુ પરવા કરતા હોય. પરંતુ હકીતમાં જો આજે કેનેડાના રાષ્ટ્રીય હિતોનું કોઈ દુશ્મન હોય તો તે ખુદ ટ્રુડો જ છે. ટ્રુડોના કુશાસનમાં કેનેડા પોતાની ગરિમા ગુમાવી ચૂક્યું છે અને પાકિસ્તાનની બીજી આવૃત્તિ બની રહ્યું છે. આજે બંનેની ઘરેલુ અને વિદેશી નીતિઓમાં પણ ભારે સમાનતા દેખાય છે. કલ્પના કરો, જેમ પાકિસ્તાન અત્યધિક ફુગાવા સામે ઝઝૂમી રહ્યું છે અને લોકો પોતાની બુનિયાદી જરૂરિયાતોને પૂરી કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, કેનેડાના શહેરોમાં પણ એવું જ થઈ રહ્યું છે. દેશની અર્થવ્યવસ્થા હજુ પણ કોવિડના દુષ્પ્રભાવોમાંથી બહાર નથી આવી શકી, છતાં આકાશ આંબતી મોંઘવારી એક સરેરાશ કેનેડિયન આજે જે પણ કમાઈ રહ્યો છે તેને પણ ખતમ કરી રહી છે. છેલ્લા ત્રણ વર્ષમાં, રહેવાનો ખર્ચ ઓછામાં ઓછા ત્રણ ગણા વધી ગયો છે અને આવાસ ભાડાંમાં ભારે વધારો થયો છે, જેનાથી કેટલાય લોકો બેઘર થઈ ગયા છે. ભાવવધારાએ અસ્તિત્વને મુશ્કેલ બનાવી દીધું છે, કેનેડાની અર્થવ્યવસ્થા પર મંદીની આશંકા પણ તોળાઈ રહી છે. આર્થિક મંદીનો સામનો કરી રહેલા કેનેડામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પણ ચિંતાજનક થઈ ગઈ છે. ૨૦૧૬ બાદથી નશીલી દવાઓના ઓવરડોઝને કારણે ૩૦,૦૦૦થી વધુ લોકો પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે.

# આજે સમાજમાં ઘણીબધી બાબતો પર ગેરસમજ ચાલે છે અને સમાજને હવે પ્રત્યાહાર કરવાની જરૂર છે સૌને મિચ્છામી દુક્કડમ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)






હમણાં હમણાં સનાતન ધર્મ જાણે ખતરામાં હોય એમ એની પર પ્રહારો થાય છે, પણ બહુ ઉંડા મૂળિયાં છે, એમ કંઈ કોઈ જડ કાપી શકે એમ નથી.પણ અમુક લોકોને એનાથી કંઈ ફેર પડ્યો નહોય એમ આરામથી ચૂપ છે. ભારતીય સમાજ આમ પણ ઘણીબધી વાતે એકદમ ઉદાર છે,અને એમાં પણ ધર્મ નિરપેક્ષ હોવાથી સર્વ ધર્મમાં માનનારો પણ છે. જેમ કે હિન્દુ ચર્ચમાં પણ જાય દરગાહ ને મઝાર પર પણ જાય, દેરાસરમાં પણ જાય, અને અન્ય કોઈ બોદ્ધ શીખ ધર્મનું સ્થાન હોય ત્યાં પણ જાય ! પરંતુ ક્યારેક આટલી ઉદારતા મોંઘી પડે! એમ અન્ય ધર્મના લોકો એવું સમજવા લાગ્યા છે કે, એને કોઈ ધર્મ જ નથી! અને એટલે આપણા દેવી દેવતાઓ વિશે ગમે તેવી ટિપ્પણી કરતાં પણ એ લોકો અચકાતા નથી. પરંતુ સનાતન ધર્મના જ મુખ્ય ત્રણ ફાંટામાં હિન્દુ બૌદ્ધ, જૈન અને એમ પેટા માર્ગ કે પંથ છે. હમણાં હિન્દુ પંચાગ મુજબ ગણેશ ઉત્સવનાં દિવસો ચાલે છે તો બીજી બાજુ જૈન ધર્મનાં પર્યુષણનાં દિવસો પણ ચાલતાં હતાં. તો જૈન ધર્મમાં પર્યુષણના અંતિમ દિવસે મિચ્છામી દુક્કડમનો તહેવાર ઉજવવામાં આવે છે. તો ગણેશ ઉત્સવમાં અગિયાર દિવસ ગણેશ પૂજન અર્ચન કરીને અનંત ચૌદસ એ એનું વિસર્જન કરવામાં આવે છે. આપણી સંસ્કૃતિ પ્રમાણે સમાજમાં ચાર વર્ણ નક્કી કરવામાં આવે છે, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શૂદ્ર! દરેકની અલગ અલગ માનસિકતાને કારણે આ વર્ણ વ્યવસ્થા સ્વીકારવામાં આવી હતી, પરંતુ હાલ એને વંશ પરંપરાગત બનાવી દીધી છે. આજે આપણે બ્રાહ્મણ અને વણિક વર્ગની બે મહત્વની વાત વિશે વાત કરીશું, જે બંને અલગ-અલગ સંપ્રદાયના છે. એક ઈશ્વર પ્રતિ જે ભાવ ઉત્પન્ન થયો છે તે પહેલા દેહ શુદ્ધીનો છે. અને બીજો શબ્દ હિન્દુ ધર્મનીની અને બ્રાહ્મણો અત્યારે જે, માત્ર એક ક્રિયા તરીકે જ કરે છે તેની વિશેનો છે.

### સંધ્યા

આજકાલ સામાન્ય રીતે બ્રાહ્મણના ઘરમાં જ આ ક્રિયા થતી જોવા મળે છે. જીવને આજે એટલી ઉતાવળ છે કે આ ફક્ત હવે ક્રિયા જ રહી છે. સંધ્યા દિવસમાં ત્રણવાર કરવામાં આવે છે.

### સવારની સંધ્યા

પ્રાત:કાળે વહેલા ઉઠી શરીરને નિત્યકર્મથી શુદ્ધ કરી, પ્રાણાયામ જેવી અતિશય શક્તિ, આપનારી ક્રિયા કરી આત્માને જગાડવામાં આવે છે. પૂજન જાપ વગેરે ક્રિયા પણ કરી લેવામાં આવે છે. આ બધી જ ક્રિયાઓ જો એકાગ્રતાપૂર્વક થાય તો, શરીરમાં એક સ્થિર ભાવનાઓનું નિર્માણ થાય છે. અને દેહ સાથે કંઈક બીજું પણ આપણને સત્યની કે ઈશ્વર પ્રત્યેની સંવેદના, જાગૃત થવાથી અનુભવાય છે. સંધ્યાનો મૂળ અર્થ એ છે કે, બહાર જે છે તે અને આપણા જે સ્થૂળ શરીરમાં છે આત્મા રૂપે બિરાજમાન છે, તેને મેળવવાની ક્રિયા. પરમાત્માની આત્મા પર દ્રષ્ટિ પડે તેવા સુંદર સમયનું આયોજન એટલે સંધ્યા. સવારે તે ક્રિયા કરી જીવ પોતાના આખા દિવસની દિનચર્યા માટે, તેની બધી જ ઈન્દ્રિયો ને નિયમિત રીતે કાર્યરત કે સક્રીય કરવાની, ઈશ્વરને પ્રાર્થના કરે છે. અને તેના શરણે પોતાની જાતને સોંપી દે છે.

### મધ્યાન સંધ્યા.

એટલે કે શરીરને પોષણ આપવા માટે, જ્ઞાન ઉપરાંત ખોરાકની પણ જરૂર છે. અને તે પુરી કરવા માટે તે જમે છે. આ બંને વખતના ભોજન થી, તેના પેટમાં જે જાય છે તે જઠરાગ્નિને એક યજ્ઞના અગ્નિની જેમ અર્પણ કરી, તેમાંથી કાર્યશક્તિ મેળવી, અન્ય વિકારનો નાશ કરે છે. અને સતત પ્રકૃતિ પ્રત્યે સદભાવના અને આભાર પ્રાર્થના કરાય છે.

### રાત્રી સંધ્યા

હવે રાત્રે થતી સંધ્યા એટલે કે સુતા પહેલા, અથવા સૂર્યાસ્ત પછી થતી સંધ્યા. કે જેમાં જીવ પોતાના આખા દિવસની દિનચર્યાથી કંઈ જ, થાક કે બોજ અનુભવે અને, વિશ્રામની તૈયારી કરે છે. સતત કાર્યરત રહેલી ઈન્દ્રિયો અને, તેની બુદ્ધિને પાછા નિષ્ક્રિય, બનાવવાની ઈશ્વરને પ્રાર્થના કરવામાં આવે છે. શરીરના દરેક અંગોને અડીને ઈશ્વરને આહવાન કરવામાં આવે છે, કે એ ઈશ્વર તું મારામાં સંપૂર્ણ સમાય અને મારી આ ઈન્દ્રિય દ્વારા, કોઈ જ વિકર્મ ન થાય તેનું ધ્યાન રાખજે અથવા મને જાગૃત કરજે. ભક્તિની ક્રિયામાં ભાવ નું હોઉં બહુ જરૂરી છે. ભાવ આવશે એટલે ભક્તિ સાચી થશે, અને ભક્તિ સાચી થશે ત્યારે તેના બે પુત્રો, જ્ઞાન અને વૈરાગ્ય પણ જરૂરથી જીવનમાં આવશે. માટે પહેલા ભાવનું પ્રાધાન્ય કેળવવું જોઈએ.

### પ્રતિક્રમણ

જૈન સંપ્રદાયનો બહુ જ જાણીતો શબ્દ છે. જૈનોમાં પર્યુષણ ને મહાપર્વ કહ્યું છે. આ ૮ દિવસ જૈનો, દેરાસર કે ઉપાશ્રયમાં જઈ, અને પોતાના આ શરીર વડે ધર્મની સાધના, આરાધના, અને ઉપાસના,યથાયોગ્ય રીતે કરે છે. રોજ કોઈ એક મુનિનું, ભગવાન શ્રમણ મહાવીરના જીવનને અને તેના ઉપદેશ દ્વારા, મળેલ જ્ઞાનનું વ્યાખ્યાન થાય છે. શ્રોતાઓ તેને રસપૂર્વક સાંભળે છે. અને કંઈક નિયમો પણ લે છે. હવે પહેલે દિવસે એક "પ્રતિક્રમણ" શબ્દ વાપરી તેનો શબ્દાર્થ કહે છે. સંસારી જીવો માટે ગીતામાં પણ કહ્યું છે કે, કર્મ કરવું તે મનુષ્યનો સ્વભાવ છે. અને તે મનુષ્યથી સાહજિકતાથી થવું જોઈએ. પણ જાણે અજાણે જીવથી અમુક વિકર્મો પણ થાય છે. જેનાથી દેહ અશુદ્ધ થાય છે. આત્મા ઢંકાઈ જાય છે, માટે ઈશ્વરનું સ્મરણ કરતા પહેલાં, અને ઈશ્વરને પ્રાપ્ત કરવા માટે કે, તેને અનુભવવા માટે દેહ શુદ્ધિ આવશ્યક છે. માટે આ રીતે પોતે કરેલ વિકર્મોની માંફી માંગી, એકરાર કરી હવે જીવનમાં ફરી તે ભુલ ન થાય તેની પ્રતિજ્ઞા લઈ, પછી જ જ્ઞાન મેળવવા માટે તે લાયક બને છે. પ્રતિક્રમણ એટલે સંસારી જીવ ફરી એકવાર પોતાનામાં, વૈરાગ્ય ભાવનું પ્રાધાન્ય મેળવી પાછો ફરે તે ક્રિયા. વૈરાગ્ય એ સંસ્કૃત શબ્દ છે. માટે તે આપણી સંસ્કૃતિ એ આપેલ છે, અને જીવનમાં જ્યારે પણ કોઈ વસ્તુ કે પદાર્થ પ્રત્યે મોહ જન્મે કે તરત જ તેનો ત્યાગ કરો, ભોગ-વિલાસની આ વસ્તુ પ્રત્યે, તમને ક્યારેય મમત્વ નહીં થાય. આ મારો સ્વાનુભવ છે, જૈનો પોતાના દરરોજના નિયમોમાં પણ ઘણા વિવેક બદ્ધ છે, તે ફરી કોઈ વાર જોઈશું. ફક્ત એક નિયમ તેનો દીક્ષા એ સમજાતો નથી. અણસમજું અને અસંતુલિત માનસ ધરાવતો જીવ જ્યારે દીક્ષા લે, ત્યારે શરૂઆતમાં તેને સફળતા પણ મળે, અને સફળતાનો નશો, જ્યારે ઊતરે ત્યારે તે, પોતાની શક્તિનો દુરુપયોગ કરે છે. તંત્રની ઉપાસના કરવા વાળા જૈન તાંત્રિક, વિનાશને નોતરે છે. અને પોતે જે મેળવ્યું નથી અથવા ભોગવ્યું નથી અને છોડ્યું છે તે પર, બીજા કોઈનો હક્ક નથી તેવું વિચારીને કોઈને કોઈને, હેરાન કરવામાં તેની શક્તિનો દુરુપયોગ કરે છે.

મિત્રો હું જૈન નથી કે, નથી હું બ્રાહ્મણ, આમ તો જન્મથી કે વર્ણથી જ બ્રાહ્મણ કે જૈન થવાય? પહેલા તો કર્મથી નક્કી કરવામા આવતું..... પણ હું તો નરસિંહ કુળની, નાગર ના ઘણા અર્થ થાય પણ મને ગમતો અર્થ એટલે જે ગર વગરનું એટલે ઝેર વગરનું. તો કોઈ મિત્ર જૈન કે, બ્રાહ્મણ હોય તો તે કોઈ ગેરસમજ ન કરે, અને જો કાંઈ ખોટું લખાયું હોય તો, તેની માટે ક્ષમા યાચું છું. બાકી આ લેખ આજે અહીં મૂકવાનું કારણ આજે સમાજમાં ઘણીબધી બાબતો પર ગેરસમજ થઈ છે અને સમાજને હવે પ્રત્યાહાર કરવાની જરૂર છે સૌને મિચ્છામી દુક્કડમ છે. ધર્મ ગમે તે હોય પણ મૂળ ભાવ માનવતા નો હોવો બહુ જરૂરી છે, અને સનાતન ધર્મના મૂળ જ માનવતા છે.

# ભાદરવા સુદ આઠમ એટલે રાધા જયંતી.. રાધાષ્ટમી કે ધરો આઠમનું મહત્ત્વ જાણીએ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા





ભારતીય સંસ્કૃતિની મુખ્ય ધરોહર આપણે કાયમી કહીએ છીએ તેમ તેની ઉત્તમ રહેણીકરણી ખાનપાન ની રીતભાત તિથિ વાર તહેવાર માસની જે તે કક્ષાની આબોહવા પ્રકૃતિ મુજબ ઉમદા રીતે ગોઠવણી એવી કરવામાં આવી છે કે સપરિવાર મિત્ર વર્તુળ ઉજવણી થાયને એ ખોરાકથી આરોગ્યનું જતન થાય બસ એના કારણે જ તે વિશ્ર્વમાં લોકપ્રિય બની રહી છે પશ્ચિમી સંસ્કૃતિ ખરાબ છે તેવું નથી તે પણ તેના પર્યાવરણ આબોહવા પ્રમાણે રચાયેલ હશે પરંતુ આપણે તેનું આંધળું અનુ કરણ ખાનપાનમાં કરીએ છીએ જે આપણા શરીરને આપણા હવામાન આબોહવા પ્રમાણે સહેજે અનુકૂળ નથી.છતાં દેખાદેખીમાં થઈ રહ્યું છે જો કોઈ બોલવા જાય તો રૂઢિચુસ્ત કે જુન વાણી વિચારધારાનો સ્થાપિત થઈ જાય આ સત્ય હકીકતને સ્વીકારવી જ રહી.ભારતીય સંસ્કૃતિમાં સજીવ નિર્જીવ છોડ વૃક્ષ જળ પ્રકાશ અંધકાર નદી પહાડ જંગલ પશુ પક્ષી સરોવર ઝરણાંનું મહત્વ દર્શાવ્યું છે.આજથી બોલમાડી અંબે જય જય અંબે જય ભવાની જય અંબે ના ગગનભેદી નાદ સાથે માં અંબેના ધામ તરફ શ્રદ્ધા આસ્થાની જયોત સમાન ભાદરવી પૂનમ ભરવા પદયાત્રીઓનો સમૂહ જશે જેની સેવા કરવા પદયાત્રી કેમ્પો પણ એટલા જ કાર્યરત થશે.ભાદરવી પૂનમનો મેળો માણવા.આજે આપણે જાણીએ ખડઘાસ ધરો ધ્રોનું મહત્વ વર્ણવતું વ્રત એટલે આજનો દિવસએ ભાદરવા સુદ આઠમ અને તે ધરો આઠમના રૂપમાં ઉજવાય છે. બીજું મહત્વ આ દિવસ રાધાષ્ટમી કે રાધા જયંતી એટલે દુર્ગાષ્ટમી, દધીચિ જયંતી ભાદરવા સુદ આઠમ.ભગવાન શ્રી કૃષ્ણની સૌથી પ્રિય સખી રાધાનો જન્મ આ દિવસે થયો હોવાનું મનાય છે અને માટે આ દિવસને રાધાની જન્મ જયંતિ રૂપે મનાવવામાં આવે છે.જે સંપ્રદાયોમાં રાધાને વિશેષ સ્થાન આપવામાં આવે છે, જેવાકે પુષ્ટિમાર્ગ અને ગૌડિય વૈષ્ણવ સંપ્રદાય, તેમાં રાધાષ્ટમી ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવે છે. ગૌડિય વૈષ્ણવ સંપ્રદાયની શાખા ઈસ્કોન માં આજના દિવસે બપોરે બાર વાગ્યા સુધી ઉપવાસ રાખવામાં આવે છે. ઈસ્કોનના મંદિરોમાં રાધા-કૃષ્ણની મૂર્તિઓ હોય ત્યાં રાધાનો શણગાર એવી રીતે કરવામાં આવતો હોય છે કે તેના ચરણ (પગ) દેખાય નહિ. પરંતુ રાધાષ્ટમીના દિવસે (આખો દિવસ કે અમુક સમય માટે રાધાના ચરણના દર્શન થાય એવી રીતે તેનો શણગાર થાય છે. આ દર્શન તે રાધાષ્ટમીના વિશેષ દર્શન છે.

ધરો આઠમ વ્રત કરવાથી બાળકો સ્વસ્થ રહે છે. કુંટુંબનો વંશ વધે છે. આ વ્રત ખાસ કરીને સ્ત્રીઓ દ્વારા કરવામાં આવે છે, આવો જાણીએ આ વ્રતની વિધિ અને ધરો આઠમ વ્રતકથા આ વ્રત ભાદરવા સુદ આઠમના દિવસે કરવામાં આવે છે. આ વ્રત કરનારે સવારે વહેલા ઊઠી જવુ અને નિત્યકાર્યથી પરવાની સ્નાન કરી લેવુ. આ દિવસે ધરા(એક પ્રકારનું ઘાસ)ની પૂજા કરવી અને પ્રાર્થના કરવી કે જે રીતે ધરો વધે એ રીતે અમારા કુળનો વંશ પણ વધારજો આ દિવસે ટાઢો ખોરાક ખાવો. ભોજનમાં ચોખાના લાડુ,ફણગા વેલા કઠોળ નાં વડાં વગેરે લઈ શકાય. આ વ્રત સંતાનોના કલ્યાણ માટે સ્ત્રીઓ કરવામાં આવે છે. આ દિવસે કોઈપણ પ્રકારનુ ઘાસ ન કાપવુ.

એક ગામમાં સાસુ-વહુ પ્રેમથી રહેતી હતી. તેઓ ખેતરમાં મજૂરી કરીને પોતાનુ ગુજરાન ચલાવતાં હતા. વહુને એક દીકરો હતો. વહુ સાસુની આજ્ઞાનું પાલન કરતીહતી સાસુ પણ વહુનું માન રાખતા હતા એવામાં ધરો આઠમ નો પવિત્ર દિવસ આવ્યો. સાસુએ કહ્યું કે વહું ચાલ આપણે ખેતરમાંથી ઘાસ કાપી લાવીએ. યશપાલસિંહ ટી. વાઘેલા શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા. વહુ ધરો આઠમનું વ્રત કરતી હતી. આથી આ દિવસે ખાસ કેવી રીતે કાપી શકાય? માટે તેણે સાસુને ના પાડી. આથી સાસુએ ગુસ્સો કરતા કહ્યું કે ઘાસ નહીં લાવીએ તો ખાઈશું શું? તારું કપાળ?

આથી વહુ લાચાર બની સાસુ સાથે ખેતરમાં ઘાસ કાપવા માટે ગઈ. છોકરાને ઘોડિયમાં સુવડાવી, બારણે સાંકળ ચઢાવી તેઓ ખેતર માં જવા નીકળ્યા. પણ વહુનુ મન ન માન્યું. ધરો આઠમના દિવસે લીલું ઘાસ કંઈ રીતે કાપી શકાય.? આથી વહુ ધરો બાજુમાં રાખી અન્ય ઘાસ કાપવા લાગી. સાસુ-વહુ ઘાસ કાપીને ઘર તરફ જવા લાગ્યા. રસ્તામાં કોઈએ તેમને સમાચાર આપ્યા કે તમારું ઘર ભડભડ સળગે છે માટે જલદી ઘરે જાવ. સાસુ-વહુ તો આ સાંભળી હેબતાઈ ગયા અને ગભરાતા ગભરાતા ઘરે આવ્યા. જોયું તો તેમનું ઘર આખું બળીને રાખ થઈ ગયું હતું. વહુએ જઈને તરત પહેલા પોતાના બાળકને જોવા બારણાને ખસેડીને જોયું તો તેના પુત્રની આસપાસ ધરો વીંટળાઈ ગઈ હતી.

આ દ્રશ્ય જોઈ વહુ ખુશ થઈ અને સાસુને કહ્યું કે જુઓ મારું ધરો આઠમનું વ્રત ફળ્યું. ધરો માએ મારા બાળકને બચાવી લીધું. સાસુ પણ આ જોઈ આશ્ચર્યમાં પડી ગયા અને ધરો આઠમના દિવસે ખાસ ન કાપવાનો નિર્ણય લીધો. આવો છે આ વ્રતનો પ્રભાવ, એ ધરોમાં જેવી રીતે વહુને ફળ્યા એવા સૌને ફળજો વાચક ચાહક શુભેચ્છક હિતચિંતક મિત્રો આપણે કલમ દ્વારા સારી વાતો લઈને મળતા જ રહીએ છીએ. આજે ભાદરવા સુદ આઠમ ધરો ધ્રો આઠમ તરીકે ઉજવાય છે. સ્ત્રીઓ ધરો આઠમ ના દિવસે ધરો (ધ્રો, ધ્રોખડ) કે દૂર્વાની પૂજા કરે છે,આ દિવસે માતા પોતાના સંતાન માટે વ્રત રાખે છે, આગલા દિવસે રાંધેલું ટાઢું જમે છે અને ખાસ કરીને ચોખા અને બાજરીની કુલેર ખાય છે. હિંદુ ધર્મમાં મૃતકની ઉત્તરક્રિયાઓમાં ધરો આઠમના દીવસે ધરોની છાબડી આપવાની પણ એક વિધી હોય છે જેમાં મોટે ભાગે મૃતકની પુત્રીને છાબડીમાં વસ્ત્ર અને ધરોનું દાન આપવામાં આવે છે.એકંદરે આપણા ઉત્સવો ઉજવણી કે શોકના દિવસોમાં આરોગ્યની ખાસ કાળજી રાખવામાં આવી છે. સૌ સ્વસ્થ રહો મસ્ત રહો ખુશ રહો..

વાચક ચાહક મિત્રો આજે રાધા જયંતી ભાદરવા સુદ આઠમ ભાદરવી પૂનમ મેળાનો શુભારંભ થયો છે. તંત્ર અને સેવાભાવી સંસ્થાઓ લોકો સતત પદયાત્રીઓની સેવા માટે કટિબદ્ધ છે.. સૌની મનોકામના મા અંબે જગત જનની પૂરી કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

## વિજ્ઞાનને શ્રદ્ધા સાથે જોડતી કડી, શ્રી રામસેતુ



ગત અઠવાડિયે ફિલ્મ 'રામ સેતુ' જોઈ. ફિલ્મના શરૂઆતના એક-બે સંવાદ તદ્દન બિનજરૂરી છે, એને થોડીક વાર અવગણી બૃહદ પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો ફિલ્મ કલ્ચરલ જેનોસાઇડ અથવા 'સાંસ્કૃતિક નરસંહાર' ની વાત મૂકે છે. 'ધ કાશ્મીર ફાઈલ્સ'માં સાંસ્કૃતિક નિકંદનના આ વિષયનો અછડતો સ્પર્શ થયો હતો, હમણાં પ્રસિદ્ધ થયેલા મારા પુસ્તક 'કાશ્મીરી પંડિતોની રુંધાયેલી ચીસો'માં પણ એની થોડીક વાત કરી છે. એક નાનકડું ઉદાહરણ એ છે કે ઈ.સ. ૧૦૩૦ની આસપાસ મહેમૂદ ગઝનીના જ્યોતિષી ઈરાનના અહમદ અલ બેરુનીએ એને એડમની કથા સાથે જોડ્યા હોવાનું મનાય છે. નકશા બનાવનાર બ્રિટિશ અધિકારીએ ઈ.સ. ૧૮૦૪માં સૌપ્રથમ નકશા પર એડમ્સ બ્રિજ નામે સેતુને દર્શાવ્યો હતો. રામસેતુનો ઉલ્લેખ તો છેક વાલ્મિકી રામાયણકાળથી છે. તો પણ વિકિપિડિયા પર એડમ્સ બ્રિજ નામનું પેજ છે જેમાં લખાયું છે કે એને રામસેતુ તરીકે પણ ઓળખાય છે. રામસેતુ સર્ચ કરશો તો વિકી તમને એડમ્સ બ્રિજ નામના પેજ પર લઈ જશે. 'રામસેતુ' ફિલ્મની શરૂઆતમાં બામિયાન બુદ્ધના વિધ્વંસવાળી ઘટના દેખાડાય છે, એ વિધ્વંસ એક પરિપ્રેક્ષ્ય છે. બામિયાનના બુદ્ધ એ અફઘાનિસ્તાનના કાબુલથી આશરે ૧૮૦ કિલોમિટરે પહાડોમાં નિર્મિત ભગવાન બુદ્ધની બે અદ્ભુત મૂર્તિઓ હતી. બે પૈકી 'સલસાલ' નામે ઓળખાતી પશ્ચિમે હતી એ બુદ્ધની લાંબી મૂર્તિ આશરે ૫૫ મીટર ઊંચી અને પૂર્વમાં સ્થિત નાના બુદ્ધ એટલે કે 'શમામા' તરીકે ઓળખાતી બીજી મૂર્તિ આશરે ૩૮ મીટર ઊંચાઈની હતી. સમયાવધિ નક્કી કરવા મૂર્તિઓના મૂળ ભાગની કાર્બન ડેટિંગ પદ્ધતિથી ચકાસણી કરાઈ તો ખબર પડી કે નાની મૂર્તિ ઈ.સ. ૫૭૦ની અને લાંબા બુદ્ધની મૂર્તિ ઈ.સ. ૬૧૮ આસપાસની હતી. બામિયાન ભારત અને મધ્યના દેશો વચ્ચે વેપારમાર્ગના, સિલ્ક રૂટ પર હતું, કાશ્મીરથી લઈને અત્યારના પાકિસ્તાન અને અફઘાનિસ્તાન એમ બધે શિવાલયો, બૌદ્ધ મઠો અને મંદિરો હતાં. સાધુઓ અહીંની ગુફાઓમાં રહેતા, બીજી સદીમાં એ ધમધમતું બૌદ્ધ ઉપાસના કેન્દ્ર હતું એમ મનાય છે.

# કર્ણ અને શ્રીકૃષ્ણના જીવનચરિત્રમાં સમાનતાઓ અને તફાવત

કર્ણ અને અર્જુન વચ્ચે કોણ શ્રેષ્ઠ ધનુર્ધર એ પ્રશ્નનો ઉત્તર સદીઓથી આપણે ત્યાં ચર્ચાતો રહ્યો છે. એ પ્રશ્નના વિકલ્પોમાં ગંગાપુત્ર ભીષ્મ અને ગુરુદેવ દ્રોણાચાર્ય પણ ક્યારેક ચર્ચામાં આવે છે, પરંતુ આ પ્રશ્નનો કોઈ પણ એક વિકલ્પ પસંદ કરી ઉત્તર આપવો અશક્ય છે. જો કે કર્ણ અને શ્રીકૃષ્ણ બંને સાથે સંકળાયેલા છે શ્રીકૃષ્ણ! મહાભારતમાં અન્ય પણ એવા ઘણાં પાત્રો છે જેમની યુદ્ધક્ષમતાઓ બહુ ઓછી ચર્ચાઈ છે જેમ કે બર્બરિક અને ઘટોત્કચ. આ બધાં પાત્રો વિશે વિચારતાં અમુક પાત્રો વચ્ચેની સમાનતા ઊડીને આંખે વળગે છે. આવી જ એક સમાંતર જીવનગાથા કર્ણ અને શ્રીકૃષ્ણ વચ્ચે પણ દેખાય છે, પણ કર્ણનું જીવન મારા મતે એક સ્તર પછી અધોગતિ કરે છે જ્યારે કૃષ્ણનું જીવન જ દર્શન છે, સહજ જીવનનું, પૂર્ણતાનું, મુક્તિનું અને ઉર્ધ્વગતિનું એ પરિચાયક છે. આ વિષયના કેટલાક અગત્યના મુદ્દા મારો મત પ્રગટ કરવા પૂરતાં અહીં મૂક્યા છે.




શ્રીકૃષ્ણ અને કર્ણની જન્મગાથામાં ઘણું સામ્ય છે. શ્રીકૃષ્ણ તો અવતાર હતા એટલે એમના જન્મ સાથે સંકળાયેલી દૈવી ઘટનાઓની વાત અહીં નથી. પણ જન્મ સમયના સંજોગો લગભગ સમાન હતા. માતા દેવકી અને વસુદેવ કૃષ્ણજન્મ સમયે કારાગૃહમાં હતાં, જન્મ પછી તરત શ્રીકૃષ્ણને માતા દેવકીથી દૂર થવું પડ્યું અને તેઓ યશોદામાનું વાત્સલ્ય પામ્યા. એ જ રીતે કર્ણજન્મ વખતે માતા કુંતીને તેમની ધાત્રીએ સૌથી અલગ રાખ્યાં હતાં અને કર્ણના જન્મ પછી તરત જ માતા કુંતીથી દૂર થવું પડ્યું અને તે મહારાજ અધીરથના પત્ની રાધામાનું વાત્સલ્ય પામ્યા. પણ ફરક એ છે કે માતા દેવકીએ કૃષ્ણ એમના પુત્ર છે એ વાત ક્યારેય છુપાવી નથી જ્યારે કુંતી કર્ણના મૃત્યુ સુધી તેને પોતાના પુત્ર તરીકે જાહેર કરી શક્તાં નથી.

જન્મ પછી તરત વસુદેવ શ્રીકૃષ્ણને લઈને યમુના પાર ગોકુળ લઈ જાય છે, જ્યારે કર્ણ જન્મ પછી તરત નદીમાં એક પેટીમાં તરતા મુકાય છે. બંનેના જન્મસંજોગોમાં નદીઓ અગત્યનો ભાગ ભજવે છે. પણ તફાવત એ છે કે કર્ણને પોતાની સૂતપુત્રની ઓળખ સતત કનડતી રહી છે, કર્ણની વિચારસરણી અને વ્યવહારમાં પોતાની જાતને સાબિત કરવાની, પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાની સતત મથામણ રહી છે. કંઈક કરી બતાવવાની, કીર્તિની અને શૌર્યપતાકાઓ લહેરાવવાની એને સતત લાલસા રહી છે. જ્યારે શ્રીકૃષ્ણને કોઈ ઓળખ, કોઈ પરિચય બાંધી શક્યો નથી. એ તો ગોપબાળ તરીકે પણ પ્રસન્ન છે, મુત્સદ્દી તરીકે પણ અને ઈશ્વર તરીકે પણ! દરેક ઓળખમાં શ્રીકૃષ્ણ સંપૂર્ણ છે! જેની સાથે હોય ત્યાં જ તેઓ પૂર્ણપણે હોય છે. એટલે જ શ્રીકૃષ્ણ સુદામાના મિત્ર હોય, દ્રૌપદીના સખા હોય કે શિશુપાલનો વધ કરતાં હોય, દરેક સંબંધમાં પોતાના સો ટકા આપે છે, એ રીતે દરેક સાથે તેઓ પૂર્ણ પુરુષ છે.

મથુરામાં કંસને હરાવ્યા પછી શ્રીકૃષ્ણ રાજા બની શક્યા હોત કે તેમના પિતા વસુદેવને રાજ્ય આપી શક્યા હોત, પરંતુ તેમણે મહારાજ ઉગ્રસેનને રાજ્યશાસન સોંપ્યું અને પોતે મથુરામાં રક્ષણાર્થે રહ્યાં, મગધ તરફથી થયેલા અનેક હુમલાઓ તેમણે ખાળ્યાં. એ જ રીતે જ્યારે કર્ણ પાંડવ છે એ વિશેનું સત્ય શ્રીકૃષ્ણ કર્ણને કહે છે ત્યારે કર્ણ પાસે અવસર છે હસ્તિનાપુરના રાજા થવાનો. યુધિષ્ઠિરને ખબર પડે કે કર્ણ એમનો મોટો ભાઈ છે તો એ રાજા બનવાના નહોતા, કર્ણ પોતે જ એ વાત શ્રીકૃષ્ણને કહે છે. દુર્યોધન પાસેથી રાજ્ય જીતી લઈ એ કર્ણને ચરણે ધરી દેત, કૃષ્ણને પણ એ વાતની ખાતરી છે. તો સામે પક્ષે એ પણ શક્ય હતું કે દુર્યોધનને કર્ણના કૌંતેય હોવા વિશે ખબર પડે તો એ પાંડવોને બદલે વિવાદ ટાળવા પોતાના મિત્રને રાજા બનાવે. એ રીતે કર્ણ પાસે યુદ્ધના ગમે તે પરિણામ પછી પણ રાજ્યશાસન પ્રાપ્ત કરવાની તક હતી; કદાચ એનું સત્ય જાહેર થયું હોત તો યુદ્ધ અટક્યું હોત એવી શક્યતા પણ ખરી, પરંતુ એ તક જતી કરીને કર્ણે યુદ્ધમાં જવાનો અને વીરગતિ પ્રાપ્ત કરવાનો માર્ગ પસંદ કર્યો.

## અવસરને ઓળખ્યા વગર ક્યારેય નથી મળતી સફળતા

કોઈ પણ વસ્તુમાં સફળતા માટે અવસરને ઓળખવું ખુબ જરૂરી છે. આચાર્ય ચાણક્ય અનુસાર જે વ્યક્તિ કામ કરવામાં કુશળ હોય છે, તેને તે જ કામ કરવાની જવાબદારી આપવી જોઈએ. ચાણક્ય નીતિમાં સમજાવવામાં આવ્યું છે કે સફળતા માટે અવસરને ઓળખવું ખુબ જરૂરી છે. અવસરને સમય પર ન ઓળખવાના કારણે ઘણા લોકો પોતાની સફળતાથી પરિચિત રહી જાય છે. આ વાત એકદમ યોગ્ય છે કે અવસર હોવા છતાં પણ ઓળખી ન સકતા લોકો પર દેવી લક્ષ્મી પ્રસન્ન થતી નથી. આચાર્ય ચાણક્યએ શ્લોકો સાથે આ વાત સમજાવી છે.આચાર્ય ચાણક્ય અનુસાર, જે વ્યક્તિ સફળતાની તકને ઓળખ્યા વિના કામ શરૂ કરે છે, તે લક્ષ્મીથી વંચિત થઈ જાય છે, એટલે કે લક્ષ્મી તેનો સાથ છોડી દે છે. વ્યક્તિ પોતાની જાતને ભાગ્યશાળી માને છે, પરંતુ જો તે સમયને ઓળખ્યા વિના તેની યોગ્ય તપાસ કર્યા વિના કામ શરૂ કરે છે, તો તેને સફળતા મળતી નથી. આચાર્ય ચાણક્યએ આ શ્લોકમાં કહ્યું છે કે માણસનું કર્તવ્ય છે કે તે



પોતાના અનુભવ-શક્તિ અને વિચાર-શક્તિ બંનેની મદદથી પરિણામના કારણો શોધી કાઢ્યા પછી ખાતરી કરે કે આ કાર્ય કેવી રીતે કરવું.આચાર્ય ચાણક્ય અનુસાર જે વ્યક્તિ કાર્ય કરવામાં કુશળ હોય છે, તેને તે જ કામ કરવાની જવાબદારી સોંપવી જોઈએ. રાજ્ય કર્મચારીઓની નિમણૂક કરતી વખતે તેમની લાયકાતનું ધ્યાન રાખવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. જે પ્રકારની લાયકાત ધરાવે છે તેને તે જ કામ સોંપવું જોઈએ. જો કોઈ વ્યક્તિ એવું કામ કરે છે જેનો તેને અનુભવ નથી, તો તે કાર્ય બગડવાથી રાજ્યને નુકસાન થાય છે. રાજ્યની ખોટનો અર્થ પ્રજાની વેદના પરથી જાણી શકાય છે. આચાર્ય ચાણક્યએ આ શ્લોકમાં કહ્યું છે કે જ્યારે વ્યક્તિ કોઈ કામ કરવાની રીત જાણે છે ત્યારે તે સૌથી મુશ્કેલ કાર્યને પણ સરળ બનાવી દે છે.

# વિભક્ત પરિવારોમાં પાત્ર શોધવાની મથામણ મેટ્રિમોનિયલ સાઇટ્સ

એક સમયે ભારતીય પરંપરામાં લગ્ન માટે પાત્રોની પસંદગી વડીલો કરતા ધીમે ધીમે બંને પાત્રોને જોવા મળવા અને પસંદ કરવાની છૂટ મળવા લાગી. કૌટુંબિક લગ્નપ્રસંગમાં ઘરના વડીલો પ્રસંગ પર સારા પાત્રની શોધ માટે નજર રાખતા. ધીમે ધીમે સંયુક્ત કુટુંબનું ગૌરવ લેતાં ભારતીય પરિવાર મોટેભાગે ન્યુક્લિયર બનતા ગયા. પરિવાર નાના બનતા સગાસંબંધીઓ તથા સમાજમાં સંપર્કો ઘટવા લાગ્યા, પરિવારના સંપર્કો ક્લોઝ ફ્રેન્ડ ગ્રુપ સુધી સીમિત થવા લાગ્યા, સિંગલ મધર કે સિંગલ ફાધર રોજગારી માટે જાય કે સમાજ સાથે સંબંધ બાંધે? લવમેરેજ, શહેરીકરણ, અભ્યાસ માટે દૂર જવું જેવાં



કારણોસર વ્યક્તિ પોતાના સમાજથી દૂર થવા લાગી. આ સમયે સમાજના મેળાવડામાં યોગ્ય પાત્રોની શોધ શરૂ થવા લાગી, પણ અગમ્ય કારણોસર સફળતાનું પ્રમાણ નોંધપાત્ર નથી.

એક કારણ એ પણ હોય કે પોતાના સમાજ કે કુટુંબ સાથે વ્યસ્તતા વચ્ચે તથા જૂના કોઈ વિવાદમાં ઉષ્માભર્યા સંબંધ રહ્યા નથી. ઘણાં બાળકો પોતાના સંબંધીઓને કઝિન તરીકે જાણતા હોય છે પણ એક્ચ્યુઅલ સંબંધ શું થાય એ જાણતા હોતા નથી. ભારતમાં સર્જાયેલા નવા યુગના સંજોગોમાં સૌથી વધુ ફાયદો થયો હોય તો મેટ્રિમોનિયલ કંપનીઓ કે સાઈટ્સને

ભારતમાં જીવનસાથી શોધવાની સમસ્યાઓ પર બેએક વર્ષ પહેલાં એક ઓટીટી પર ઈન્ડિયન મેચમેકિંગ આવી હતી, જેમાં આપણી વાસ્તવિકતા દર્શાવી હતી. બોલીવૂડની યુપી બિહાર પર બનતી હળવી ફિલ્મોએ આડકતરી રીતે મેટ્રિમોનિયલ સબ્જેક્ટ ટચ કર્યો છે. મૂળ વાત, સંપર્કો ઘટતા યોગ્ય પાત્રોની શોધ માટે મેટ્રિમોનિયલ સાઈટ એકમાત્ર વિકલ્પ રહ્યો હોય એવું લાગે છે.

કોરોના પહેલા ૨૦૧૯માં એક જાણીતી મેટ્રિમોનિયલ સાઈટમાં ત્રણ લાખ પ્રોફાઈલ હતી. આપણે ત્યાં છોકરો છોકરી પચ્ચીસ વર્ષ પૂરા કરે એટલે પરિવાર તરફથી કે આસપાસની દુનિયામાંથી જાતજાતનું પ્રેશર આવતું હોય છે. યુવાવર્ગને ચોઈસ મળે તે માટે મેટ્રિમોનિયલ સાઈટસમાં અસંખ્ય કેટેગરી હોય છે. ખાસ કેટેગરીમાં એલિટ મેટ્રોમોની હોય છે.

BOLLYWOOD NEWS FLASH

## જવાનના ડાયરેક્ટર ફિલ્મના નવા કટ પર કામ કરી રહ્યા છે

## જવાન સિનેમાઘરોમાં ધૂમ મચાવ્યા બાદ હવે OTT પર રિલીઝ માટે તૈયાર



। મુંબઈ, તા.૨૨ ।

શાહરૂખ ખાનની ફિલ્મ જવાન સિનેમાઘરોમાં ધૂમ મચાવ્યા બાદ હવે OTT પર રિલીઝ માટે તૈયાર છે. આ ફિલ્મ બહુ જલ્દી OTT પ્લેટફોર્મ પર રિલીઝ થશે. દર્શકો જવાનની OTT રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. બીજી ખાસ વાત એ છે કે 'જવાન' તેના ડિલીટ કરેલા વર્ઝન સાથે OTT પર રિલીઝ થશે. 'જવાન'ના સમયગાળાને ધ્યાનમાં રાખીને ફિલ્મમાંથી કેટલાક દ્રશ્યો દૂર કરવામાં આવ્યા હતા અને તે પછી જ તેને થિયેટરોમાં રજૂ કરવામાં આવી હતી. જે બાદ હવે મેકર્સ એ ડિલીટ કરેલા સીન સાથે ફિલ્મને OTT પર રિલીઝ કરવાની તૈયારી કરી રહ્યા છે. અહેવાલ છે કે 'જવાન'ના ડાયરેક્ટર એટલી કુમાર ફિલ્મના નવા કટ પર કામ કરી રહ્યા છે. શાહરૂખ ખાનની ફિલ્મ 'જવાન'નું વર્ઝન જે સિનેમાઘરોમાં રિલીઝ થયું છે તે ૨ કલાક અને ૪૫ મિનિટનું છે. ફિલ્મના OTT વર્ઝનનો રન ટાઈમ લગભગ ૩ કલાક ૧૫ મિનિટનો રહેવાની ધારણા છે. આવી સ્થિતિમાં હવે દર્શકો ઓટીટી પર ફિલ્મની રિલીઝની રાહ જોઈ રહ્યા છે. જોકે, મેકર્સે હજુ સુધી એ ખુલાસો કર્યો નથી કે 'જવાન' ક્યારે અને કયા OTT પ્લેટફોર્મ પર રિલીઝ થશે.

તમને જણાવી દઈએ કે બોલીવૂડ અભિનેતા શાહરુખ ખાનની ફિલ્મ 'જવાન' માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વભરમાં બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે.


આ ફિલ્મ ૭ સપ્ટેમ્બરના રોજ રીલિઝ થઈ હતી અને હવે માત્ર ૧૩ દિવસમાં જ ફિલ્મે ભારતીય બોક્સ ઓફિસ પર ૫૦૦ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી લીધી છે. દુનિયાભરની વાત કરીએ તો 'જવાન' હવે રૂ. ૯૦૦ કરોડના ક્લબમાં સામેલ થવાની ખૂબ નજીક છે. ફિલ્મે અત્યાર સુધીમાં ૮૮૩.૬૮ કરોડ રૂપિયાની કમાણી કરી છે. શાહરુખ ખાનના ફેન્સ તેમની આ ફિલ્મને ખૂબ જ પસંદ કરી રહ્યા છે. આ ફિલ્મને લઈ ચાહકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો છે. શાહરુખ ખાનની આ ફિલ્મ બોક્સ ઓફિસ પર શાનદાર કમાણી કરી રહી છે.

### દિશા પટણીનો લૂક જોઈને બધા આશ્ચર્યચકિત થઈ ગયા કારણ કે તે ખૂબ જ સેક્સી લુક સાથે અંબાણીને ત્યાં આવી હતી

## ગણેશ પૂજામાં દિશા પટણીના કપડાં જોઈને ભડક્યાં લોકો

। મુંબઈ, તા.૨૨ ।

અંબાણીની પાર્ટી સમાચારોમાં છે અને ગણેશ ચતુર્થીના અવસર પર, ઘણા બોલિવૂડ સ્ટાર્સ અને ખેલાડીઓ પણ આ પાર્ટીનો ભાગ બન્યા હતા. આ દરમિયાન બધાએ ખૂબ જ પરંપરાગત વસ્ત્રો પહેર્યા હતા. પરંતુ દિશા પટણીની પાર્ટીમાં પ્રવેશતાની સાથે જ વાતાવરણ ગરમાયું હતું. દિશા પટણીનો લૂક જોઈને બધા આશ્ચર્યચકિત થઈ ગયા કારણ કે તે ખૂબ જ સેક્સી લુક સાથે આવી હતી. જોકે તેણીએ સાડી પહેરી હતી, પરંતુ બ્લાઉઝ એટલો રિવલિંગ હતો કે લોકો તેના પર ગુસ્સે થતા જોવા મળ્યા હતા. આ દરમિયાન અભિનેત્રીએ બ્રેલેટ સ્ટાઈલના બ્લાઉઝ સાથે હળવા રંગની સાદી સાડી પહેરી હતી. એક્ટ્રેસનું આ બ્લાઉઝ સામેથી સાવ ખુલ્લું હતું. આ બ્લાઉઝ પાછળથી પાતળી દોરી પર લટકતું હતું અને આગળની બાજુએ એટલું ડીપનેક હતું કે કેમેરામાં બધું જ દેખાતું હતું. આ કારણે લોકો તેની ટીકા કરી રહ્યા છે અને તેને ખરાબ રીતે ટ્રોલ કરી રહ્યા છે.



## ગદર ૨ બ્લોકબસ્ટર થતા સની દેઓલને મળી નવી ફિલ્મ

। મુંબઈ, તા.૨૨ ।

ગદર ૨ બ્લોકબસ્ટર સાબિત થયા બાદ લોકોના મનમાં સતત પ્રશ્ન હતા કે સની દેઓલની હવે પછીની ફિલ્મ કઈ હશે. આ સાથે જ સની દેઓલ માટે કેટલીક જૂની ફિલ્મોની સિક્વલની પણ ચર્ચા હતી. પરંતુ તાજેતરના મીડિયા રિપોર્ટ્સ અનુસાર સની દેઓલે તેની આગામી ફિલ્મ તેના જૂના મિત્ર રાજકુમાર સંતોષી સાથે કરવાનું નક્કી કર્યું છે.



આ ફિલ્મ સાથે આમિર ખાનનું પણ કનેક્શન છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સનીએ આ પ્રોજેક્ટને ખૂબ જ સમજી-વિચારીને પસંદ કર્યો છે. કારણ કે સની દેઓલ ગદર ૨ની સફળતાને આગળ વધારવા માંગે છે. ૧૯૯૦ ના દાયકાની શરૂઆતમાં સની દેઓલ અને રાજકુમાર સંતોષીની અભિનેતા-દિગ્દર્શક જોડીએ ઘાયલ, ઘાતક અને દામિની જેવી ફિલ્મોથી બોક્સ ઓફિસ પર રેકોર્ડ બ્રેક કમાણી કરી હતી. પરંતુ ૧૯૯૬માં કેટલાક મતભેદો બાદ બંને અલગ થઈ ગયા હતા. જો કે તેની પાછળ ઘણા કારણો આપવામાં આવ્યા હતા અને અટકળો લગાવવામાં આવી હતી. પરંતુ બંનેમાંથી કોઈએ ક્યારેય આ વિશે વાત કરી નથી. આ વર્ષની શરૂઆતમાં રાજકુમાર સંતોષીએ કહ્યું હતુ કે તે સની દેઓલ સાથે બનાવી રહ્યા છે અને તેઓ ૨૪-૨૫ વર્ષ પછી સાથે કામ કરી રહ્યા છે. ખાસ વાત છે કે સની દેઓલ સ્ટારર રાજકુમાર સંતોષીની આ ફિલ્મ આમિર ખાન પ્રોડ્યુસ કરી રહ્યો છે.

### પરિણીતી ચોપરા-રાઘવ ચઢ્ઢાએ તેમના લગ્ન માટે ઉદયપુરની સૌથી લોકપ્રિય હોટેલ ધ લીલા પેલેસ પસંદ કરી છે



## લીલા પેલેસ, ઉદયપુરમાં વેજ ફૂડની એક પ્લેટનો રેટ ૮૦૦૦ રૂપિયા છે

। મુંબઈ, તા.૨૨ ।

પરિણીતી ચોપરા અને રાઘવ ચઢ્ઢા ૨૪ સપ્ટેમ્બરે લગ્નના પવિત્ર બંધનમાં બંધાવા જઈ રહ્યા છે. આ લગ્નની ચર્ચા માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં થઈ રહી છે. આ જ કારણ છે કે લોકો આ લગ્ન સાથે જોડાયેલી દરેક વસ્તુ સર્ચ કરવા માંગે છે. તમને જણાવી દઈએ કે પરિણીતી ચોપરા અને રાઘવ ચઢ્ઢાએ તેમના લગ્ન માટે ઉદયપુરની સૌથી લોકપ્રિય હોટેલ ધ લીલા પેલેસ પસંદ કરી છે. આ હોટલની ગણતરી દેશની સૌથી મોંઘી હોટલોમાં થાય છે. અહીંનું ભાડું એટલું છે કે તમે તેના વિશે સાંભળીને ચોંકી જશો. આવો અમે તમને જણાવીએ કે આ હોટલમાં આવનારા મહેમાનો જે ભોજન કરશે તેની કિંમત શું હશે ? એમાં કોઈ શંકા નથી કે આ હોટેલ દેશની સૌથી મોંઘી હોટેલોમાંની એક છે. પરંતુ આ હોટેલની સુંદરતા અને અહીંની સુવિધાઓ એટલી શાનદાર છે કે તમે તેના રેટને લઈને પરેશાન નહીં થાવ. મહારાજા સ્યુટ આ હોટેલના સૌથી ખાસ રૂમોમાંથી એક છે. આ સાથે આ હોટલમાં એક બેક્ક્વેટ હોલ પણ છે, જેમાં લગભગ ૨૦૦ લોકો એકસાથે આવી શકે છે. આ હોટેલની સૌથી ખાસ વાત એ છે કે આ આખી હોટલ એક તળાવની વચ્ચે આવેલી છે. આ હોટેલની બહારની જગ્યામાં ૧૦૦ લોકો આરામથી રહી શકે છે. આ હોટલની ગણતરી શાહી લગ્ન માટે રાજસ્થાનની શ્રેષ્ઠ હોટલોમાં થાય છે. તમને જણાવી દઈએ કે, આ હોટલને વર્ષ ૨૦૧૯માં ન્યૂયોર્કના પ્રખ્યાત ટ્રાવેલ મેગેઝિન Travel Leisure દ્વારા બેસ્ટ હોટેલ અને રિસોર્ટનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. એક વેબસાઈટના રિપોર્ટ અનુસાર લીલા પેલેસ, ઉદયપુરમાં વેજ ફૂડની એક પ્લેટનો રેટ ૮૦૦૦ રૂપિયા છે. નોન-વેજ ફૂડની એક પ્લેટ માટે પણ તમારે ફક્ત ૮,૦૦૦ રૂપિયા ચૂકવવા પડશે. આ સાથે તમારે પ્લેટ પર અલગથી ટેક્સ ચૂકવવો પડશે. મતલબ કે પરિણીતી ચોપરા અને રાઘવ ચઢ્ઢાના લગ્નમાં ૨૦૦ લોકો આવે તો પણ તેમને માત્ર ખાવા માટે ૧૬ લાખ રૂપિયા ચૂકવવા પડશે.

## "પોન્નિયન સેલ્વન"અભિનેત્રી ત્રિશા કૃષ્ણન ટૂંકમાં લગ્ન કરશે

। મુંબઈ, તા.૨૨ ।

પોન્નિયન સેલ્વન અભિનેત્રી ત્રિશા કૃષ્ણન ટૂંક સમયમાં લગ્ન કરવા જઈ રહી છે. અહેવાલો અનુસાર અભિનેત્રી આગામી દિવસોમાં તેના લગ્નની જાહેરાત કરી શકે છે. કહેવામાં આવી રહ્યું છે કે ત્રિશાના ભાવિ જીવનસાથી મલયાલમ ફિલ્મોના નિર્માતા છે. જોકે, તે કોણ છે તે અંગે કોઈ અપડેટ નથી. હાલમાં જ એક ઈન્ટરવ્યૂ દરમિયાન ત્રિશાને તેના લગ્ન વિશે પૂછવામાં આવ્યું હતું. તેના પર અભિનેત્રીએ કહ્યું કે તેણે હજુ સુધી આ વિશે વિચાર્યું નથી. તે લગ્ન કરવા માંગતી નથી, કારણ કે આ પછી તેના પર જવાબદારી આવશે. ત્રિશાએ કહ્યું કે તેના ઘણા મિત્રો છે જેઓ પરિણીત છે અને તેઓ તેમના જીવનમાં ખૂબ ખુશ છે. જો કે, તેના ઘણા મિત્રો પણ છે જેમના છૂટાછેડા થઈ ગયા છે. અભિનેત્રીએ કહ્યું કે કદાચ તેને હજુ



સુધી તેનો યોગ્ય જીવનસાથી મળ્યો નથી, તેથી તે હજુ લગ્ન વિશે વિચારી રહી નથી.

આ પહેલાં ત્રિશાએ ૨૩ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ બિઝનેસમેન અને પ્રોડ્યુસર વરુણ મનિયન સાથે સગાઈ કરી હતી. જો કે, બંનેએ થોડા મહિના પછી સગાઈ તોડી નાખી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ત્રિશા અને વરુણ વચ્ચે સગાઈથી ઘણા મતભેદો હતા, જેના કારણે આ સંબંધ લાંબો સમય ટકી શક્યો નહીં. આખરે મે ૨૦૧૫માં બંનેએ અલગ થવાનો નિર્ણય કર્યો.

તે સમયે એવા અહેવાલો આવ્યા હતા કે વરુણના પિતા તેમના પુત્રના ત્રિશા સાથેના લગ્નની સખત વિરુદ્ધ હતા, કારણ કે તેઓ ઈચ્છતા ન હતા કે લગ્ન પછી અભિનેત્રી અભિનય કરે. વરુણ પણ પિતાના આ નિર્ણયના સમર્થનમાં હતો. જોકે, ત્રિશાએ ક્યારેય આ સગાઈ તૂટવાનું કારણ જણાવ્યું નથી. ત્રિશાનું નામ સાઉથ ઈન્ડસ્ટ્રીના ઘણા કલાકારો સાથે જોડાઈ ચૂક્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ત્રિશા અગાઉ રાણા દગ્ગુબાતી, વિજય અને નયનતારાના એક્સ બોયફ્રેન્ડ સિમ્બુ સાથે રિલેશનશિપ માં રહી ચૂકી છે. જો કે, અભિનેત્રીએ તેની લવ લાઈફને લઈને ક્યારેય કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી.

### મંત્રી કુંવરજી બાવળીયાએ આણંદ અને ખેડા જિલ્લાની મુલાકાત લીધી

# કનેવાલ અને પરીએજ વોટર લાઇન વચ્ચેના જંક્શન પોઈન્ટનું નિરીક્ષણ કરતા મંત્રીશ્રી

| મનીષ પ્રજાપતિ આણંદ, તા.૨૨ |

પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ આજે આણંદ અને ખેડા જિલ્લાની મુલાકાત લીધી હતી. જે દરમિયાન મંત્રીશ્રીએ માતર તાલુકાના લીંબાસી બ્રાન્ચ કેનાલની અને પરીએજ તળાવની મુલાકાત લીધા બાદ કનેવાલ અને પરીએજ વોટરલાઈન વચ્ચેના જંક્શન પોઈન્ટનું નિરિક્ષણ કર્યું હતું. તેમજ આ જળ સ્ત્રોતોમાંથી લોકોને મળતાં પીવાના અને સિંચાઈના પાણી અંગેની જરૂરી વિગતો સંબંધીત અધિકારીઓ પાસેથી મેળવી હતી.

મંત્રીશ્રીએ લોકોને પાણી અને સિંચાઈના પાણીનો પુરવઠો પૂરું પાડવો એ આપણી પ્રાથમિક ફરજ છે તેમ જણાવી આગામી સમયમાં કનેવાલ તળાવ, પરીએજ તળાવ અને નારદા તળાવમાં પાણીના સંગ્રહને વધારી શકાય તે રીતે તળાવોને ઊંડા કરવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. વધુમાં તેમણે આવનારા સમયમાં પીવાના તેમજ સિંચાઈ માટેના પાણીના પ્રશ્નોના નિરાકરણ લાવી લોકો સુધી સરળતાથી પાણી પહોંચાડી શકાય તે માટેના જરૂરી પગલાઓ પૂર્વેની સ્થિતિ નિરિક્ષણના ઉદ્દેશ્ય સાથે આજે આ મુલાકાત લીધી હોવાનું જણાવ્યું હતું. મંત્રીશ્રીએ માતર તાલુકાના લીંબાસી ડિસ્ટ્રીબ્યુટરી નહેરની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ ખેડૂતોને સિંચાઈને લગતી સમસ્યાઓ સાંભળી અધિકારીઓને સિંચાઈના પાણીથી કોઈ ખેડૂત વંચિત ન રહે



તેની તકેદારી રાખવા જણાવ્યું હતું. ત્યારબાદ મંત્રીશ્રીએ નારદા તળાવની મુલાકાત લઈ તેનું નિરીક્ષણ કરી આગામી સમયમાં આ તળાવને ઊંડું કરવા માટે પગલા ભરવા તંત્રને જણાવ્યું હતું. તેમજ પરીએજ તળાવમાં આગામી ઉનાળામાં ખોદકામ કરવાનું હોવાથી જી.ડબલ્યુ.આઈ.એલ. યોજના અંતર્ગત સૌરાષ્ટ્રમાં પીવાનું પાણી મળી રહે તે માટે વૈકલ્પિક સુવિધા કરવા તંત્રને જણાવ્યું હતું.

ત્યારબાદ મંત્રીશ્રી પરીએજ ખાતે આવેલા જી.ડબલ્યુ.આઈ.એલ. પમ્પિંગ સ્ટેશનની મુલાકાત લઈ આવનારા સમયમાં આ પંપીંગ સ્ટેશન દ્વારા પીવાના પાણી અને સિંચાઈ માટે કેવી રીતે પાણી પૂરું પાડી શકાય એ બાબતે સંબંધિત અધિકારી સાથે ચર્ચા વિચારણા કરી હતી. આ મુલાકાત દરમિયાન મંત્રીશ્રી સાથે માતરના ધારાસભ્યશ્રી કલ્પેશભાઈ પરમાર, અધિક્ષક ઈજનેરશ્રી કે.સી. ચૌહાણ, પ્રાંત અધિકારી શ્રી વી.સી બોડાણા તેમજ આણંદ અને ખેડા જિલ્લાના અધિકારીઓ અને પાણી પુરવઠા અને કાંસ વિભાગ સાથે જોડાયેલા અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# "અંગદાન મહાદાન સંકલ્પ વ્યાખ્યાન"



પંકજ પંડિત

| ઝાલોદ, તા.૨૨ |

અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ અને એન.એસ.એસ.ના સયુંકત ઉપક્રમે કે.આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઝાલોદમાં વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ ડો. ડી. સી. યાદવ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. ડો. એ.આર. મોદીએ અંગદાન જાગૃતિ વિષે પ્રાસંગિક માહિતી આપી હતી. કાર્યક્રમના મુખ્ય વક્તા શ્રી ધમુભાઈ પંચાલે "અંગદાન એ મહાદાન" વિષય પર કોલેજના વિદ્યાર્થીઓને વ્યાખ્યાનના માધ્યમથી વિદ્યાર્થીઓને અંગદાન જાગૃતિની સાથે સાથે ભારતીય સંસ્કૃતિ, આદિવાસી સંસ્કૃતિ, ભારતીય પરંપરા અને દાનના મહિમા વિશે સરળ અને તળપદી મીઠી ભાષામાં માહીતગાર કરી સમાજમાં અંગથી પીડાતી વ્યક્તિને મદદ મળી શકે તે હેતુથી અંગદાન કરવું જરૂરી છે તે માટે વિનંતી કરી હતી. તેમના સહ કાર્યકર શ્રી ભરતભાઈ મિસ્ત્રીએ સમાજસેવા અનુસંધાનમાં પ્રેરણાત્મક ઉદ્બોધન કર્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ડો. એચ.બી. સુર્વે., ડો. એ. એન. પાદરીયા ઉપસ્થિત રહ્યી એન. એસ. એસ. અને કોલેજના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું.

આ કાર્યક્રમનું સંચાલન N.S.S. પોગ્રામ ઓફિસર ડૉ. બી.એમ. ગોહિલે કર્યું હતું.

### માંડલ તાલુકામાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાનની સાર્થક ઉજવણી

# તાલુકાની વિવિધ શાળાઓ અને આરોગ્ય કેન્દ્રોમાં સ્વચ્છતા સંબંધિત જાગૃતિ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ યોજાઈ

| ગાંધીનગર, તા.૨૨ |

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત 'સ્વચ્છતા હી સેવા' અભિયાનની રાજયવ્યાપી ઉજવણી થઈ રહી છે ત્યારે અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકામાં પણ વિવિધ કાર્યક્રમો થકી આ અભિયાનની ઉજવણી થઈ રહી છે. તાલુકાના વિવિધ ગામોની શાળાઓમાં અને આરોગ્ય કેન્દ્રોમાં સ્વચ્છતા સંબંધિત જાગૃતિ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ યોજાયા હતા. તાલુકાની વિંઝુવાડા પ્રાથમિક શાળા, વરમોર પ્રાથમિક શાળા, ઉર્દૂ શાળા-માંડલ, માનપુરા પ્રાથમિક શાળા, એંદલા પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત કચરા મુક્ત ભારત થીમ હેઠળ નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું તથા બાળકોને



આરોગ્ય જાળવણી અને સ્વચ્છતા અંગે સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત, આરોગ્ય કેન્દ્રો ખાતે પણ સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત શ્રમદારોની આરોગ્ય ચકાસણી, હેલ્થ સેન્ટરની સફાઈ સહિત ગ્રામજનોને આરોગ્ય જાળવણી બાબતે સમજ આપવામાં આવી હતી.

# કપડવંજના ધોળાકુવા ગામે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત કળશ યાત્રા યોજાઈ



| રાજુભાઈ આંતરસુબા, તા.૨૨ |

કપડવંજ તાલુકાના ધોળાકુવા ગામે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગ્રામ પંચાયત દ્વારા અમૃત કળશ યાત્રા યોજવામાં આવી હતી.

આ પ્રસંગે અમૃત કળશ રથ ગામના તમામ વિસ્તારોમાં ફર્યો હતો. જ્યાં વિવિધ વિસ્તારોના ગ્રામજનો પાસેથી ચપટી ચોખા અને મુઠી માટી કળશમાં એકત્રિત કરવામાં આવી હતી. દરમિયાન ધોળાકુવા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ હાથમાં તિરંગો લઈ અમૃત કળશ યાત્રામાં જોડાયા હતા. આ પ્રસંગે કપડવંજ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રી મુળરાજસિંહ સોલંકી, સરપંચશ્રી રણજીતસિંહ ઝાલા, તલાટી કમ મંત્રી શ્રી બાબુસિંહ, ગ્રામ પંચાયતના સર્વે સદસ્યશ્રીઓ, ગામ આગેવાનો, પ્રાથમિક શાળાના બાળકો, શિક્ષકગણ, આંગણવાડી કાર્યકરો સહિત મોટી સંખ્યામાં મહાનુભાવોએ અમૃત કળશ યાત્રામાં જોડાઈ આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરી હતી.

# ચન્દ્રયાન, પરીઆવરાણ, ભગવાન સત્યનારાયણ સ્વરૂપ, બાલાજી સ્વરૂપ, ડાયમંડના ગણપતિ લોકઆકર્ષણનું કેન્દ્ર

| દીપક જગતાપ રાજપીપળા, તા.૨૨ |

નર્મદાના વડા મથક રાજપીપળામાં ૧૦૦ થીવધુ નાની મોટી ઘણી ગણેશમૂર્તિઓનું વિધીવત સ્થાપન થયું છે. ગણેશ મંડપમાં પાંચ ફૂટ થી માંડીને દસ ફૂટ સુધી નાની મોટી મૂર્તિઓનું સ્થાપન થતા સાંજે ગણપતિ બાપા ના દર્શન કરવા અને ડેકોરેશન જોવા લોકટોળાં ઉમટી રહ્યા છે. જેમાં શર્મા કોમ્પ્લેક્ષ પાસેના મીતગ્રુપના ગણપતિની મૂર્તિનું ડેકોરેશન તથા નવાફળીયાનું ચન્દ્રયાન ૩ની થીમવાળા ગણપતિ લોકઆકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

આયોજકોએ ભારતના ઈસરોના વૈજ્ઞાનિકોની સિદ્ધિને બિરદાવી ભારતનું અને ભારતીય વિજ્ઞાનિકોના ગૌરવને આયોજકો ગણેશ મંડપમાં ખેંચી લાવ્યા છે. નવા ફળિયામાંથી યુવક મંડળના વૃક્ષો નહીં કાપવાનો અને પર્યાવરણનો સંદેશો આપતા સુંદર ડેકોરેશન વાળા માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિ જોવા લોકટોળા ઉમટી રહ્યા છે. તો સંતોષ ચાર રસ્તા પાસે ઋષાર્થના ગાયના છાણમાંથી બનાવેલા ઈકો ફ્રેન્ડલી મૂર્તિ જયારે નાગરિક બેંકના પર્વત ઉપર ઉભેલા આશીર્વાદ મુદ્રામાં નજરે



પડતા ગણપતિ બિરાજમાન છે. તો કાછીયાવાડના તિરુપતિ બાલાજી સ્વરૂપના ગણપતિ, તેમજ એકતા યુવક મંડળના ભગવાન સત્યનારાયણ સ્વરૂપમાં સત્યનારાયણ ભગવાનની કથાપૂજાના ડેકોરેશન વાળા ગણપતિ પણ લોકઆકર્ષણનું કેન્દ્ર બન્યા છે.તો વિશાવગા ફળીયાના ફેટા વાળા ગોવાળિયા સ્વરૂપના ગણપતિ,તેમજ રાજપીપલા જૂની પોસ્ટ ઓફિસ પાસેના શંકરભગવાનના ત્રિશુલ પર ઝૂલા ઝૂલતા શ્રીજીનું ડેકોરેશન પણ લોકઆકર્ષણનું કેન્દ્ર બન્યા છે. તો ભાટવાડા હોળી ચકલાના ડાયમંડ મઢેલા ગણપતિની સાથે લોકોએ મુકેલા બાધાના ૬૫૦ જેટલી મૂર્તિઓ જોવા લોક ટોળાં ઉમટ્યા છે.

# જસદણ પંથકમાં શુક્રવારે સવારે ઝાકળવર્ષાઃ ત્રેવડી ઋતુનો લોકોને અનુભવ



હુસામુદ્દીન કપાસી

| જસદણ, તા.૨૨ |

જસદણ પથંકમાં શુક્રવારે સવારે મેઘરવો છવાયો હતો. કુદરતના બદલતા વાતાવરણથી લોકો પણ નવાઈ અનુભવી રહ્યા છે. સવારે ભેજનું વાતાવરણ સાથે ઝાકળ જોવા મળી હતી. શિયાળામાં આવે તેવું વાતાવરણ જોવા મળ્યું હતું. બપોરે ધોમ તડકો, સાંજે વરસાદનું વાતાવરણ કુદરતી ત્રણ ઋતુનો લોકો અનુભવ કરી રહ્યા છે.

# બારડોલી ખાતે કેળના પાકમાં પ્રાકૃતિક ખેતી અને તેનુ મૂલ્યવર્ધન વિશે માર્ગદર્શક શિબિર યોજાઈ

| સુરત, તા.૨૨ |

સુરતની નાયબ બાગાયત નિયામકની કચેરી દ્વારા બાર ડોલી તાલુકાની શ્રી બારડોલી બાગાયત ખેડૂત સહકારી મંડળી લી., બારડોલી ખાતે કેળપાકમાં પ્રાકૃતિક ખેતી અને મુલ્યવર્ધન વિષય હેઠળ એક ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુરતના નાયબ બાગાયત નિયામક ડિ. કે. પડાલીયાએ જણાવ્યું હતું કે, સુરત જિલ્લામાં ૩૧૨૧ હેકટરમાં કેળના પાકની ખેતી થાય છે જે પૈકી બારડોલી તાલુકામાં ૫૦૦ હેકટરમાં થાય છે. ખેડુતોને કેળના પાકમાં પ્રાકૃતિક ખેતી અપનાવવાથી કૃષિ ખર્ચ ઘટાડાની સાથે ઉત્પાદનમાં વધારો થાય છે. પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનોની માંગ દિન પ્રતિદિન વધી રહી હોવાની વિગતો આપીને ખેડુતોને કેળાનું મૂલ્યવર્ધન કરીને અન્ય દેશોમાં પણ નિકાસ કરવાનો અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત તેમણે અન્ય બાગાયતી યોજનાઓની વિગતો પણ આપી હતી.

આ પ્રસંગે ગણદેવીના સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી ડો. એ. પી. પટેલે ફળ સંસોધન કેન્દ્ર દ્વારા ખેડુતોને મેક્રોપ્રોપેગેશન પધ્ધતિ દ્વારા કેળના રોપા તૈયાર કરવા માટેની પધ્ધતિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સુરતના કૃષિવિજ્ઞાન કેન્દ્રના ડો. જે. એચ. રાઠોડે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટેની માહિતી આપી હતી. ફળ સંસોધન કેન્દ્ર, ગણદેવીના સંશોધન વૈજ્ઞાનિક ડો. પી.કે. મોદી દ્વારા ખેડૂતોને કેળ પાકમાં પ્રાકૃતિક ખેતી અને તેમાં રાખવાની થતી કાળજી અંગે માર્ગદર્શન કરવામાં આવ્યું હતું.

# રાજપીપળા નગરપાલિકાના પ્રમુખ અને અગ્રણી મહિલાઓની ઉપસ્થિતિમાં રાજપીપળા જીલ્લા જેલ ખાતે ગણેશજીની આરતી કરાઈ

| રાજપીપળા, તા.૨૨ |

રાજપીપળા જીલ્લા જેલ ખાતે ગણેશ ચતુર્થીના પાવન પર્વ નિમિત્તે જેલના અધિકારી,કર્મચારીઓ તથા બંદિવાનો દ્વારા ગણેશજીની સ્થાપના કરવામાં આવી છે. જેમાં રાજપીપળા નગરપાલિકાના નવનિયુક્ત પ્રમુખ શ્રીમતિ ધર્મિષ્ઠાબેન પટેલ તથા મુલાકાતી બોર્ડના સભ્ય શ્રીમતિ દક્ષાબેન પટેલ તથા શ્રીમતિ જયોતિબેન જગતાપ તથા અલ્પાબેન ભાટિયા દ્વારા રાજપીપળા જીલ્લા જેલ ખાતે ગણેશજીની આરતી કરવામાં આવી હતી. તેમજ જેલના બંદિવાનો જેલની બહાર નીકળીને ભવિષ્યમાં ગુનાહિત પ્રવૃતિ ન કરે તેમજ કોઈપણ પ્રકારનું



વ્યસન આચરે નહિં તેવો શુભ-સંદેશ આ મહિલા આગેવાનોએ પાઠવ્યો હતો આ આ પ્રસંગે જેલ અધિક્ષકશ આર.બી.મકવાણા, મહિલા આગેવાન મહાનુભાવો તેમજ રાજપીપળા જીલ્લા જેલના અન્ય કર્મચારીઓ તથા બંદિવાનો હાજર રહ્યાં હતાં.

# ગાંધીનગર ખાતે પશુપાલન મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષસ્થાને ગુજરાત રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડની પાંચમી સામાન્ય બેઠક યોજાઇ



| ગાંધીનગર, તા.૨૨ |

ગાંધીનગર ખાતે પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલના અધ્યક્ષસ્થાને ગુજરાત રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડની પાંચમી સામાન્ય બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ બેઠકમાં કેન્દ્ર સરકારના પ્રાણી કલ્યાણ તથા પ્રાણી ક્રૂરતા નિવારણના વિવિધ કાયદાઓનું રાજ્યકક્ષાએ ચુસ્તપણે પાલન અને અમલીકરણ થાય તે અર્થે મહત્વના પેટશોપ, ડોગ બ્રિડિંગ, સ્લોટર હાઉસ વગેરે નિયમો વિશે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી, અને તેના અમલીકરણ અર્થે મંત્રીશ્રી દ્વારા જરૂરી સૂચનો પણ કરવામાં આવ્યા હતા.

મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના પ્રાણી કલ્યાણ બોર્ડની સક્રિયતા અને સજાગતાના પરિણામે ગુજરાતમાં અનેક પશુઓના જીવ બચાવવા ઉપરાંત પશુઓ ઉપર થતી ક્રૂરતામાં ઘટાડો કરી શકાયો છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, પ્રાણી કલ્યાણ તથા પ્રાણી ક્રૂરતા નિવારણની બાબતોનું સત્વરે નિરાકરણ લાવી શકાય તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનથી રાજ્યના તમામ જિલ્લાઓમાં જિલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં જિલ્લા પ્રાણી ક્રૂરતા નિવારણ સમિતીઓની રચના કરવામાં આવી છે. રાજ્યમાં પ્રાણી કલ્યાણ તથા પ્રાણી ક્રૂરતા નિવારણની પ્રવૃતિને વેગ આપવાની બાબતને અગ્રસ્થાને રાખી બેઠક દરમ્યાન બોર્ડના તમામ સભ્યોના સૂચનો સ્વિકારી જિલ્લા કક્ષાએ તેનું અમલીકરણ કરવા જણાવવામાં આવ્યું હતું. પશુપાલન મંત્રીશ્રીએ મુંગા પશુઓની ભાવનાઓને વાચા આપવા માટે રાજ્યમાં સમયાંતરે પશુઓ સંબધિત દિવસો તથા પ્રાણી કલ્યાણ પખવાડીયાની ઉજવણી બાબતે સદવિચાર વ્યક્ત કર્યો હતો. રાજ્યની પાંજરાપોળ અને ઢોરડબ્બાની પરિસ્થિતીને વધુ સુદ્રઢ બનાવવા અંગે તથા પશુઓની સુખાકારી વધારવાની કામગીરી અંગે સૂચન કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રાણી કલ્યાણ તથા પ્રાણી ક્રૂરતા નિવારણના કાયદાઓનો રાજ્યકક્ષાએ અમલ કરાવવા માટે ગુજરાત રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડ કાર્યરત છે. જે રાજ્ય સરકાર તથા સ્થાનિક સત્તા મંડળોને પ્રાણીઓની બિનજરૂરી પીડા અને વેદના ઘટાડવા માટે માર્ગદર્શન આપવાની કામગીરી કરે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. મિત્રો મદદરૂપ અને ખાસ્સા ઉપયોગી સાબિત થશે. તમારી જીવનસંગિનીને નિયમિત ધોરણે સરપ્રાઈઝ આપો, અન્યથા તેને લાગશે કે તમારા જીવનમાં તેનું કોઈ મહત્વ જ નથી.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે સંતોષી જીવન માટે તમારી માનસિક દ્રઢતામાં વધારો કરો. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે. સમય પસાર કરવા માટે ટીવી જોવું એ વધુ સારો વિકલ્પ હોઈ શકે છે, પરંતુ આંખ માં સતત દુખાવો શક્ય છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘરની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. આજે તમે ઓફિસ નું કામ એટલી ઝડપ થી સંભાળી શકશો કે તમારા સાથીદારો તમને જોઈ શકશે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. ગુરુ ની સલાહ તમને તે વિષય ની મુશ્કેલીઓ સમજવા માં મદદ કરશે. મોજ-મજા માટે તમે કોઈ ટ્રીપ પર જાવ એવી શક્યતા છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માનસિક તાણ ઘટાડશે. લાગણીશીલ અંતરાયો તમને તકલીફ આપી શકે છે. તમારા જીવનસાથી આજે તમને તમારી સાથે જીવન વીતાવવા અંગેની અણગમતી વાતો કદાચ જણાવશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છે. નવું પારિવારિક સાહસ શરૂ કરવા માટે શુભ દિવસ. આજે તમારૂં લગ્નજીવન મસ્તી, આનંદ અને અત્યંત શાંતિનો અનુભવ કરાવનારૂં ઠરશે. તમારી યોગ્યતાઓ તમને આજે લોકો માં પ્રશંસા લાયક બનાવશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. તમારા જીવનસાથી સાથે તમે આરામદાયક દિવસ વીતાવશો. તે એક અદભૂત દિવસ છે - મૂવી, પાર્ટી અને મિત્રો સાથે ફરવા માટે શક્યતા છે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે આજે તમે ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિ સંભાળી લેશો આ માટે તમારી ઈચ્છાશક્તિને વળતર અપાશે. લાગણીશીલ નિર્ણય લેતી વખતે તમારે તમારા મગજ પરનો કાબૂ ગુમાવવો નહીં. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. આજ નો દિવસ કંટાળાજનક બની શકે છે, તેથી કેટલાક રચનાત્મક કાર્ય કરી ને તમે દિવસ ને રસપ્રદ બનાવી શકો છો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. નાણાંપ્રવાહમાં વધારો મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે. ટપાલ દ્વારા આવેલો સંદેશ સમસ્ત પરિવાર માટે આનંદ લાવશે. આજે તમે થોડી મુશ્કેલી માં આવી શકો છો અને તમે સમજી શકો છો કે તમારા જીવન માં સારા મિત્રો રાખવું ખૂબ જ મહત્વપૂર્ણ છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે. તમારા ઘર ના કોઈ સભ્ય આજે પ્રેમ થી સંબંધિત સમસ્યા શેર કરી શકે છે. તમારે તેમને યોગ્ય સલાહ આપવી જોઈએ.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે વધુ પડતી ચિંતા તથા તાણ તમારા સ્વાસ્થ્યને બરબાદ કરી શકે છે.માનસિક સ્પષ્ટતા જાળવવા માટે તમારે મૂંઝવણ તથા હતાશા ટાળવી જોઈએ. ભાઈ બહેનો ની મદદ થી આજે તમને આર્થિક લાભ મળી શકશે? પોતાના ભાઈ બહેનો ની સલાહ લો. મિત્રો સાથે મજાક કરતી વખતે તમારી સીમાઓ ને પાર કરવા નું ટાળો, નહીં તો મિત્રતા બગડી શકે છે.

# વર્લ્ડકપની ટીમમાં અશ્વિનના સમાવેશના કોચ દ્રવિડના સંકેત

## ઈજાગ્રસ્ત અક્ષર પટેલના સ્થાને અશ્વિનને ટીમમાં સ્થાન આપવા અંગે કોચ રાહુલ દ્રવિડે ફોડ પાડ્યો

। નવી દિલ્હી, તા.૨૨ ।

આઈસીસીવનડે વર્લ્ડ કપમાં ભારત કઈ ટીમ સાથે મેદાનમાં ઉતરશે તે મુદ્દે ઘણી વાતો કરવામાં આવી. ૫ સપ્ટેમ્બરે આખરે સિલેક્ટર્સે ટીમની જાહેરાત કરી. આઈસીસીએ ટીમમાં પરિવર્તન માટે ૨૮ સપ્ટેમ્બર સુધીની અંતિમ તારીખ નક્કી કરી છે. ટીમ ઈન્ડિયાની ફાઈનલ ટીમને નક્કી કરવાની છે. એક પરિવર્તનની આશા છે જે મુદ્દે અત્યારે ચર્ચા થઈ રહી છે. ભારતમાં ૫ ઓક્ટોબરથી ૧૯ નવેમ્બરની વચ્ચે આ વખતે વનડે વર્લ્ડ કપ રમવાની છે. ટુર્નામેન્ટ માટે પસંદ કરવામાં આવેલી ટીમ ઈન્ડિયામાં એક પરિવર્તનની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. એશિયા કપ દરમિયાન ઓલરાઉન્ડર અક્ષર પટેલને ઈજા પહોંચી અને તે બાદ



જ તમામ રમત શરૂ થઈ ગઈ. ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ પસંદ કરવામાં આવેલી વનડે ટીમમાં અચાનકથી આર અશ્વિનની એન્ટ્રીએ સૌને ચોંકાવી દીધા. હવે ચર્ચા એ છે કે અક્ષરના સ્થાને તેમને વર્લ્ડ કપ ટીમમાં સ્થાન આપવામાં આવશે.

ઓસ્ટ્રેલિયા સામે સિરીઝ પહેલા ટીમ ઈન્ડિયાના કોચ રાહુલ દ્રવિડે વર્લ્ડ કપ ટીમમાં પરિવર્તનની તરફ ઈશારો કર્યો. તેમણે આર અશ્વિન અંગે જે રીતે જોર આપીને તેમની ઉપયોગિતા જણાવી તે દર્શાવી રહ્યુ હતુ કે તેમનું સ્થાન ટીમમાં બનાવી ચૂકાયુ છે. રાહુલ દ્રવિડે કહ્યુ, 'હુ એ નહીં કહુ કે આ તેના (અશ્વિન માટે) માટે ટ્રાયલ કે કંઈ બીજુ છે, અમને તેના લેવલની જાણ છે. આ તેની પાસે આ પ્રકારે રમવાની તક છે અને અમે બસ તેને ૨ કે ૩ મેચ રમવાની તક આપવા માંગીએ છીએ.' આર અશ્વિનનું સ્થાન વર્લ્ડ કપ ટીમમાં પાક્કુ થઈ ચૂક્યુ છે. કોચ રાહુલ દ્રવિડે કહ્યુ, જો આપણી પાસે અશ્વિન જેવો ખેલાડી છે તો કોઈકને ઈજા પહોંચવા પર આપણે કોઈ અન્ય પર વિશ્વાસ કરી શકીએ છીએ, આ આપણા માટે દુઆની જેમ છે. આ તેના માટે પોતાને પારખવાની તક છે કેમ કે તે લાંબા સમયથી ૫૦ ઓવરની ક્રિકેટ રમ્યો નથી. કોચનું આ નિવેદન સ્પષ્ટ જણાવી રહ્યુ છે કે અક્ષરની ઈજા બાદ તેમના સ્થાને અશ્વિન વર્લ્ડ કપ ટીમમાં સ્થાન બનાવશે. અશ્વિનને ૧૯ મહિના બાદ આ ફોર્મમાં રમાડવાના મુદ્દે રાહુલ દ્રવિડે કહ્યુ, અશ્વિન જેવો ખેલાડી તમને અનુભવ આપે છે. આઠમા નંબર પર બેટિંગથી યોગદાન આપવાની ક્ષમતા. એવી વ્યક્તિ જેના વિશે તક બનવાની સ્થિતિમાં અમે હંમેશા વિચાર્યુ છે, જે આખરે આપણી યોજનાનો ભાગ છે.

## બાબર આઝમ પાક. ટીમનો સુકાની, નસીમ શાહ આઉટ

। કરાંચી, તા.૨૨ ।

વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ માટે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે(પીસીબી) પાકિસ્તાન ટીમની જાહેર કરી દીધી છે. વર્લ્ડ કપ ૨૦૨૩ માટે પાકિસ્તાનની કમાન બાબર આઝમના હાથમાં છે. ટીમમાં કુલ ૧૫ ખેલાડીઓને સ્થાન મળ્યું છે અને ૩ ખેલાડીઓને ટ્રાવેલિંગ રીઝર્વના રૂપે પસંદ કરવામાં આવ્યા છે. પાકિસ્તાન માટે મોટો આંચકો એ છે કે નસીમ શાહ ઈજાના કારણે વર્લ્ડ કપમાંથી બહાર થઈ ગયો હતો. એશિયા કપ ૨૦૨૩ના સુપર-૪માં ભારત સામેની મેચ દરમિયાન નસીમ શાહને ખભાના ભાગમાં ઈજા થઈ હતી. તેની જગ્યાએ હસન અલીને તક આપવામાં આવી છે.

## સાઉદીએ ક્રૂડ ઓઈલ પર પ્રિમિયમ ઘટાડીને ૩.૫૦ ડોલર કર્યું

। રિયાધ, તા.૨૨ ।

સાઉદી અરબે ક્રૂડ ઓઈલ પર પ્રીમિયમ ઘટાડીને ૩.૫૦ ડૉલર બેરલ કરી દેતાં ગ્લોબલ ઓઈલ માર્કેટમાં એક મોટું પગલું ભર્યું છે. ગત વર્ષ સુધીમાં સાઉદી અરબ ક્રૂડ ઓઈલ પર લગભગ ૧૦ ડૉલરના દરે પ્રીમિયમ વસૂલી રહ્યું હતું. આ નિર્ણયની વૈશ્વિક ઓઈલ બજાર અને તેના ગ્રાહકો પર અલગ અલગ અસર થશે. આ નિર્ણયથી હવે ભારત સરકારને ક્રૂડ ઓઈલની ખરીદીમાં મોટો ફાયદો થશે. તો હવે એવી આશા છે કે તેનાથી પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો થશે અને પ્રજાને રાહત મળશે. એવું અનુમાન વ્યક્ત કરાઈ રહ્યું છે કે રશિયાથી મળી રહેલાં સસ્તાં ક્રૂડનો મુકાબલો કરવા માટે સાઉદી અરબે આ પગલું ભર્યું છે.

## ભારતીય મહિલા ક્રિકેટ ટીમે એશિયન ગેમ્સની સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો

। હેંગઝાઉ, તા.૨૨ ।

એશિયન ગેમ્સમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે સેમિફાઈનલમાં સ્થાન નિશ્ચિત કરી લીધું છે. ગુરુવારે મલેશિયા સામેની પ્રારંભિક ટી૨૦ મેચ વરસાદને પગલે રદ થઈ હતી. આઈસીસી રેંકિંગમાં ભારતીય વિમેન્સ ટીમ વધુ સારી સ્થિતિમાં હોવાથી તેનો સેમિફાઈનલમાં પ્રવેશ થયો હતો. મલેશિયાએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ લીધી હતી. ભારતની ઓપનર શેફાલી વર્માએ ૩૯ બોલમાં



૬૭ રન ફટકાર્યા હતા જેમાં ચાર ચોગ્ગા અને પાંચ છગ્ગાનો સમાવેશ થયો હતો. તેણે કેપ્ટન સ્મૃતિ મંધાના (૨૭) સાથે પ્રથમ વિકેટ માટે ૫૭ રન જોડ્યા હતા. વરસાદને પગલે મેચમાં ઓવર ઘટાડીને ૧૫ કરવામાં આવી હતી. ભારતે જેમિમા રોડ્રિગ્ઝના અણનમ ૪૭ રનની મદદથી નિર્ધારિત ઓવરમાં બે વિકેટે ૧૭૩ રન કર્યા હતા. રિચા ઘોષ સાત બોલમાં ૨૧ રનની ઈનિંગ્સ રમીને નોટ આઉટ રહી હતી. મલેશિયાની બેટિંગ દરમિયાન બે બોલ ફેંકાયા બાદ વરસાદ ત્રાટક્યો હતો અને મેચ રદ જાહેર કરાઈ હતી. ૧લી જૂનના આઈસીસી રેંકિંગ મુજબ ભારત એશિયન ગેમ્સમાં ટોચની ટીમ હોવાથી સેમિફાઈનલમાં સીધો પ્રવેશ મેળવ્યો હતો.

### વર્લ્ડ કપ માટે ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમ સ્થાન નથી મળ્યું

## નારાજ જેસન રોયે આયર્લેન્ડ સામેની વન-ડેમાંથી નામ પાછું ખેંચ્યું

। લંડન, તા.૨૨ ।

વર્લ્ડ કપ માટે ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમનું એલાન થઈ ચૂક્યુ છે. ટીમમાં ધાકડ ઓપનર જેસન રોયને તક મળી નથી. કેપ્ટન જોસ બટલર પણ તેમને સામેલ ન કરી શકવાના કારણે નારાજ છે. ઈંગ્લેન્ડની ટીમ હાલ આયર્લેન્ડ સામે વનડે સિરીઝમાં વ્યસ્ત છે. પહેલી મેચ વરસાદના કારણે રદ થઈ ગઈ હતી. ટીમમાં જેસન રોયનું પણ નામ હતુ પરંતુ હવે તેમણે પોતાનું નામ પાછુ લઈ લીધુ છે.

આનો ખુલાસો ઈંગ્લેન્ડના સિલેક્ટર લ્યૂક રાઈટે કર્યો. તેમણે કહ્યુ, તેમણે આશા નહોતી કરી કે તેમને આયર્લેન્ડ સામે સિરીઝમાં તક મળશે. અચાનક તેમને વર્લ્ડ કપ ટીમમાં પણ તક મળી નહીં જે તેમના માટે થોડુ ચોંકાવનારુ હતુ. જેસન સિરીઝ રમવા માટે તૈયાર નથી. અમે જેસનને આ પહેલા જ જણાવી દીધુ કે તેઓ આયર્લેન્ડ વિરુદ્ધ રમે કે નહીં. અમે તેમને ઉચ્ચ ક્રમમાં વધુ બેટિંગના રૂપમાં અલગ-અલગ રીતે આંકીશુ નહીં. અમે પોતાના વર્લ્ડ કપ માટે પસંદ કરવામાં આવેલી સ્કવોડથી ખુશ છીએ. અમે ભારત જઈશુ અને વર્લ્ડ કપ જરૂર જીતીશુ.

## ઉદયનિધિ સ્ટાલિન-એ. રાજાને સુપ્રીમ કોર્ટે નોટિસ ઈશ્યૂ કરી

। નવી દિલ્હી, તા.૨૨ ।

સુપ્રીમકોર્ટે શુક્રવારે સનાતન ધર્મ પર વિવાદિત નિવેદન આપ નારા તમિલનાડુ સરકારમાં મંત્રી ઉદયનિધિ સ્ટાલિન અને ડીએમકે નેતા એ.રાજાને નોટિસ ઈશ્યૂ કરી છે. કોર્ટનું કહેવું છે કે આ મામલે હેટ સ્પીચ પર લંબિત અન્ય અરજીઓ સાથે જ તેના પર સુનાવણી હાથ ધરવામાં આવશે. ચેન્નાઈના એક વકીલે અરજી દાખલ કરી માગ કરી હતી કે તમિલનાડુમાં સનાતન ધર્મ વિરુદ્ધ યોજાઈ રહેલા કાર્યક્રમોને ગેરબંધારણીય જાહેર કરવામાં આવે. ખરેખર તો ઉદયનિધિ સ્ટાલિને સનાતન ધર્મની તુલના ડેન્ગ્યુ અને મલેરિયા સાથે કરી હતી.

### યુએસના રાષ્ટ્રપતિ પદના ઉમેદવારે ચીન પર નિશાન તાક્યું

## વિવેક રામાસ્વામીની ચીનથી આર્થિક સ્વતંત્રતાની ઘોષણા કરવાની હાકલ

### વિવેક રામાસ્વામીએ ભારત સહિત અન્ય દેશો સાથે વિસ્તૃત સંબંધોને વધુ મધૂર કરવાનો પ્રસ્તાવ મૂક્યો

। વોશિંગ્ટન, તા.૨૨ ।

અમેરિકી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર વિવેક રામાસ્વામીએ ચીન સામે નિશાન સાધ્યું છે. તેમણે ચીનથી આર્થિક સ્વતંત્રતાની ઘોષણા કરવાની હાકલ કરી છે. તેમણે ભારત સહિત અન્ય દેશો સાથે વિસ્તૃત સંબંધોને વધુ મધૂર કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. રામાસ્વામી તેમના ગૃહ રાજ્ય ઓહાયો પહોંચ્યા હતા. અહીં તેમણે વિદેશ નીતિઓ અંગે વાતચીત કરી હતી. વિવેક રામાસ્વામીએ કહ્યું કે અમારી પાસે સ્પષ્ટ વિઝન છે. અમે ચીનથી આર્થિક સ્વતંત્રતા જાહેર કરીશું અને અમેરિકી સમૃદ્ધિ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરીશું. હું અહીં તમારી સામે જૂઠું નહીં બોલીશ કે અમે તાત્કાલિક ધોરણે જ બધું પ્રાપ્ત કરીશું. અમે ચીનથી અલગ થવા અંગે ગંભીર છીએ. પરંતુ આ માટે આપણે ભારત સાથે સંબંધો મજબૂત કરવા પડશે.

રામાસ્વામીએ કહ્યું કે જો તેઓ અમેરિકાના રાષ્ટ્રપતિ બનશે તો ચીનની સ્વતંત્રતાના ચાર મુખ્ય તત્વો હશે. પ્રથમ, ક્લાઈમેટ ચેન્જ એજન્ડાથી સ્વતંત્રતા, જે માત્ર તમાશો અને છેતરપિંડી છે. બીજું, સેમિકન્ડક્ટર ચિપ્સનું ઉત્પાદન વધારીને. ત્રીજું, આપણે લશ્કરી ખર્ચ વધારીને અને ચોથું, ચીની દવાઓનો પુરવઠો ખતમ કરીને ચીનથી આર્થિક રીતે સ્વતંત્ર થઈ શકીએ છીએ. રિપબ્લિકન પાર્ટીની પ્રથમ પ્રમુખપદની પ્રાથમિક ચર્ચા દરમિયાન રામાસ્વામીના પ્રભાવશાળી પ્રદર્શન બાદ વિવિધ સરવે દર્શાવે છે કે તેમની લોકપ્રિયતા વધી રહી છે.

### વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનો નવો રિપોર્ટ

## વિશ્વની ૫૦ ટકા વસતી પાયાની સ્વાસ્થ્ય સેવાઓથી વંચિત છે

### લગભગ ૨૦૦ કરોડ લોકો એવા છે જેઓ સારવારના ખર્ચ હેઠળ દબાયેલા છે અને જાતે જ આ ખર્ચનું વહન કરવું પડે છે

। વોશિંગ્ટન, તા.૨૨ ।

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ) ના નવા રિપોર્ટ અનુસાર વિશ્વની લગભગ અડધી વસ્તી એટલે કે ૪૫૦ કરોડ લોકો મૂળભૂત સ્વાસ્થ્ય સેવાઓથી પણ વંચિત છે. જેમાં ઘણા રોગો તો લોકોની પોતાની જ બેદરકારીના પરિણામ છે.

૨૦૨૧ના ડેટાના વિશ્લેષણમાં કોવિડ-૧૯ મહામારીના સંભવિત લાંબાગાળાની અસરોને સામેલ નથી કરાઈ. વૈશ્વિક સ્તરે લગભગ ૨૦૦ કરોડ લોકો એવા છે જેઓ સારવારના ખર્ચ હેઠળ દબાયેલા છે અને તેમણે જાતે જ આ ખર્ચનું વહન કરવું પડી રહ્યું છે. આ ખર્ચને કારણે લગભગ ૧૩૦ કરોડ લોકો ગરીબીના જાળમાં ફસાયા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને વર્લ્ડ બેંક દ્વારા બહાર પાડવામાં આવેલા નવા રિપોર્ટ 'ટ્રેકિંગ યુનિવર્સલ હેલ્થ કવરેજ-૨૦૨૩ ગ્લોબલ મોનિટરિંગ રિપોર્ટ' અનુસાર મુખ્ય સ્વાસ્થ્ય સમસ્યાઓમાં બિનચેપી રોગો, ચેપી રોગો, માતા અને બાળ સ્વાસ્થ્ય, માનસિક સ્વાસ્થ્ય, પર્યાવરણીય સ્વાસ્થ્ય અને કુપોષણનો સમાવેશ થાય છે. આ સ્વાસ્થ્ય પડકારો બિનઆરોગ્યપ્રદ જીવનશૈલી, પર્યાવરણીય પ્રદૂષણ અને આરોગ્ય સેવાઓ સુધી અપર્યાપ્ત પહોંચને કારણે ઝીલવા પડે છે. જીવનશૈલી સંબંધિત રોગો જેમ કે ધૂમ્રપાન, આલ્કોહોલ અને ડ્રગ્સનો વધુ પડતો ઉપયોગ અને શારીરિક નિષ્ક્રિયતા સમાન જોખમ વ્યક્ત કરે છે. તેના પરિણામે હૃદય રોગ, સ્ટ્રોક, ડાયાબિટીસ, સ્થૂળતા, ક્રોનિક ઓબ્સટ્રક્ટિવનો વિકાસ થાય છે. અમુક પ્રકારના કેન્સરની સારવારમાં પણ મોટો ખર્ચ થાય છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના મહાનિર્દેશક ડો. ટેડ્રોસ એડહાનોમ ગેબ્રેયસ કહે છે કે પાયાની આરોગ્ય સેવાઓનો અભાવ પણ સમાજ અને અર્થવ્યવસ્થાની સ્થિરતાને જોખમમાં મૂકે છે. જેઓ શિક્ષણના અભાવે અને પોતાની બેદરકારીને કારણે વિનાશક રોગોની જાળમાં ફસાઈ જાય છે તેમના માટે સરકારો દ્વારા વિશેષ જાગૃતિ અભિયાન ચલાવવાની જરૂર છે.

## જમ્મુ-કાશ્મીર પોલીસે એક ડેપ્યુટી સુપ્રીન્ટેન્ડન્ટ ની ધરપકડ કરી

। જમ્મુ, તા.૨૨ ।

જમ્મુ-કાશ્મીર પોલીસે એક ડેપ્યુટી સુપ્રીન્ટેન્ડન્ટની આતંકી કાર્યકર સાથે કથિત સંબંધોના આરોપમાં ધરપકડ કરી લેતાં ખળભળાટ મચી ગયો છે. સ્થાનિક કોર્ટ દ્વારા વોરન્ટ ઈશ્યૂ કરાયા બાદ આ ધરપકડ કરાઈ હતી. જે ડેપ્યુટી સુપ્રીન્ટેન્ડન્ટની ધરપકડ કરાઈ છે તેમનું નામ શેખ આદિલ મુશ્તાક છે. તેના પર એક આતંકવાદના સહયોગીને ધરપકડથી બચવામાં મદદ કરવા અને તેની તપાસ કરી રહેલા એક પોલીસ અધિકારીને ફસાવવાનો પ્રયાસ કરવાનો આરોપ છે. અધિકારીઓએ ગુરુવારે આ માહિતી આપી હતી. અધિકારીઓના જણાવ્યાનુસાર શેખ આદિલની બુધવારે નૌગામ પોલીસ સ્ટેશનના અધિકારીઓએ ધરપકડ કરી હતી. તેની સામે ભ્રષ્ટાચાર સહિત્ અનેક આરોપો મૂકાયા છે. તેને શ્રીનગરમાં એક મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર કરાયા હતા જ્યાંથી ૬ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દેવાયા.

**વિશેષ** સૌરાષ્ટ્ર કો-ઓપરેટીવ બેંક લિમિટેડે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આપવામાં આવેલો મંત્ર 'સહકારથી સમૃદ્ધિ' સાકાર કર્યો : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદના નવા નરોડા ખાતે ધી સૌરાષ્ટ્ર કો-ઓપરેટીવ બેંક લિમિટેડની ૫મી નવી શાખાનો શુભારંભ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદના નવા નરોડા ખાતે ધી સૌરાષ્ટ્ર કો-ઓપરેટીવ બેંક લિમિટેડની અત્યાધુનિક સુવિધા સહિતની૫મીનવીશાખાનોશુભારંભકરવામાંઆવ્યો. આ પ્રસંગે રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા પણ ઉપસ્થિતિ રહ્યા હતા.

સૌરાષ્ટ્ર કો-ઓપરેટીવ બેંક લિમિટેડની ૫મી નવી શાખાના શુભારંભ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, સૌરાષ્ટ્ર કો-ઓપરેટીવ બેંક લિમિટેડે આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આપવામાં આવેલો મંત્ર 'સહકારથી સમૃદ્ધિ' ને સાકાર કર્યો છે. સહકારી ક્ષેત્ર કેવી રીતે આગળ વધી રહ્યું છે તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આ બેંકે પૂરું પાડ્યું છે. આમ, આજે વિકસિત રાષ્ટ્રના ધ્યેને સહકારિતા ક્ષેત્ર સાકાર કરી રહ્યું છે એમ મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું.

આ સંદર્ભમાં તેમણે વધુમાં કહ્યું કે, ચાર લાખના ભંડોળ થકી શરૂ થયેલી આ બેંક આજે રૂપિયા ૩૦૦ કરોડની બેંક બની ગઈ છે અને આ માત્ર એક વિશ્વાસ અને સહકારથી જ આ શક્ય બન્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલો મંત્ર 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો પ્રયાસ અને સૌના વિશ્વાસ' થકી આજે સહકારિતા ક્ષેત્ર અનેક સિદ્ધિઓ હાંસલ કરી રહ્યું છે. આજે આ ક્ષેત્ર એકબીજાના સહકારથી આગળ વધી રહ્યું છે અને એનું મોટા ઉદાહરણ આજે અનેક કો - ઓપરેટિવ બેંકોએ પૂરા પાડ્યા છે. કો ઓપરેટીવ સેક્ટરના વહીવટી તંત્રમાં વિશ્વાસ થકી આજે આ ક્ષેત્ર ઉત્તરોતર પ્રગતિ કરી રહ્યું છે એમ તેમણે વધુમાં ઉમેર્યુ હતુ. મુખ્યમંત્રી શ્રીએ સહકારિતા ક્ષેત્રની વાત કરતા કહ્યું કે, સહકારી ક્ષેત્રમાં કેવી તાકાત હોય છે તેનું મોટું ઉદાહરણ વડાપ્રધાન શ્રીએ દેશમાં પ્રથમવાર સહકારિતા મંત્રાલય શરૂ કરીને પૂરું પાડ્યું છે. આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના માર્ગદર્શનમાં આ સહકારી ક્ષેત્ર દેશભરમાં સતત પ્રગતિ કરી રહ્યું છે.

કોરોનામાં વિશ્વભરના અનેક અર્થતંત્ર પડી ભાંગ્યા હતા ત્યારે ભારતનું અર્થતંત્ર સતત આગળ વધી રહ્યું હતું. હવે ૨૦૨૪માં શ્રી નરેન્દ્રભાઈ મોદી ફરી વખત વડાપ્રધાન બનશે ત્યારે આપણું અર્થતંત્ર વિશ્વમાં ત્રીજા સ્થાને અવશ્ય પહોંચશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

આ અવસરે રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કહ્યું કે, અમદાવાદના બાપુનગરમાં ૮ મે ૧૯૮૩માં પ્રથમ બ્રાન્ચની શરુઆત થઈ હતી, ત્યારથી અત્યાર સુધીની ૪૧ વર્ષ સુધીની સફરમાં નાનામાં નાના મીલ કામદારોના ૧૦૦-૧૦૦ રૂપિયાના ભંડોળ થકી આજે સૌરાષ્ટ્ર કો-ઓપરેટીવ બેંક લિમિટેડ એક વટવૃક્ષ બની ગયું છે

તેમણે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રિય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં ગુજરાત આજે સહકારીતા ક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાંસલ કરી રહ્યું છે. દેશભરમાં આજે સહકારીતા ક્ષેત્રમાં ગુજરાત અગ્રેસરની ભૂમિકા પણ





ભજવી રહ્યું છે એમ મંત્રી શ્રીએ વધુમાં ઉમેર્યું હતું.

આ પ્રસંગે સૌરાષ્ટ્ર કો-ઓપરેટીવ બેંક લિમિટેડના ડિરેક્ટર શ્રી વલ્લભભાઈ જી. કાકડીયાએ કહ્યું કે, ૪૧ વર્ષ પહેલાં જ્યારે પૂર્વ વિસ્તારમાં કોઈ કો-ઓપરેટીવ બેંક નહોતી ત્યારે માત્ર ૪ લાખ ડિપોઝિટ થકી આ બેંકનો પ્રારંભ થયો હતો. આજે આ બેંક કો-ઓપરેટીવ બેંક સેક્ટરમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે. આ બેંકની સવિશેષ કામગીરીની વાત કરતા કહ્યું કે, આ બેંક દ્વારા ૧૦ હજાર બહેનોને લોન આપવામાં આવી છે.

સૌરાષ્ટ્ર કો-ઓપરેટીવ બેંક લિમિટેડની ૫મી નવી શાખાનો શુભારંભ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વડાપ્રધાન શ્રીના ૭૩ વર્ષ પૂર્ણ થયા નિમિત્તે ૭૩ આંગણવાડીના બાળકોને ફળ અને મીઠાઈ આપવામા આવી હતી. આ સાથે બેંકના ગ્રાહકોનું સન્માન પણ મુખ્યમંત્રીશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું. આ અવસરે અમદાવાદના મેયર સુશ્રી પ્રતિભા જૈન, ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલ, ધી સૌરાષ્ટ્ર કો-ઓપરેટીવ બેંક લિમિટેડના ચેરમેન શ્રી કનુભાઈ જે. પટેલ, વાઈસ ચેરમેન શ્રી પરસોત્તમભાઈ એચ. વેકરીયા, ડિરેક્ટર શ્રી વલ્લભભાઈ જી. કાકડીયા તેમજ વિવિધ સમાજના આગેવાનો, આંગણવાડી બહેનો તેમજ મોટી બેંકનો સ્ટાફ અને તમેના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.



દરિયાપુર દરવાજા પાસે ચંદ્રયાનના ગણપતિ બનાવવામાં આવેલ છે.

### ગુજરાતમાં વરસાદના છઠ્ઠા રાઉન્ડની આગાહી

# ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી કરાઈ છે

### હાલ ભારે વરસાદ આપે તેવી કોઈ વરસાદી સિસ્ટમ સક્રિય નથી, તેથી વાતાવરણમાં બફારો અનુભવાશે

। અમદાવાદ, તા.૨૨ ।

ગુજરાતમાંથી હાલ વરસાદ ગાયબ થયો છે એવુ ન સમજતા. કારણ કે, ગુજરાતમાં હજી પણ વરસાદની આગાહી છે. એક-બે નહિ, ગુજરાતના ૧૭ જેટલા જિલ્લાઓમાં આજે વરસાદની આગાહી છે. તો ૩ દિવસ ગુજરાતમાં હળવા વરસાદની આગાહી છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી છે. અત્યાર સુધીમાં રાજ્યમાં સિઝનનો ૧૦૦ ટકાથી વધુ વરસાદ પડ્યો છે. તો અત્યાર સુધીમાં ૨૦ ટકા વધુ વરસાદ નોંધાયો છે. સીઝનનૌ સૌથી વધુ વરસાદ સૌરાષ્ટ્રમાં નોંધાયો છે. હજુ પણ અમદાવાદ, ગાંધીનગર, વડોદરામાં વરસાદની ઘટ છે.

આજે ગુજરાતના ૧૭થી વધુ તાલુકાઓમાં વરસાદની આગાહી છે. આ તાલુકાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. વડોદરા, પંચમહાલ, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર, નર્મદા, ભરુચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, દાદરાનગર હવેલી, તાપી, દમણ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં વરસાદની આગાહી છે. જોકે, હાલ રાજ્યના એક પણ જિલ્લામાં રેડ અલર્ટ નથી. હવામાન વિભાગના ડાયરેક્ટર ડો.મનોરમા મોહંતીએ જણાવ્યું કે, રાજ્ય માટે સારા સમાચાર છે કે, આ વર્ષે ૧૦૦ ટકા ઉપર વરસાદ નોંધાયો છે. હાલ ભારે વરસાદ આપે તેવી કોઈ વરસાદી સિસ્ટમ સક્રિય નથી. તેથી વરસાદી સિસ્ટમ સક્રિય ન હોવાથી વાતાવરણમાં બફારો અનુભવાશે. પરંતુ આ વચ્ચે કેટલાક જિલ્લામાં હળવો વરસાદ આવશે. આંકડા પર નજર કરીએ તો, અમદાવાદ, ગાંધીનગર અને વડોદરામાં આ વર્ષે સીઝન કરતા ઓછો વરસાદ નોંધાયો છે. ૧ ટકા વરસાદ પડતાં આ ઘટ પણ પૂર્ણ થશે. આગાહીકાર અંબાલાલ પટેલે આગાહી વ્યક્ત કરતા જણાવ્યું કે, આગામી સમયમાં પશ્ચિમ બંગાળાના ઉપસાગર અને અરબસાગરમાં વાવાઝોડું આવવાની શક્યતા છે. તારીખ ૩૦ સપ્ટેમ્બરથી બંગાળાના ઉપસાગરમાં થાઈલેન્ડ બાજુ લો પ્રેસર બનશે. જે મજબૂત બનતા ૨ જી ઓક્ટોબર સુધી અરબસાગરમાં આવશે. ૧૨ ઓક્ટોબર સુધી વાવાઝોડું ભીષણ સ્વરૂપ લેશે. આ વાવાઝોડું સિવિયર સ્ટ્રોમથી એક્સટ્રિમ સિવિયર સ્ટ્રોમ પણ બની શકે છે. આ ૨૦૧૮ જેવું વાવાઝોડું બની શકે છે. આ સમયે અરબસાગરમાં પણ એક મજબૂત સિસ્ટમ બનવાની શક્યતા છે. જેનો માર્ગ ઓમાન તરફ જઈ શકે તેવી શક્યતા જો કે તેનો માર્ગ જે તે સમયે જાણી શકાય છે. આ સમયે બંગાળાનું ચક્રવાત પ્રતિ કલાક 150 kmph ની ઝડપે ફૂંકવાની શક્યતા છે. આ વાવાઝોડાની અસર મધ્યપ્રદેશના ભાગોમાં થઈ ગુજરાતને પણ અસર કરશે. આ વાવાઝોડાના કારણે ગુજરાતના કેટલાક ઉત્તર પૂર્વીય ભાગોમાં થશે. જ્યારે અરબ સાગરમાં ૨૧ સપ્ટેમ્બરથી સમુદ્રમાં હવામાન ફેરફાર થશે.

## વંદેભારત જામનગરથી અમદાવાદ માત્ર પાંચ કલાકમાં પહોંચાડશે

। અમદાવાદ, તા.૨૨ ।

ગુજરાતમાં સૌરાષ્ટ્ર તરફ દોડનારી સૌપ્રથમ વંદે ભારત ટ્રેનને ૨૪મી સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન મોદી દ્વારા વર્ચ્યુઅલ લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવશે. જામનગર-અમદાવાદ વચ્ચે દોડનારી આ વંદે ભારત ટ્રેનનું અમદાવાદના સાબરમતી રેલવે સ્ટેશનથી વિરમગામ અને પરત સાબરમતી સુધી ટ્રાયલ રન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રેનને ૧૧૦થી ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ચલાવવામાં આવી હતી. વંદે ભારત ટ્રેન જામનગરથી ઉપડી રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ અને સાબરમતી થઈ અમદાવાદ રેલવે સ્ટેશને પહોંચશે. જામનગરથી અમદાવાદ માત્ર ૫ કલાકમાં ટ્રેન પહોંચાડી દેશે. ગુજરાતમાં અત્યારે ગાંધીનગરથી મુંબઈ અને અમદાવાદથી જોધપુર વચ્ચે વંદે ભારત ટ્રેન દોડે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૩૦ સપ્ટેમ્બરે પોતાના ગુજરાત પ્રવાસમાં નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. આ ટ્રેન ગાંધીનગરથી મુંબઈ સેન્ટ્રલ વચ્ચે દોડી રહી છે. વંદે ભારત ટ્રેન અમદાવાદથી ઉપડીને રાજકોટમાં રોકાશે અને તે પછી જામનગર પહોંચશે. આ રૂટ પર જો ટ્રેનને ટ્રાફિક મળ્યો તો વંદે ભારત ટ્રેનની ફ્રિકવન્સી વડોદરા સુધી પણ વધારવામાં આવી શકે છે.ભારતની ટ્રેનોમાં એન્જિનનો એક અલગ કોચ હોય છે, પરંતુ વંદે ભારત ટ્રેનમાં મેટ્રો ટ્રેન જેવું એક જ એન્જિન હોય છે. ટ્રેન ૧૦૦ કિલોમીટરની સ્પીડ પર સેકન્ડમાં પકડી લે છે. ટ્રેનમાં ઓટોમેટિક દરવાજા લાગેલા છે. આ ટ્રેનમાં ભોજન અને નાશ્તો પણ આપવામાં આવે છે જેની કિંમત ટિકિટમાં સામેલ હોય છે. મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખતા ટ્રેનને ઓનબોર્ડ વાઈફાઈની સુવિધાથી લેસ બનાવવામાં આવ્યું છે.

## નર્મદા ડેમમાંથી છોડાયેલા પાણી મામલે રાજકારણ શરૂ

। નર્મદા, તા.૨૨ ।

નર્મદા ડેમમાંથી છોડાયેલા પાણી મામલે રાજકારણ શરૂ થયું છે. કોંગ્રેસ નેતા જયનારાયણ વ્યાસના ભાજપ સરકાર પર આક્ષેપ કર્યો છે. સરદાર સરોવર નિગમે આપેલી પ્રતિક્રિયા સામે પ્રતિક્રિયા આપી છે. જયનારાયણ વ્યાસે કહ્યું કે, વાદળ ફાટ્યું એ વાત તદન જુઠ્ઠાણું છે. અહીંયા વાદળ ફાટવું શક્ય ન જ નથી. આ ફક્ત અવ્યવસ્થાપનના કારણે થયેલી બેદરકારી છે. પાણી આવે તો એડવાન્સમાં ખબર પડી જ જાય. નર્મદા ડેમ પહેલા કેટલાય ડેમ આવે છે. જેમાંથી પાણી આવે તો આગોતરી જાણ કરાય જ. તેથી પૂર આવવા માટે વાદળ ફાટવાની ઘટના કહેવી મશ્કરી સમાન છે. નર્મદા ડેમમાંથી છોડાયેલા પાણી બાદ ભરૂચ, અંકલેશ્વરમાં પૂર આવ્યુ હતું. લોકોએ ચાર દિવસ પૂરના પાણીમાં વિતાવ્યા અને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો. ત્યારે પૂર્ણ જળ સંશાધન મંત્રી અને હાલ કોંગ્રેસ નેતા જયનારાયણ વ્યાસે પત્રકાર પરિષદ કરીને આ સામે સવાલો ઉઠાવ્યા છે. સરદાર સરોવર નિગમ દ્વારા આપાયેલા નિવેદન મામલે આકરી પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યુ કે, ક્લાઉડ બર્સ્ટ એ નર્યું જુઠ્ઠાણું છે, અહીંયા એ શક્ય ન જ નથી. આ ફક્ત મિસમેનેજમેન્ટના કારણે થયેલી બેદરકારી છે. પાણી આવે તો એડવાન્સમાં ખબર પડી જ જાય. નર્મદા ડેમ પહેલા કેટલાય ડેમ આવે છે, જેમાંથી પાણી આવે તો આગોતરી જાણ કરાય જ.

### ખેડા-મહીસાગરના ગામો માટે સારા સમાચાર

## ભૂપેન્દ્ર પટેલ સરકારનો નિર્ણય, ૭૯૪.૪૦ કરોડની વહીવટી મંજૂરી, પ્લાન તૈયાર

### ૬૧ ગામોના ૧૨૦ તળાવોને ઉદવહન સિંચાઇ યોજના દ્વારા પાઇપલાઇનથી જોડી અંદાજે ૮૧૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઇના પાણીની સુવિધા મળશે

। ખેડા, તા.૨૨ ।

ખેડા અને મહીસાગર જિલ્લાના ૬૧ ગામોના ૧૨૦ તળાવોને ઉદવહન સિંચાઈ યોજના દ્વારા પાઈપલાઈનથી જોડી અંદાજે ૮૧૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈના પાણીની સુવિધા પૂરી પાડવા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. આ ઉદવહન સિંચાઈ યોજના માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૭૯૪.૪૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી હોવાનું જળ સંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું છે. સિંચાઈ યોજના દ્વારા ૬૧ ગામનાં તળાવને પાઈપલાઈનથી જોડાશે

ખેડા અને મહીસાગર જિલ્લાના ખેડૂતોને સિંચાઈના પાણી માટે વિશેષ સુવિધા પુરી પાડવાનાં ઉદ્દેશ સાથે લેવામાં આવેલા આ નિર્ણયની વિસ્તૃત વિગતો આપતા જળ સંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું કે, ખેડા જિલ્લાના કપડવંજ, કઠલાલ અને ગલતેશ્વર તાલુકાના ૩૫ ગામોના ૮૩ તળાવો તેમજ મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના ૨૬ ગામોના ૩૭ તળાવો એમ કુલ ૧૨૦ તળાવોને ઉદવહન સિંચાઈ યોજના દ્વારા પાઈપલાઈનથી જોડવામાં આવશે.

જળ સંપત્તિ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલે વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે,ખેડા જિલ્લાનાં કપડવંજ, કઠલાલ અને ગલતેશ્વર તાલુકા તેમજ મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાનો એક મોટો હિસ્સો નર્મદા મુખ્ય નહેર અને સુજલામ સુફલામ સ્પ્રેડીંગ નહેરની વચ્ચે આવેલો છે.

### અંબાજી મેળામાં હાથ ધરાયો નવતર પ્રયોગ

## ડિજીટલ પેમેન્ટથી વેન્ડિંગ મશીનમાં થી મોહનથાળનો પ્રસાદ મળી શકશે

### આ વર્ષે કેટલાક ખાસ આકર્ષણો અને પહેલા આપવામાં ના આવી હોય તેવી સુવિધાઓથી મેળાને યાદગાર બનાવવા માટેનું આયોજન કરવામાં આવ્યુ છે

। બનાસકાંઠા, તા.૨૨ ।

બનાસકાંઠાના અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાને લઈ જોરશોરથી તૈયારીઓ કરવામાં આવી છે. અંબાજીમાં ૨૩મીથી ભાદરવી પૂનમા મહામેળોનો પ્રારંભ થવાનો છે. ત્યારે અંબાજીમાં સૌ પ્રથમવાર આ વર્ષે કેટલાક ખાસ આકર્ષણો અને પહેલા આપવામાં ના આવી હોય તેવી સુવિધાઓથી મેળાને યાદગાર બનાવવા માટેનું આયોજન કરવામાં આવ્યુ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ બનાસકાંઠાના અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાને લઈ જોરશોરથી તૈયારીઓ કરવામાં આવી છે. અંબાજીમાં ૨૩મીથી ભાદરવી પૂનમા મહામેળોનો પ્રારંભ થવાનો છે. ત્યારે અંબાજીમાં સૌ પ્રથમવાર આ વર્ષે કેટલાક ખાસ આકર્ષણો અને પહેલા આપવામાં ના આવી હોય તેવી સુવિધાઓથી મેળાને યાદગાર બનાવવા માટેનું આયોજન કરવામાં આવ્યુ છે. સામાન્ય રીતે કોઈ પણ મંદિરમાં પ્રસાદનું એક આગવુ મહત્વ હોય છે. ત્યા અંબાજી મંદિરના પ્રસાદની માંગને ધ્યાનમાં રાખીને કે જેનાથી કોઈ પણ માઈ ભક્ત પ્રસાદ વિહોણુ ન રહે તે માટે ટ્રસ્ટ દ્વારા મંદિર પરિસરની બહાર કેટલાક પ્રસાદ વેન્ડિંગ મશીનો સ્થાપિત કરવામાં આવ્યા છે. જેમાં રૂ ૩૦માં તમને મોહનથાળની પ્રસાદ મળશે.

## અમદાવાદમાં રોંગ સાઇડ રાજુઓને રોકવા કોર્પોરેશને વધુ એક સ્થળે કિલર બમ્પ લગાવ્યો

। અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ શહેરમાં રોંગ સાઈડ રાજુઓને રોકવા કોર્પોરેશને વધુ એક સ્થળે કિલર બમ્પ લગાવ્યા છે. ઘાટલોડિયા વિસ્તારમાં ચાણક્ય પુરી બ્રિજની પાસે રોંગ સાઈડ રાજુઓને રોકવા માટે ટાયર કિલર બમ્પ લગાવવામાં આવ્યા છે. પરંતુ આ કિલર બમ્પ લાગવ્યા બાદ તેનો હેતુ ચરિતાર્થ થયો છે. પાલિકાએ લગાવેલા કિલર બમ્પનું તો જાણે કોઈ અસ્તિત્વ ન હોય તેમ રોંગ સાઈડ રાજુઓ બિંદાસ્ત ટાયર કિલર બમ્પ પરથી પસાર થઈ રહ્યા છે. કેટલાક વાહનચાલકો ટાયર કિલર બમ્પ પાસે છેડાના ભાગે રહેલી ખુલ્લી જગ્યામાંથી નીકળીને પસાર થતા જોવા મળી રહ્યા છે. તો મોટાભાગના લોકોએ બંપ પર લગાવેલા ક્લેપ્પ્સને દબાવીને તેના પરથી પસાર થઈ જાય છે.

## પોર્ટુગીઝ પાસપોર્ટ મેળવવાના કૌભાંડનો વલસાડની પોલીસે પર્દાફાશ કર્યો

। વાપી, તા.૨૨ ।

યુવાનોને વિદેશ જઈ ડોલર કમાવાના અરમાનો સેવી અનેક લોકો ઘણીવાર લાલચમાં ગેરકાયદેસર ખોટા નામ ધારણ કરીને કે બોગસ પાસપોર્ટના આધારે વિદેશ જતા હોય છે. વલસાડ જિલ્લામાં બોગસ ઓળખ કાર્ડ અને દસ્તાવેજો ના આધારે પાસપોર્ટ બનાવવાનો રેકેટ બહાર છે. પોલીસે રેકેટ ચલાવતા એક માસ્ટરમાઈન્ડ આરોપીની અટકાયત કરી છે. આરોપી પાસેથી ૧૦ થી વધુ બોગસ દસ્તાવેજોને આધારે બનાવેલા પાસપોર્ટ કબ્જે કર્યા છે અને આરોપીએ અત્યાર સુધી અનેક લોકોના બોગસ દસ્તાવેજોના આધારે પાસપોર્ટ બનાવ્યા હોવાનું બહાર આવ્યું છે. વલસાડ પોલીસના જાપ્તામાં ઊભેલો આ વ્યક્તિનું નામ છે મોહમ્મદ સોહેલ શેખ. જેને એક એવો ગંભીર ગુનો કર્યો છે કે જેને જાણીને આપ પણ ચોકી જશો. વલસાડ એસ.ઓ.જી પોલીસને મળેલી બાતમીના મોહમંદ સોહેલની અટકાયત કરી છે. મોહમદ સોહિલના પિતાનું અસલી નામ સરફુદીન શેખ છે.




## રાજ્યમાં તમામ જાહેર પરિવહનનાં વાહનો પર લગાવાશે ઊઇ કોડ

। અમદાવાદ, તા.૨૨ ।

થોડા સમય પહેલા અમદાવાદનાં એક દંપતી પાસેથી ૨ ટ્રાફિક પોલીસ તેમજ એક ટીઆરબી જવાન કરેલ તોડકાંડ મામલે પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જે બાદ રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં રાજ્ય સરકારે કોર્ટમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં તમામ જાહેર પરિવહનનાં વાહનો પર ઊઈ કોડ લગાવાશે. જેથી પોલીસ દ્વારા થતી હેરાનગતિ કે પરેશાનીનાં સંજોગોમાં ઊઈ કોડ સ્કેન કરી સીધી ફરિયાદ નોંધાવી શકાશે. સરકારે કહ્યું છે કે, ફરજ પરના પોલીસકર્મીઓ યુનિફોર્મ અને નેમ પ્લેટ વગર ફરી શકશે નહીં, રાત્રે મહિલાઓની સુરક્ષા માટે મહિલા પોલીસકર્મીઓ તૈનાત કરાશે. અમદાવાદ પોલીસ કમિશનરે તમામ પોલીસ સ્ટેશન અને કમિશનરની હકુમતમાં આવતા વિસ્તારો માટે માર્ગદર્શિકા જાહેર કરી હોવાની સરકારે હાઈકોર્ટમાં રજૂઆત કરી છે. જેના પર હાઈકોર્ટે અમદાવાદમાં જ નહીં પરંતુ રાજ્યભરમાં આ માર્ગદર્શિકા જાહેર કરવાની ટકોર કરી છે.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨